




દેશ-પરદેશની

# આજકાલ

જામનગર, રાજકોટ, ભાવનગર, પોરબંદર, અને
અમદાવાદથી એક સાથે પ્રગટ થતું એક માત્ર દૈનિક

શહેર આવૃતિ
પાના-૧૦
શુક્રવાર - જામનગર
Dt. 17.01.2025








અંક : ૧૨૬ ▸ વર્ષ-૨૬ પોષ વદ-૪ : ૨૦૮૧ ▸ કિંમત રૂા. ૪.૦૦ ▸ ફોન : ૦૨૮૮-૨૬૬૫૬૦૨/૩ ▸ ફેક્સ : ૦૨૮૧-૨૪૮૧૫૫૯ ▸ RNI No. GUJ/GUJ/1999/04612 GJN-159/2019-20 www.aajkaaldaily.com aajkaaldg@gmail.com


# ટેક્સ સ્લેબમાં ધરખમ ફેરફાર થવાની શક્યતા

## સોના પર આયાત ડ્યૂટી વધી શકે છેઃ નોકરિયાત અને પેન્શનરોના ટેક્સ કપાતમાં પણ વધારો થવાનો નિષ્ણાંતોનો દાવો

આજકાલ પ્રતિનિધિ
નવી દિલ્હી

સરકાર ફરી એકવાર સ્ટાન્ડર્ડ ડિડક્શનની મર્યાદામાં ફેરફાર કરી શકે છે. છેલ્લી વખત નવી કર વ્યવસ્થા હેઠળ તેમાં વધારો કરવામાં આવ્યો હતો. આ વખતે, જૂના કર શાસન હેઠળ પ્રમાણભૂત કપાતની મર્યાદા વધારી શકાય છે.

ગત બજેટમાં કેન્દ્ર સરકાર દ્વારા કેટલીક મોટી જાહેરાતો કરવામાં આવી હતી, જેમાંથી એકમાં સ્ટાન્ડર્ડ ડિડક્શનની મર્યાદામાં વધારો કરવાનો પણ સમાવેશ થાય છે. નવી કર વ્યવસ્થા હેઠળ, સ્ટાન્ડર્ડ ડિડક્શન ૫૦,૦૦૦ રૂપિયાથી વધારીને ૭૫,૦૦૦ રૂપિયા કરવામાં આવ્યું હતું. આ વખતે ફુગાવો આરબીઆઈ દ્વારા નિર્ધારિત મર્યાદાથી વધી ગયો છે. જ્યારે અર્થતંત્રનો વિકાસ પણ ઘટવાની ધારણા છે. આવી સ્થિતિમાં કેન્દ્ર સરકાર બજેટમાં સામાન્ય લોકોને કર રાહત આપી શકે છે.




સરકાર ફરી એકવાર સ્ટાન્ડર્ડ ડિડક્શનની મર્યાદામાં ફેરફાર કરી શકે છે. છેલ્લી વખત નવી કર વ્યવસ્થા હેઠળ તેમાં વધારો કરવામાં આવ્યો હતો. આ વખતે, જૂના કર શાસન હેઠળ પ્રમાણભૂત કપાતની મર્યાદા વધારી શકે છે. હાલમાં પગારદાર કર્મચારીઓ અને પેન્શનરોને જૂની કર વ્યવસ્થા હેઠળ ૫૦,૦૦૦ રૂપિયા અને નવી વ્યવસ્થા હેઠળ ૭૫,૦૦૦ રૂપિયાની પ્રમાણભૂત કપાત મળે છે. નિષ્ણાંતો કહે છે કે, તેને વધારીને ૧ લાખ રૂપિયા કરી શકે છે.

સરકાર નવા કરવેરા શાસન હેઠળ આવકવેરા સ્લેબમાં વધુ ફેરફારો કરવાનું વિચારી શકે છે. જેથી વધુ કરદાતાઓ તેને અપનાવવા માટે પ્રોત્સાહિત થાય. ખાસ કરીને, એવી અટકળો છે કે, ૨૦ લાખ રૂપિયાથી વધુ આવક ધરાવતા લોકો પર ૩૦ ટકા વેરો લાદી શકે છે.

એવી પણ ચર્ચા છે કે આ વખતે કલમ ૮૦ હેઠળ કપાતની મર્યાદા પણ વધારી શકાય છે. હાલમાં, કલમ ૮૦ હેઠળ કપાતની મહત્તમ મર્યાદા ૧.૫ લાખ રૂપિયા છે. જોકે, ફુગાવા અને કરદાતાઓ પર વધતા નાણાકીય દબાણને કારણે, નિષ્ણાંતો સરકાર પાસે આ મર્યાદા વધુ વધારવાની માંગ કરી રહ્યા છે. આને વાર્ષિક ઓછામાં ઓછા ૨ લાખ રૂપિયા સુધી વધારી શકે છે.

ભારતની વેપાર ખાધ અંગે ચિંતાઓને કારણે, સરકાર બજેટ ૨૦૨૫માં સોના પર આયાત ડ્યૂટી વધારી શકે છે. હાલમાં, ભારત સોના પર ૬ ટકા આયાત કર વસૂલ કરે છે, જે અગાઉના ૧૫ ટકાથી ઓછો છે.

આ ડ્યુટી વધારાથી સોનાની વધુ પડતી આયાત પર અંકુશ આવી શકે છે અને દેશના વેપાર અસંતુલનને ઘટાડી શકાય છે, પરંતુ તેનાથી સ્થાનિક સોનાના ભાવમાં પણ વધારો થઈ શકે છે, જે આંતરરાષ્ટ્રીય બજારના વલણોથી અલગ હોય શકે છે.

### આ હોઈ શકે નવા ટેક્સ સ્લેબ

| | |
|---|---|
| ૦-૩ લાખ રૂપિયા | : શૂન્ય |
| ૩-૭ લાખ રૂપિયા | : ૫ ટકા |
| ૭-૧૦ લાખ રૂપિયા | : ૧૦ ટકા |
| ૧૦-૧૨ લાખ રૂપિયા | : ૧૫ ટકા |
| ૧૨-૧૫ લાખ રૂપિયા | : ૨૦ ટકા |
| ૧૫ લાખ રૂપિયાથી વધુ | : ૩૦ ટકા |

# ફિલ્મસ્ટાર સૈફઅલી ખાન પર હુમલો કરનાર ઝડપાયો

## દયા નાયક દ્વારા આરોપીની ચાલતી પુછપરછઃ સૈફઅલી ખાન હવે ખતરાથી બહાર

આજકાલ પ્રતિનિધિ
મુંબઈ

સૈફ અલી ખાન પર ૧૬ જાન્યુઆરીની રાત્રે હુમલો થયો હતો. સૈફ-કરીનાના ઘરમાં એક અજાણ્યો વ્યક્તિ ચોરીના ઈરાદે ઘૂસ્યો હતો. સૈફ અલી ખાન પર હુમલા મામલે એક શંકાસ્પદ પકડાયો, જેને મુંબઈ પોલીસ પૂછપરછ માટે લઈ ગઈ છે. મુંબઈ ડીસીપીનું કહેવું છે કે વ્યક્તિને હમણાં જ પોલીસ સ્ટેશન લાવવામાં આવ્યો છે. તેના પર ઘરફોડ ચોરીનો આરોપ છે. તેની સામે હાઉસ બ્રેકીંગના કેસ નોંધાયેલા છે અને પોલીસ તેની પૂછપરછ કરી રહી છે.




અભિનેતાને હુમલાખોરે છરી વડે અભિનેતા પર છ વાર કર્યા હતા. તેને ઈજાગ્રસ્ત હાલતમાં હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો. જ્યાં અભિનેતાની સર્જરી કરવામાં આવી હતી. હવે તે ખતરાની બહાર છે. આરોપીઓને પકડવા માટે પોલીસની ૨૦ ટીમો બનાવવામાં આવી હતી. દરેક ટીમને અલગ-અલગ કાર્ય સોંપવામાં આવ્યું હતું.

સૈફ અલી ખાન તે બિલ્ડિંગના ૧૨મા માળે રહે છે. સીસીટીવી ફૂટેજ અને અન્ય પુરાવાના આધારે પોલીસે હુમલાખોરની શોધ શરૂ કરી હતી. તપાસ અધિકારીઓનું માનવું છે કે હુમલાખોરે સૈફના ઘરેથી ભાગતા પહેલા તેના કપડા બદલ્યા હતા. પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર, સૈફના ઘરે ૫૬ વર્ષની સ્ટાફ નર્સ પણ હાજર હતી. તેનું નામ એલિયામા ફિલિપ છે. તે ફરિયાદી પણ છે. આ ઘટનામાં તેને પણ બ્લેડથી ઈજા થઈ હતી. પોલીસે નર્સ ફિલિપ, ઘરમાં કામ કરતા સ્ટાફ, બિલ્ડિંગના ગાર્ડ અને અન્ય લોકોના નિવેદન નોંધ્યા છે.

# શેરબજારમાં રીંછઃ સેન્સેક્સમાં ૭૦૦ પોઈન્ટનો કડાકો

## મોટાપાયે વેચવાલી નિકળતા આજે સપ્તાહના અંતે માર્કેટમાં છવાઈ મંદી

આજકાલ પ્રતિનિધિ
મુંબઈ

શેરબજાર માટે આજનો શુક્રવાર બ્લેક ફ્રાઈડે બન્યો છે. મોટાપાયે વેચવાલીના પગલે સેન્સેક્સ ૭૦૦થી વધુ પોઈન્ટનો કડાકો નોંધાયો છે. ૧૦.૫૫ વાગ્યે ૭૦૭ પોઈન્ટના કડાકે ૭૬૩૩૫.૧૮ પર ટ્રેડ થઈ રહ્યો હતો. નિફ્ટી ૧૮૯.૬૦ પોઈન્ટ તૂટી ૨૩૧૨૨.૨૦ પર ટ્રેડ થઈ રહ્યો હતો. બીએસઈ ખાતે મોર્નિંગ સેશનમાં કુલ ટ્રેડેડ ૩૭૪૫ પૈકી ૧૬૬૮ શેર સુધારા તરફી અને ૧૮૮૯ શેર ઘટાડા તરફી ટ્રેડ થઈ રહ્યા છે. ૭૩ શેર વર્ષની ટોચે, જ્યારે ૩૯ શેર વર્ષના તળિયે પહોંચ્યા છે. ૧૭૬ શેરમાં અપર સર્કિટ અને ૧૭૯ શેરમાં લોઅર સર્કિટ વાગી છે.



વૈશ્વિક શેરબજારોના સથવારે આઈટી અને ટેક્નોલોજી શેર્સમાં આ સપ્તાહે આવેલી તેજી બાદ આજે પ્રોફિટ બુકિંગ જોવા મળ્યું છે. પરિણામે આઈટી ઈન્ડેક્સ ૨.૩૬ ટકા અને ટેક્નોલોજી ઈન્ડેક્સ ૧.૯૮ ટકાના કડાકે કારોબાર થઈ રહ્યો હતો. ઈન્ફોસિસ ૫.૭૦ ટકા, પોલિસી બાઝાર ૪.૯૨ ટકા, એલએન્ડટી માઈન્ડટ્રી ૨.૦૮ ટકા અને ટીસીએસ ૧.૭૩ ટકા ઘટાડે ટ્રેડ થઈ રહ્યો છે.

રિયાલ્ટી શેર્સમાં છેલ્લા કેટલાક દિવસથી કરેક્શન નોંધાયા બાદ આજે ઉછાળો જોવા મળ્યો છે. રિયાલ્ટી ઈન્ડેક્સ ૧ ટકા સુધર્યો છે. પાવર અને એનર્જી શેર્સમાં પણ ખરીદી વધતાં ઘણા શેર્સ સુધર્યા છે. બજેટમાં વિવિધ અપેક્ષાઓ અને પોઝિટિવ ત્રિમાસિક પરિણામોની સંભાવનાના પગલે મેટલ અને ઓઈલ એન્ડ ગેસ શેર્સમાં પણ સુધર્યા છે. હિન્દાલ્કો ૨ ટકા, કોલ ઈન્ડિયા ૧.૨૭ ટકા ઉછાળા સાથે ટ્રેડ થઈ રહ્યા છે.

અમેરિકામાં ફુગાવો અપેક્ષા કરતાં ઘટ્યો છે. વૈશ્વિક બજારો પણ સપ્તાહ દરમિયાન તેજી તરફી રહ્યા બાદ પ્રોફિટ બુકિંગ નોંધાવી રહ્યા હતાં. જેની અસર ભારતીય શેરબજારમાં પણ જોવા મળી હતી. એફઆઈઆઈ સતત વેચવાલ રહ્યા છે. ડોનાલ્ડ ટ્રમ્પની શપથ વિધિ બાદ લેવામાં આવનારા નવા નિર્ણયો પર રોકાણકારો જ નહીં પરંતુ સમગ્ર વિશ્વની નજર છે.







# સ્પેસએક્સના સ્ટારશિપમાં લોન્ચિંગની સાત મિનિટમાં જ અવકાશમાં વિસ્ફોટ

## ફ્લાઈટ્સને ડાયવર્ટ કરવાની ફરજ પડી: અત્યાર સુધીના સૌથી મોટા અને સૌથી શક્તિશાળી લોન્ચ વ્હીકલને સાતમા પરીક્ષણ માટે લોન્ચ કરવામાં આવ્યું હતું

**આજકાલ પ્રતિનિધિ**
**નવી દિલ્હી**

ટેક્સાસથી લોન્ચ થયાના થોડીવાર પછી સ્પેસએક્સ સ્ટારશિપ રોકેટ અવકાશમાં તૂટી ગયું, જેના કારણે કાટમાળ પડવાથી બચવા માટે મેક્સિકોના અખાત પર એરલાઈન ફ્લાઈટ્સને માર્ગ બદલવાની ફરજ પડી હતી.

જેફ બેઝોસના બ્લુ ઓરિજિને તેનું પહેલું ઓર્બિટર મિશન પૂર્ણ કર્યું, અને તેના થોડા કલાકો પછી સ્પેસએક્સે પણ ગઈકાલે તેનું મિશન લોન્ચ કર્યું. સ્ટારશીપે એટલાન્ટિક ઉપર તેના આગામી પેઢીના મેગારોકેટનું અપર સ્ટેજ બ્લોઈંગ ટેસ્ટ કર્યું. જોકે, તેમની ટીમનો અપર સ્ટેજના યાન સાથેનો સંપર્ક તૂટી ગયો. અત્યાર સુધીના સૌથી મોટા અને સૌથી શકિતશાળી લોન્ચ વ્હીકલ ટેક્સાસના બોકા ચિકામાં કંપનીના સ્ટારબેઝથી સાંજે ૪:૩૭ વાગ્યે તેના સાતમા પરીક્ષણ માટે લોન્ચ કરવામાં આવ્યું. ઉડાન ભર્યાના લગભગ સાત મિનિટ પછી, સુપર હેવી બૂસ્ટર સુપરસોનિક ગતિએ ધીમું પડી ગયું અને આકાશમાં વિસ્ફોટ થયો.

એક્સ પર ઘણા વપરાશકર્તાઓએ એવા ફૂટેજ શેર કર્યા છે જેમાં કથિત રીતે અવકાશયાન વાતાવરણમાં પુનઃપ્રવેશ દરમિયાન તૂટી પડતું દેખાય છે. નિષ્ફળતામાં ડૂબવાને બદલે, મસ્કે એક વીડિયો પણ શેર કર્યો અને ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કર્યું, સફળતા અનિશ્ચિત છે, પરંતુ મનોરંજનની ખાતરી છે.

જેફ બેઝોસના બ્લુ ઓરિજિનનું વિશાળ ન્યૂ ગ્લેન રોકેટ પહેલી વાર રાતોરાત ભ્રમણકક્ષામાં પહોંચ્યું, જે કોમર્શીયલ સ્પેસ રેસમાં સંભવિત મોડ દર્શાવે છે. અત્યાર સુધી, મસ્કના સ્પેસએક્સે તેના ફાલ્કન ૯ રોકેટ સાથે લાંબા સમયથી ભ્રમણકક્ષાના પ્રક્ષેપણ પર પ્રભુત્વ મેળવ્યું છે, ખાનગી કંપનીઓ, પેન્ટાગોન અને નાસા પાસેથી કરાર જીત્યા છે. તેનાથી વિપરીત, બ્લુ ઓરિજિન તેના નાના ન્યૂ શેપર્ડ રોકેટ સાથે શોર્ટ હોપ સબ-ઓર્બિટલ ફ્લાઈટ્સ સુધી મર્યાદિત હતું.

ન્યૂ ગ્લેન સાથે, બ્લુ ઓરિજિન હવે સ્પેસએક્સ પાસેથી બજાર હિસ્સો મેળવવા માટે તૈયાર લાગે છે. જોકે, બંને ટેક દિગ્ગજોનો ભૂતકાળ વિવાદાસ્પદ રહ્યો છે. મસ્કે બેઝોસને તેમના પ્રથમ પ્રયાસમાં ભ્રમણકક્ષામાં પહોંચવા બદલ અભિનંદન આપ્યા અને બેઝોસે થોડા કલાકો પછી આ ઉપકારનો બદલો આપ્યો. એમેઝોનના સ્થાપકે સ્પેસએક્સના લોન્ચ પહેલા એક્સ પર લખ્યું, મસ્ક અને સમગ્ર સ્પેસએક્સની ટીમને શુભકામનાઓ.

સ્પેસએક્સની પ્રથમ ત્રણ પરીક્ષણ ફ્લાઈટ્સ નાટકીય વિસ્ફોટો અને તેના લોન્ચ વાહનોના વિનાશમાં સમાપ્ત થઈ. જોકે, સ્પેસએક્સે તેની ડિઝાઈનમાં ઝડપથી આગળ વધ્યું છે, મસ્કે હવે સતત પરીક્ષણનું લક્ષ્ય રાખ્યું છે. તેમણે ૨૦૨૫ માં ૨૫ પરીક્ષણો કરવા માટે ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશન પાસેથી પરવાનગી માંગી છે, જ્યારે ૨૦૨૪ માં ફક્ત ચાર પરીક્ષણો જ હાથ ધરવામાં આવ્યા હતા. સ્પેસએક્સ દ્વારા પર્યાવરણીય રીતે સંવેદનશીલ વિસ્તારોને નુકસાન પહોંચાડવાના અને ગંદા પાણીના નિયમોનું ઉલ્લંઘન કરવાના આરોપો વચ્ચે ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશન સંભવિત પર્યાવરણીય અને નિયમનકારી ચિંતાઓ પર જાહેર બેઠકોનું આયોજન કરી રહ્યું છે, પરંતુ મસ્ક હવે ટ્રમ્પની ટીમમાં છે. આવી સ્થિતિમાં, મસ્ક ના પાડે તેવી શક્યતા ઓછી છે.

# કોચિંગ નગરી કોટામાં વધુ એક વિદ્યાર્થીનો આપઘાત

## ઓરિસ્સાથી આવેલો છાત્ર નીટની તૈયારી કરતો હતો, રૂમમાં જ ફાંસો ખાઈ લીધો

**આજકાલ પ્રતિનિધિ**
**કોટા**

કોચિંગ નગરી ગણાતા કોટામાં વધુ એક વિદ્યાર્થીએ મોત માગી લીધાની ઘટના સામે આવી છે.ઓરિસ્સાથી આવેલો છાત્ર નીટની તૈયારી કરતો હતો અને કોઈ કારણસર રૂમમાં જ ફાંસો ખાઈ જીવન ટુકાવી લીધું હતું. જ્યારે તેના પરિવારજનો તેનો ફોન પર સંપર્ક કરવા કોશિશ કરી રહ્યા હતા અને ફોન રીસીવ ન થતા ચિંતા થઈ હતી અને પ્રશાસનને માહિતગાર કરવા આવતા આ બનાવ સામે આવ્યો હતો. પોલીસે વિદ્યાર્થીના મૃતદેહને પીએમ માટે મોકલી આપ્યો છે.

જાન્યુઆરી ૨૦૨૫ના પ્રારંભથી અત્યાર સુધીમાં ત્રણ વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી હોવાનું સામે આવ્યું છે. છેલ્લા કેટલાક વર્ષોમાં, કોટાથી વિદ્યાર્થીઓના આત્મહત્યાના ઘણા સમાચાર આવ્યા છે, હવે આ વર્ષે આ ટ્રેન્ડ ફરી શરૂ થયો છે. કોટા વહીવટીતંત્ર વિદ્યાર્થીઓના માનસિક તણાવને દૂર કરવા માટે ઘણા જરૂરી પગલાં લઈ રહ્યું છે પરંતુ તેમના બધા પ્રયાસો નિષ્ફળ જાય છે. મળતી માહિતી મુજબ, વિદ્યાર્થીએ પોતાના રૂમમાં ફાંસી લગાવીને આત્મહત્યા કરી..આ વિદ્યાર્થી માત્ર ૧૮ વર્ષનો હતો અને કોટાના વિજ્ઞાન નગર વિસ્તારમાં રહેતો હતો અને નીટની તૈયારી કરી રહ્યો હતો. ૧૮ વર્ષનો વિદ્યાર્થી ઓરિસ્સાનો રહેવાસી હતો. માહિતી મળ્યા બાદ, વિજ્ઞાન નગર પોલીસ સ્ટેશન ઘટનાસ્થળે પહોંચી ગયું અને મૃતદેહને નીચે ઉતારીને હોસ્પિટલના શબઘરમાં રાખ્યો છે. પોલીસે માહિતી આપી હતી કે હાલમાં, વિજ્ઞાન નગર પોલીસ સ્ટેશન સમગ્ર મામલાની તપાસ કરી રહ્યું છે.

અગાઉ હરિયાણાના રહેવાસી નીરજે આ રીતે મોત માગી લીધું હતું જે આઈઆઈટી જેઈઈની તૈયારી કરી રહ્યો હતો અને તે ફક્ત ૧૯ વર્ષનો હતો આ પછી, મધ્યપ્રદેશના ગુનાના રહેવાસી અભિષેકે પણ આત્મહત્યા કરી.મળતી માહિતી મુજબ, જ્યારે અભિષેકે તેના પરિવારના સભ્યોનો ફોન ઉપાડ્યો નહીં, ત્યારે પરિવારના સભ્યોએ હોસ્ટેલ વોર્ડનને ફોન કર્યો. આ પછી, જ્યારે વોર્ડન રૂમમાં પહોંચ્યો, ત્યારે વિદ્યાર્થીએ દરવાજો ખોલ્યો નહીં. અને તે મૃત મળ્યો હતો. જ્યારે હવે આ ત્રીજો બનાવ સામે આવ્યો છે.

# મોરોક્કો નજીક બોટ પલટી, સ્પેનમાં ઘુસતા ૪૦થી વધુ પાકિસ્તાનીના મોત

## મોરિટાનિયાથી નીકળેલી બોટમાંથી ૩૬ને બચાવી લેવાયા, બચાવ કાર્ય જારી

**આજકાલ પ્રતિનિધિ - મોરોક્કો**



મોરોક્કો નજીક સ્પેન પહોંચવાનો પ્રયાસ કરી રહેલા ૮૦ સ્થળાંતરીઓને લઈ જતી બોટ પલટી ગઈ હતી જેમાં ૪૦થી વધુ પાકિસ્તાનીઓના ડૂબી જવાથી મોત નીપજ્યા છે.અધિકારીઓએ જણાવ્યું હતું કે ૫૦ થી વધુ લોકો ડૂબી ગયા હોવાની આશંકા છે.હજુ બચાવ કાર્ય જારી છે. મોરિટાનિયાથી નીકળેલી બોટમાંથી ૩૬ લોકોને બચાવી લેવામાં આવ્યા છે.આ ઈમિગ્રન્ટ્સમાં ૬૬ પાકિસ્તાનીઓનો પણ સમાવેશ થતો હતો.

વોકિંગ બોર્ડર્સના સીઈઓ હેલેના માલેનોએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર જણાવ્યું હતું કે ડૂબી ગયેલા ૪૪ લોકો પાકિસ્તાનના હતા.

પાકિસ્તાનના વિદેશ કાર્યાલયે આ ઘટના પર એક નિવેદન જારી કરીને કહ્યું કે મોરોક્કોમાં તેમનું દૂતાવાસ બચાવ કામગીરીમાં મદદ કરવા માટે સ્થાનિક અધિકારીઓ સાથે સતત સંપર્કમાં છે. વધુમાં, મોરોક્કોમાં પાકિસ્તાની દૂતાવાસની એક ટીમ પાકિસ્તાની નાગરિકોને મદદ કરવા અને જરૂરી સહાય પૂરી પાડવા માટે દાખલા મોકલવામાં આવી છે.

પાકિસ્તાનના વિદેશ કાર્યાલયે જણાવ્યું હતું કે, રબાત (મોરોક્કો) ખાતેના અમારા દૂતાવાસે અમને જાણ કરી છે કે મોરિટાનિયાથી પાકિસ્તાની નાગરિકો સહિત ૮૦ મુસાફરોને લઈ જતી એક બોટ દાખલા બંદર નજીક પલટી ગઈ છે. અકસ્માતમાં બચી ગયેલા ઘણા પાકિસ્તાની નાગરિકો અને અન્ય લોકોને દાખલા નજીકના એક કેમ્પમાં રાખવામાં આવ્યા છે. અમે ટૂંક સમયમાં મદદ પૂરી પાડી રહ્યા છીએ. પીએમ શરીફે ટ્વિટર પર લખ્યું: મોરોક્કોના દરિયાકાંઠે એક બોટ પલટી જવાના અત્યંત ચિંતાજનક સમાચાર આવ્યા છે. બોટમાં ઘણા પાકિસ્તાનીઓ સહિત ૮૦ થી વધુ મુસાફરો સવાર હતા. આ મારા અને સમગ્ર રાષ્ટ્ર માટે આઘાતજનક છે. તેમણે કહ્યું, મેં વિદેશ મંત્રાલયને મોરોક્કોના સ્થાનિક અધિકારીઓ સાથે વાત કરીને ગુમ થયેલા લોકોને શોધવા, બચી ગયેલા લોકોને બચાવવા અને આ દુર્ઘટનામાં જીવ ગુમાવનારાઓના મૃતદેહો પાછા લાવવા સૂચના આપી છે. ઉપરાંત, પાકિસ્તાનમાં માનવ તસ્કરો અને એજન્ટો સામે કડક કાર્યવાહી કરવાના નિર્દેશો આપવામાં આવ્યા છે જે નિર્દોષ નાગરિકોને આ ખતરનાક જાળમાં ફસાવે છે.

# જસ્ટિસ શેખર યાદવ પોતાના નિવેદન પર અડગ, સીજેઆઈને જવાબ મોકલ્યો

## ન્યાયાધીશ યાદવ ૮ ડિસેમ્બરે વિહિપ લીગલ સેલના કાર્યક્રમમાં બોલ્યા હતા કે, કટ્ટરપંથીઓ દેશ માટે ખતરનાક

**આજકાલ પ્રતિનિધિ**
**નવી દિલ્હી**



સુપ્રીમ કોર્ટ કોલેજિયમે મુસ્લિમોને નિશાન બનાવતા તેમના નિવેદન બદલ ન્યાયાધીશ શેખર કુમાર યાદવને સમન્સ પાઠવ્યું હતું. તે નોટિસના લગભગ એક મહિના પછી, અલ્હાબાદ હાઈકોર્ટના ન્યાયાધીશ શેખર કુમાર યાદવે મુખ્ય ન્યાયાધીશ સંજીવન ખન્નાને પત્ર લખ્યો છે. જેમાં કહ્યું હતું કે, તેઓ તેમના નિવેદન પર અડગ છે. તેમણે એ પણ સ્પષ્ટ કર્યું કે, તેમના નિવેદનથી કોઈપણ ન્યાયિક આચારસંહિતાનું ઉલ્લંઘન થયું નથી.

અલ્હાબાદ હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ અરૂણ ભંસાલીએ ૧૭ ડિસેમ્બરે સીજેઆઈ સંજીવ ખન્નાના નેતૃત્વમાં કોલેજિયમની સાથે જસ્ટીસ યાદવની બેઠક કરી હતી. બાદમાં તેમને આ મુદ્દા પર સ્પષ્ટીકરણ માંગ્યું હતું. સૂત્રો અનુસાર જસ્ટીસ યાદવના જવાબમાં એક કાનૂની વિદ્યાર્થી અને એક આઈપીએસ અધિકારી દ્વારા તેમની ટીપ્પણીના વિરોધમાં ફરિયાદ કર્યાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આઈપીએસ અધિકારીને સરકારે અનિવાર્યરૂપથી રિટાયર્ડ કરી દીધા હતા.

ન્યાયાધીશ યાદવે પોતાના પ્રતિભાવમાં કહ્યું કે તેમના ભાષણને કેટલાક સ્વાર્થી લોકો દ્વારા ખોટી રીતે રજૂ કરવામાં આવી રહ્યું છે અને એવો પણ દાવો કર્યો હતો કે ન્યાયતંત્રના જે સભ્યો જાહેરમાં બોલી શકતા નથી તેઓ ન્યાયિક સમુદાયના વરિષ્ઠ અધિકારીઓ દ્વારા સુરક્ષિત છે. આ વાત જાણતા હોવા જોઈએ. તેમણે પોતાના નિવેદન પર દિલગીરી વ્યક્ત કરી ન હતી અને કહ્યું હતું કે, તેમનું ભાષણ બંધારણમાં દર્શાવેલ મૂલ્યો અનુસાર સામાજિક મુદ્દાઓ પર વિચારો વ્યક્ત કરવા માટે હતું અને કોઈપણ સમુદાય પ્રત્યે નફરત ફેલાવવા માટે નહોતું.

૮ ડિસેમ્બરે અલ્હાબાદ હાઈકોર્ટ બાર એસોસિએશન લાઈબ્રેરીમાં આયોજિત વિશ્વ હિન્દુ પરિષદ લીગલ સેલના કાર્યક્રમમાં બોલતા, જસ્ટિસ યાદવે યુનિફોર્મ સિવિલ કોડને હિન્દુ વિરુદ્ધ મુસ્લિમ ચર્ચા તરીકે રજૂ કર્યો હતો. જેમાં તેમણે કહ્યું હતું કે, હિન્દુઓએ સુધારા કર્યા છે જ્યારે મુસ્લિમોએ કર્યા નથી.

તેમણે કહ્યું હતું કે, એ કહેવામાં કોઈ ખચકાટ નથી કે આ હિન્દુસ્તાન છે. ભારતમાં રહેતા બહુમતિની ઈચ્છા મુજબ દેશ ચલાવવામાં આવશે. તમે એવું પણ ન કહી શકો કે, હાઈકોર્ટના ન્યાયાધીશ હોવાને કારણે તમે આ કહી રહ્યા છો. ભાઈ, કાયદો બહુમતી દ્વારા જ લાગુ કરવામાં આવે છે. પરિવાર જુઓ અને સમાજ પણ જુઓ. જ્યાં વધુ લોકો હોય છે, ત્યાં જે કંઈ કહેવામાં આવે છે તે માનવામાં આવે છે. તેમણે એમ પણ કહ્યું કે, કટ્ટરપંથીઓ દેશ માટે ખતરનાક છે.

જસ્ટિસ યાદવને લખેલા પત્રમાં ગાય સંરક્ષણ સંબંધિત તેમના એક આદેશનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો અને કેટલાક કાર્યકર્તાઓ દ્વારા ઉઠાવવામાં આવેલા પ્રશ્નો પણ ઉઠાવવામાં આવ્યા હતા. આ અંગે તેમણે કહ્યું કે, ગાયનું રક્ષણ સમાજની સંસ્કૃતિને પ્રતિબિંબિત કરે છે અને તેને કાયદા હેઠળ યોગ્ય રીતે માન્યતા આપવામાં આવી છે. તેમણે એમ પણ કહ્યું કે, ગાયના રક્ષણની તરફેણમાં રહેલી કાયદેસર અને વાજબી ભાવનાને ન્યાય, નિષ્પક્ષતા, પ્રમાણિકતા અને નિષ્પક્ષતાના સિદ્ધાંતોના ઉલ્લંઘન તરીકે અર્થઘટન કરી શકાય નહીં.

# નવા મકાનોનું વેચાણ ૨૬ ટકા ઘટી ગયું નવા પ્રોજેક્ટ્સના લોન્ચિંગમાં પણ ઘટાડો

## દેશના ૮ મુખ્ય શહેરોમાં મકાનોના વેચાણમાં ગયા વર્ષના સમાન ત્રિમાસિક ગાળાની તુલનામાં ૨૦૨૪ ના ઓક્ટોબર-ડિસેમ્બર સમયગાળામાં ૨૬ ટકાનો ઘટાડો થયો

**આજકાલ પ્રતિનિધિ**
**નવી દિલ્હી**

રિયલ એસ્ટેટ સેક્ટરમાં વર્ષ ૨૦૨૪ના છેલ્લા ત્રિમાસિક ગાળા દરમિયાન, દેશના ૮ મુખ્ય શહેરોમાં મકાનોના વેચાણમાં ૨૬ ટકાનો ઘટાડો થયો છે. એટલું જ નહીં, આ સમયગાળા દરમિયાન, નવા પ્રોજેક્ટ્સના લોન્ચમાં પણ ૩૩ ટકાનો ઘટાડો જોવા મળ્યો છે. અહેવાલ મુજબ, ભારતમાં ૮ મુખ્ય રહેણાંક બજારોમાં મકાનોના વેચાણમાં ગયા વર્ષના સમાન ત્રિમાસિક ગાળાની તુલનામાં ૨૦૨૪ ના ઓક્ટોબર-ડિસેમ્બર સમયગાળામાં ૨૬ ટકાનો ઘટાડો થયો છે.

ડિજિટલ રિયલ એસ્ટેટ ટ્રાન્ઝેક્શન અને સલાહકાર પ્લેટફોર્મ પ્રોપ ટાઈગરના નવીનતમ અહેવાલમાંથી આ માહિતી પ્રકાશમાં આવી છે. રિયલ ઈનસાઈટ રેસિડેન્શિયલ એન્યુઅલ રાઉન્ડઅપ ૨૦૨૪ બાય પ્રોપટાઈગર.કોમ શીર્ષકવાળા આ અહેવાલમાં જણાવાયું છે કે વેચાણના આંકડામાં ઘટાડો મુખ્યત્વે મહારાષ્ટ્ર અને હરિયાણામાં રાજ્ય ચૂંટણીઓને આભારી હોઈ શકે છે, જે વિશ્લેષણમાં આવરી લેવામાં આવેલા ૮ શહેરોમાંથી ૩ છે. અને તેના કારણે મિલકતના ભાવમાં વધારો થઈ રહ્યો છે.

આ રિપોર્ટમાં દર્શાવેલ ડેટા દર્શાવે છે કે રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્ર અથવા એનસીઆર સિવાય, અન્ય શહેરોમાં વાર્ષિક ધોરણે મકાનોના વેચાણમાં ઘટાડો થયો છે. આ સમયગાળા દરમિયાન, દિલ્હી એનસીઆર માં વેચાણમાં ૫૦ ટકાનો વધારો થયો છે પરંતુ અમદાવાદમાં ૩૪ ટકા, બેંગલુરુમાં ૨૩ ટકા, ચેન્નાઈમાં ૫ ટકા, હૈદરાબાદમાં ૩૬ ટકા, કોલકાતામાં ૨૨ ટકા, મુંબઈમાં ૩૧ ટકા અને પુણેમાં ૩૧ ટકા છે.

આ રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે કેટલાક રાજ્યોમાં યોજાઈ રહેલી ચૂંટણીઓની અસર નવા સપ્લાય પર પણ દેખાઈ રહી છે. રાજ્યની ચૂંટણીઓને કારણે પ્રોજેક્ટ મંજૂરીઓની ધીમી ગતિને કારણે વાર્ષિક ધોરણે ૩૩ ટકા ઘટાડો થયો. આ સમયગાળા દરમિયાન, અમદાવાદમાં નવા પ્રોજેક્ટ્સના લોન્ચમાં ૬૧ ટકા, હૈદરાબાદમાં ૬૬ ટકા, કોલકાતામાં ૪૧ ટકા, મુંબઈમાં ૩૯ ટકા અને પુણેમાં ૩૯ ટકાનો ઘટાડો થયો છે. જોકે, આ જ સમયગાળા દરમિયાન, દિલ્હી એનસીઆરમાં નવા પ્રોજેક્ટ્સના લોન્ચમાં ૧૩૩ ટકા, બેંગલુરુમાં ૨૦ ટકા અને ચેન્નાઈમાં ૩૪ ટકાનો વધારો થયો છે.

ગયા વર્ષના ચોથા ક્વાર્ટર (ઓક્ટોબર-ડિસેમ્બર) માં ભારતના ટોચના આઠ રહેણાંક બજારોમાં નવા ઘરોના લોન્ચમાં ૩૩ ટકાનો ઘટાડો થયો હતો. સૌથી મોટો ઘટાડો હૈદરાબાદમાં ૯,૦૬૬ યુનિટ લોન્ચ સાથે જોવા મળ્યો, ત્યારબાદ અમદાવાદમાં ૩,૫૧૫ યુનિટ લોન્ચ અને કોલકાતામાં ૩,૦૯૧ યુનિટ લોન્ચ સાથે ક્રમે રહ્યો. સકારાત્મક બાજુએ, દિલ્હી એનસીઆર માં ૧૦,૦૪૮ યુનિટ લોન્ચ કરવામાં આવ્યા હતા, જ્યાં ૧૩૩ ટકા નો વધારો થયો હતો. ચેન્નાઈમાં ૪,૦૦૫ યુનિટ લોન્ચ કરવામાં આવ્યા હતા,

# ચીનની વસ્તીમાં સતત ત્રીજા વર્ષે ઘટાડો, સરકાર અને અર્થતંત્ર માટે મોટો પડકાર

**આજકાલ પ્રતિનિધિ**
**બેઈજીંગ**



ગયા વર્ષે ચીનની વસ્તીમાં પણ ઘટાડો નોંધાયો હતો. ચીનની સરકારે કહ્યું કે આવું સતત ત્રીજા વર્ષે બન્યું છે. આ વિશ્વના બીજા સૌથી વધુ વસ્તી ધરાવતા દેશ સામેના વસ્તી વિષયક પડકારો તરફ ઈશારો કરે છે, દેશ વૃદ્ધ વસ્તી અને કાર્યકારી વયના લોકોની અછત સાથે સંઘર્ષ કરી રહ્યો છે.

માહિતી અનુસાર, ૨૦૨૪ ના અંત સુધીમાં ચીનની વસ્તી ૧.૪૦૮ અબજ થઈ જશે. જે ગયા વર્ષની સરખામણીમાં, ૧.૩૯ મિલિયનનો મોટો ઘટાડો છે. બેઈજિંગમાં સરકાર દ્વારા જાહેર કરાયેલા આ આંકડા વૈશ્વિક સ્તરે, ખાસ કરીને પૂર્વ એશિયામાં, જાપાન, દક્ષિણ કોરિયા, હોંગકોંગ જેવા દેશોમાં જન્મ દરમાં ઘટાડો જોવા મળ્યો છે. ત્રણ વર્ષ પહેલાં, ચીન જાપાન અને મોટાભાગના પૂર્વી યુરોપના દેશોની યાદીમાં જોડાયું હતું જેમની વસ્તી ઘટી રહી છે.

ચીનમાં વસ્તીમાં સતત ઘટાડો ઘણી બાબતોમાં અન્ય દેશો જેવો જ છે. અહીં રહેતા ખર્ચમાં વધારો થવાને કારણે, યુવાનો ઉચ્ચ શિક્ષણ અને કારકિર્દી બનાવતી વખતે લગ્ન અને બાળજન્મને મુલતવી રાખી રહ્યા છે અથવા તેનો ઈનકાર કરી રહ્યા છે. ભલે લોકો લાંબુ જીવી રહ્યા છે, પરંતુ નવા જન્મનો દર જાળવી રાખવા માટે તે પૂરતું નથી. તેથી, વસ્તીમાં સતત ઘટાડો ચીનને ચિંતામાં મૂકી રહ્યો છે.

## આવતીકાલનું રાશી ભવિષ્ય

**મેષ (અ.લ.ઈ.)**
રોજિંદી વ્યવસાયીક પ્રવૃતિ અંગે આત્મવિશ્વાસ કેળવવો. શેર સટ્ટામાં લાભની આશા ફળવાની.

**વૃષભ (બ.વ.ઉ.)**
જમીન મકાનના કામકાજમાં સફળતા મળવાની. નોકરીમાં કાર્યભાર રહે. મિત્ર વર્તુળનો સહકાર રહે.

**મિથુન (ક.છ.ઘ.)**
શેર સટ્ટામાં લાભ રહે. લાંબાગાળાનું રોકાણ થશે. નોકરીમાં કાર્યભાર. બદલીના ચાન્સ. કર્જ ન કરવું.

**કર્ક (ડ.હ.)**
વ્યવસાયમાં પરિવર્તનની ઈચ્છા ફળે. રાજકીય રીતે અનુકુળ દિવસ. યાત્રા પ્રવાસમાં અનુકુળતા રહેશે.

**સિંહ (મ.ટ.)**
વડીલો પાર્જીત મિલકતના પ્રશ્નોમાં અનુકુળતા રહેશે. માનસિક તનાવ હળવો થાય. માતાથી લાભ રહે.

**કન્યા (પ.ઠ.ણ.)**
સાહિત્ય કલા ક્ષેત્રે અનુકુળતા રહે. સંયુકત પરિવારના વ્યવસાયમાં મનગમતા ફેરફારોની શકયતા ઉભી થાય.

**તુલા (ર.ત.)**
લાગણીઓને કાબૂમાં રાખજો. વ્યવસાયમાં ઉધારીથી દૂર રહેજો. આવક વધારવાના પ્રયત્નો ફળવાના.

**વૃશ્ચિક (ન.ય.)**
સારા સમાચારની અપેક્ષા ફળવાની. રાજકીય લાભ રહે. મિલકતના પ્રશ્નોમાં કોઈની મદદ પણ મેળવશો.

**ધન (ભ.ધ.ઢ.ફ.)**
મહત્વની વ્યક્તિ સાથે મિટીંગસનું આયોજન સફળ થાય. નોકરી વ્યવસાયમાં દિવસ સફળ રહેવાનો.

**મકર (ખ.જ.)**
જીવનમાં મનગમતી વ્યક્તિનો પ્રવેશ થાય. વિદેશ જવાની તક મળે. સ્વાસ્થ્ય બાબત સુધારો જોવા મળે.

**કુંભ (ગ.સ.શ.ષ.)**
લગ્નજીવનમાં સુમેળ રાખવો. મહેનતનું ફળ મળવાનું. કર્જ કરીને કોઈ સાહસ ન કરવું. પ્રવાસ થાય.

**મીન (દ.ચ.ઝ.થ.)**
શેર સટ્ટામાં લાભ રહે. જુના મિત્રોની મુલાકાત લાભદાયક રહે. કાનૂની પ્રશ્નોથી દૂર રહેજો. વિદેશથી લાભ.

### ગોચરના ગ્રહો

| | | | |
|---|---|---|---|
| સૂર્ય-મકર | મંગળ-કર્ક | રાહુ-મીન | કેતુ-કન્યા |
| બુધ-ધન | ગુરૂ-વૃષભ | હર્ષેલ-વૃષભ | પ્લુટો-મકર |
| શુક્ર-કુંભ | શનિ-કુંભ | નેપચ્યુન-મીન | ચંદ્ર-સિંહ |

### તારીખીયું

તા.૧૮-૦૧-૨૦૨૫ વાર ★ શનિવાર
તિથિ પોષ વદ-૫, સૂર્યોદય ૭-૩૦
સૂર્યાસ્ત ૬-૨૩, જૈન નવકારશી ૮-૧૮

**બાળકોની રાશિ: સિંહ**

# ભારતમાં ૫ માંથી ૪ નોકરિયાત નોકરી બદલવા માગે છે: લિંક્ડઈન રિસર્ચ

**આજકાલ પ્રતિનિધિ - નવી દિલ્હી**

આ વર્ષે, ભારતમાં ૫માંથી ૪ લોકો એટલે કે ૮૨ ટકા લોકો નોકરી બદલવા માંગે છે. ૫૫ ટકા લોકો માને છે કે ગયા વર્ષે નોકરી શોધવી પહેલા કરતા વધુ મુશ્કેલ બની ગઈ હતી. લિંક્ડઈનના સંશોધનમાં આ વાત સામે આવી છે.

સંશોધન મુજબ, ૬૯ ટકા એચઆર પ્રોફેશનલ્સે જણાવ્યું હતું કે, નોકરી લાયક લોકોને શોધવાનું હવે પહેલા કરતાં વધુ પડકારજનક બની ગયું છે. સ્પષ્ટ છે કે ૨૦૨૫માં નોકરિયાતોને નોકરી મેળવવાની રીત બદલવી પડશે. લિંક્ડઈન ઈન્ડિયાના કારકિર્દી નિષ્ણાંત નિરજિતા બેનર્જી કહે છે કે, કૌશલ્ય વિકસાવવું મહત્વપૂર્ણ છે. જો વ્યવસ્થિત રીતે કામ કરવામાં આવે તો પડકારજનક માર્કેટમાં નવી તકો અને સારી કારકિર્દીમાં પ્રગતિ પ્રાપ્ત કરી શકાય છે.

રિપોર્ટ અનુસાર, ૨૦૨૪માં નોકરી શોધનારાઓને સુસ્ત બજારનો સામનો કરવો પડ્યો હતો. ૨૦૨૪માં દર પાંચમાંથી એક વ્યક્તિ નવી નોકરી શોધી રહ્યો હતો. તેમજ તેની શોધ હજુ ચાલુ જ છે. માર્કેટ પર નજર કરીએ તો ૩૭ ટકા નોકરિયાતો કહે છે કે તેઓ નવી નોકરી શોધવાનું આયોજન કરી રહ્યા નથી, જ્યારે ૫૮ ટકા માને છે કે ૨૦૨૫માં નોકરી બજારમાં સુધારો થશે. તે નવી નોકરી મેળવવા અંગે સકારાત્મક છે.

નોકરી શોધનારા નોકરિયાતો અને ભરતી મેનેજરો બંને માટે નોકરી શોધવાની પ્રક્રિયા વધુ પડકારજનક બની રહી છે. ૪૯ ટકા નોકરિયાતો નવી નોકરીઓ માટે ઘણી વખત અરજી કરી રહ્યા છે. પરંતુ તેમને ઓછા પ્રતિભાવો મળી રહ્યા છે. ૫૫ ટકા એચઆર પ્રોફેશનલ્સ કહે છે કે, તેમને મળતી અરજીઓમાંથી અડધાથી ઓછી તેમની લાયકાતને પૂર્ણ કરે છે.


# અમદાવાદ તથા ગાંધીનગરમાં ૩૩મો ગુજરાત રુદ્રાક્ષ મહોત્સવ

**અમદાવાદ**

અમદાવાદ અને ગાંધીનગરમાં વિશ્વપ્રસિધ્ધ સંસ્થા રૂદ્રલાઈફ, મુંબઈ દ્વારા અલભ્ય રૂદ્રાક્ષનું પ્રદર્શન કમ સેલનું આયોજન કરવામાં આવ્યું છે. રૂદ્રલાઈફ સંસ્થા દ્વારા વિશ્વભરમાં ૧૧૦૦થી પણ વધારે સફળ રૂદ્રાક્ષનું પ્રચાર અને પ્રસાર પ્રદર્શન થયેલું છે. આ પ્રદર્શનમાં ૧ થી ૧૪ મુખી રૂદ્રાક્ષની સિધ્ધમાળા, અનન્ય ઈન્દ્રમાળા જેન્યુઈન કલેકટર ૧ થી ૨૧ મુખી બીડસ તથા સ્ફટીકમાળાનું અદભૂત કલેકશન ઉપલબ્ધ રહેશે.

અત્યાર સુધીમાં સૌપ્રથમવાર રૂદ્રલાઈફ દ્વારા ગુજરાત રૂદ્રલાઈફ દ્વારા ગુજરાત રૂદ્રાક્ષ મહોત્સવ નિમિત્તે ખાસ આકર્ષક કિંમતો રજૂ કરવામાં આવી છે. આખા વર્ષમાં એક જ વર્ષમાં એક જ વાર આપણા શહેરમાં ખાસ કિંમતનો લાભ રૂદ્રલાઈફ દ્વારા અપાશે તેવી પ્રથમ પહેલ છે.



ભારતભરમાં એકમાત્ર રૂદ્રલાઈફ સંસ્થા આઈએસઓ ૯૦૦૧-૨૦૧૫ લેબ ટેસ્ટેડ, સર્ટીફીકેટ સાથે રૂદ્રાક્ષ ઉપલબ્ધ કરાવે છે. આપના હેલ્થ પર્સનાલીટી તથા ગ્રોથ માટે તજજ્ઞ તનય સીઠાની નિષ્ણાંત ટીમ દ્વારા રૂદ્રાક્ષ કોમ્બીનેશન અંગે માર્ગદર્શન મળશે. આપના જુના રૂદ્રાક્ષની ચકાસણી પણ વિનામૂલ્યે કરી આપવામાં આવે છે. નિષ્ણાંત કારીગરો આપના કોમ્બીનેશન મુજબ સ્થળ ઉપર જ માળા બનાવી આપે છે. રૂદ્રાક્ષની પૂજા અભિષેક એક્ઝીબીશન સ્થળ ઉપર જ કરવામાં આવે છે.

અમદાવાદ : તા.૧૭ જાન્યુઆરી ૨૦૨૫ માત્ર ૬ દિવસ માટે જ કાશીરામ ભવન હોલ, પાંજરાપોળ, જહાનવી રેસ્ટોરન્ટ પાછળ, પાસપોર્ટ ઓફીસ સામે, અમદાવાદમાં સવારે ૧૦ થી રાત્રે ૮, મો.૯૩૨૨૯ ૪૭૬૪૨.

ગાંધીનગર: ૧૭ જાન્યુઆરીથી ૨૨ જાન્યુઆરી ૨૦૨૫ માત્ર ૬ દિવસ ટેરાકોટા રેસ્ટોરન્ટ પ્રમુખ આર્કેડ ૨, રિલાયન્સ પાસે, ક્રોસ રોડ, કુડાસણ, ગાંધીનગર, સવારે ૧૦ થી રાત્રે ૮, મો.૯૩૨૨૭ ૯૧૨૧૮.

અત્રે ઉલ્લેખનીય છે કે રૂદ્રલાઈફ દ્વારા રૂદ્રાક્ષ થેરાપીના ઉપચારની પાંચ મેડીકલ પેટર્ન રજીસ્ટર કરાવવામાં આવેલી છે. નાસીક, ત્રંબકેશ્વર ખાતે ભારતનું સર્વપ્રથમ રૂદ્રાક્ષ મ્યુઝીયમ રૂદ્રલાઈફ દ્વારા પ્રસ્થાપીત કરવામાં આવી રહ્યું છે. રૂદ્રાક્ષની સંપૂર્ણ માહિતીના ખજાના સમાન પુસ્તક પાવર ઓફ રૂદ્રાક્ષ અંગ્રેજી અને હિન્દી ભાષામાં રૂદ્રલાઈફ દ્વારા રજૂ કરાયેલ છે.


Printer and Publisher : Chandresh Dhanraj Jethani, Owner : Dhanraj News & Media Pvt. Ltd., Printed at Aajkaal Printing Press, Near Galaxy Cinema, Jamnagar.
and Published from Aajkaal Karyalaya, 405-6-7, Jyot Tower, Near Town Hall, Jamnagar, Gujarat. *Editor Kana Bantva, Responsible for Selection and Publication of News under PRB Act.

# જામનગરમાં ઉત્તર ભારતીય પરિવારો દ્વારા પહેલીવાર કરવામાં આવી કરહા પૂજા







(તસવીર :મિતેષ દાઉદીયા)

જામનગર શહેરમાં પ્રથમ વખત કરહા પૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ધાર્મિક વિધિ ઉત્તર ભારતમાં ખૂબ જ લોકપ્રિય છે, અને પરંપરાગત રીતે મકર સંક્રાંતિના તહેવાર દરમિયાન કરવામાં આવે છે. જામનગરમાં પ્રથમ વખત કરહા પૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ભગત ગોવિંદ મહારાજ દ્વારા વિશેષ પૂજા કરવામાં આવી હતી. ઉકળતા દૂધથી સ્નાન કરી અગ્નિકુંડમાં વિશેષ પૂજા કરવામાં આવી હતી. આ ધાર્મિક કાર્યક્રમનું આયોજન યોગેશ યાદવ, એડવોકેટ સુરજ યાદવ, અને ઈન્દ્રજીત યાદવ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કરહા પૂજા મુરુભાઈ જેશાભાઈ કારાવદ્રાની વાડી, શંકર ભગવાનના મંદિરની પાસે આવેલા દિગ્જામ વુલન મીલ પાછળ યોજવામાં આવી હતી. આ પૂજા ઉત્તર ભારતમાં ખૂબ જ લોકપ્રિય છે અને જામનગરમાં પ્રથમ વખત આયોજિત કરવામાં આવી હતી. આ કાર્યક્રમનું આયોજન કરનાર યોગેશ યાદવ એડવોકેટે જણાવ્યું હતું કે, આ પૂજા દ્વારા સમાજમાં સદભાવના અને એકતા ફેલાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

## જામનગરની નવી સરકારી શાળા સામે કચરા ભરેલું આખુ મેદાન : કેમ ભણશે ગુજરાત

### તાજેતરમાં જામનગર મહાનગરપાલિકા સંચાલિત નવી શાળાનું ઉદ્ઘાટન થવાનું છે, આ શાળા સુધી પહોંચવા માટે નજીકમાં એક મેદાન છે જ્યાં કચરા અને ગંદકીના ઢગલા છે





**આજકાલ પ્રતિનિધી**
**જામનગર**

જામનગરની વધતી જતી વસ્તીને ધ્યાનમાં લેતા, જામનગરને ૨૦૨૫ માં ૪ નવી સરકારી શાળાઓ મળશે જ્યાં સરકારી શાળાઓની વધુ માંગ છે. જેમાંથી એકનું ઉદઘાટન આ મહિને થવાનું છે. પરંતુ જામનગર મહાનગરપાલિકાના વિભાગો વચ્ચે સંકલન નથી કે કેમ તેવો પ્રશ્ન ઉઠાવવા મજબૂર કરે છે આ નવી સરકારી શાળા, જે ટૂંક સમયમાં ખુલશે અને તેની પાસે પડેલા કચરાના ઢગલા.

**જેએમસી બંને માટે જવાબદાર**

જામનગરને નવી સરકારી શાળા મળી રહી છે આ વાતની ખુશી છે, પરંતુ જામનગર મહાનગરપાલિકાને આ સરકારી શાળાની નજીકમાં જ મેદાન પર પડેલા કચરાના ઢગલા દેખાતા નથી એનું પણ થોડું આશ્ચર્ય છે. તેની સફાઈની જવાબદારી પણ મહાનગરપાલિકાની જ છે જેણે આ શાળા બનાવી છે અને જે તેનું સંચાલન પણ કરશે. જે રીતે આ વિસ્તારમાં પડેલો કચરો મહાનગરપાલિકાને દેખાતો નથી તે રીતે જ નાના માસૂમ વિદ્યાર્થીઓને પણ શાળા સુધી પહોંચવા માટે આ કચરાના ઢગલામાંથી પસાર થવું પડશે તે કદાચ મહાનગરપાલિકાને દેખાતું નથી.

**તે ક્યાં છે ?**

જામનગરના ગોકુલનગર વિસ્તારમાં આવેલી એક સરકારી શાળા લગભગ તૈયાર છે અને ટૂંક સમયમાં તેનું લોકાર્પણ કરવામાં આવશે. આ શાળા મ્યુનિસિપલ પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા ચલાવવામાં આવશે. વિચારવા જેવું છે કે જ્યારે આ શાળા માટે જમીન તૈયાર કરવામાં આવી રહી હતી અને તેના પર કામ ચાલી રહ્યું હતું ત્યારે શું મનપા અને તેના અધિકારીઓએ નજીકના મેદાનમાં પડેલા કચરાના ઢગલા અને ગંદકીની નોંધ લીધી ન હતી કે પછી ચમત્કારની આશા કરી રહ્યા હતાં, જે આ બધી ગંદકી જાતે જ સાફ થઈ જશે.

આ શાળાના ઉદઘાટન માટે ઘણા અને મહેમાનો આવશે, જેથી તેમની અને મીડિયા સામે મહાનગરપાલિકાને તકલીફ ન પડે, શક્ય છે કે આ શાળાના ઉદઘાટન પહેલા જ કચરાના ઢગલા હટાવી દેવામાં આવે અને ગંદુ મેદાન પણ થોડા સમય માટે સાફ કરવામાં આવે. પરંતુ હાલમાં જે રીતે આ મેદાન પર કચરાના ઢગલા છે, ભવિષ્યમાં પણ આવા જ કચરાના ઢગલા રહેશે કે હવેથી તેની સફાઈ થશે તે તો મહાનગરપાલિકા અને તેના અધિકારીઓ જ કહી શકશે.

## ભાણવડના ગુંદા ગામ અને ગાડીમાંથી દેશી દારૂનો જંગી જથ્થો ઝબ્બે

### ટિંબડી ગામનો લવરમૂંછીયો ઝડપાયો : ૪.૭૦ લાખનો મુદ્દામાલ કબજે : ત્રણ બુટલેગર અને સપ્લાયરની શોધખોળ

**આજકાલ પ્રતિનિધી**
**ખંભાળિયા**

ભાણવડના ગુંદા ગામમાં મકાન અને કારમાંથી કુલ ૮૦૦ લીટર દેશી દારૂનો જથ્થો મળી આવતા એક શખ્સને દબોચી લીધો હતો જ્યારે બુટલેગરો અને સપ્લાયરની સંડોવણી સામે આવી હતી, પોલીસે કુલ ૪.૭૦ લાખનો મુદામાલ કબ્જે કર્યો છે.

ભાણવડ તાલુકાના ટિંબડી ગામે ઈન્ચાર્જ પી.આઈ. કે.કે. મારૂના માર્ગદર્શન હેઠળ સ્થાનિક પોલીસ સ્ટાફ દ્વારા ગુરુવારે હાથ ધરવામાં આવેલા પેટ્રોલિંગ દરમિયાન એ.એસ.આઈ. ચિરાગસિંહ જાડેજા, હેડ કોન્સ્ટેબલ નિલેશભાઈ કારેણા અને વેજાણંદભાઈ બેલા મળેલી ચોક્કસ બાતમીના આધારે ભાણવડથી આશરે ૧૫ કિલોમીટર દૂર ગુંદા ગામની સીમ વિસ્તારમાં રહેતા ગલા રબારી નામના શખ્સ દ્વારા પોતાના કબજા ભોગવટાના રહેણાંક મકાનમાં દારૂ છૂપાવવામાં આવ્યો હોવાની માહિતી પરથી પોલીસ સ્ટાફે આ સ્થળે દરોડો પાડ્યો હતો.

આ રહેણાંક મકાનમાં રાખવામાં આવેલા નીરણ (જુવાર)ના ઢગલાની નીચે સંતાડીને રાખવામાં આવેલો દેશી દારૂનો ૪૦૦ લીટર જથ્થો પોલીસને સાંપળ્યો હતો. એટલું જ નહીં, અહીં રહેલી જી.જે. ૦૯ બી.સી. ૩૬૬૩ નંબરની એક સ્વીફ્ટ મોટરકારમાં ચેકિંગ કરતા આ કારમાં પણ વધુ ૪૦૦ લીટર દેશી દારૂ મળ્યો હતો. આમ, આ દરોડાની કાર્યવાહીમાં પોલીસને એક લાખ ૬૦ હજારની કિંમતનો દારૂનો જથ્થો મળતા પોલીસે રૂ. ૩ લાખની કિંમતની મોટરકાર અને રૂ. ૧૦,૦૦૦ની કિંમતના એક મોબાઈલ ફોન મળી કુલ ૪.૭૦ લાખના મુદ્દામાલ સાથે આરોપી ટિંબડી ગામના રબારી કેસુ ઉર્ફે કિશન કમાભાઈ મોરી (ઉ.વ. ૧૯)ની અટકાયત કરી હતી.

આ પ્રકરણમાં પાછતર ગામના વિનુ રબારી અને ગુંદા ગામની સીમા રહેતા ગલા રબારી નામના બે શખ્સોની સંડોવણી પણ ખુલવા પામી છે. ઉપરાંત દારૂનો આ જથ્થો ધામણી નેશ વિસ્તારમાં રહેતા ભીમા પરબત રબારીએ આપ્યો હોવાનું પણ વધુમાં ખુલવા પામ્યું છે. જે સંદર્ભે ભાણવડ પોલીસે કેશુ ઉર્ફે કિશન કમા મોરીની અટકાયત કરી, અન્ય ત્રણ શખ્સોને ફરાર જાહેર કર્યા છે.

આ કાર્યવાહી ઈન્ચાર્જ પી.આઈ. કે.કે. મારુ સાથે સ્ટાફના ચિરાગસિંહ જાડેજા, ગીરીશભાઈ ગોજીયા, કેશુભાઈ ભાટીયા, શક્તિસિંહ ઝાલા, નિલેશભાઈ કારેણા, મયુરભાઈ ગોજીયા, મયુરસિંહ જાડેજા, વેજાણંદભાઈ બેલા અને મીનાબેન નંદાણીયા દ્વારા કરવામાં આવી હતી.

## કાનાલુસમાં માથામાં દુખાવો ઉપડતા યુવાનનું સારવારમાં મૃત્યુ

**આજકાલ પ્રતિનિધી-જામનગર**

લાલપુરના કાનાલુસમાં રહેતા યુવાનને માથામાં દુખાવો ઉપડ્યા પછી સારવાર માટે જીજી હોસ્પિટલમાં લઈ જવાતાં તેનું મૃત્યુ નીપજ્યું હોવાનું જાહેર થયું છે. લાલપુર તાલુકાના કાનાલુસ ગામમાં રહેતા વિજય બાલુભાઈ સાદીયા નામના ૩૬-વર્ષના યુવાનને અચાનક માથાના ભાગે અસહય દુખાવો ઉપડ્યો હતો. જેથી તેને સારવાર માટે પ્રથમ ખાનગી હોસ્પીટલ ત્યાર બાદ વધુ સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યા સારવાર દરમિયાન તેનું મૃત્યુ નીપજ્યું હતું. આ બનાવ અંગે પ્રભાબેન વિજયભાઈ સાદીયાએ મેઘપર પોલીસમાં જાણ કરવામાં આવી હતી.

## દ્વારકામાં યુવતી પર દુષ્કર્મ આચર્યાની ફરીયાદ

### પોલીસે ગુનો નોંધી આરોપીની આદરી શોધખોળ

**આજકાલ પ્રતિનિધી**
**ખંભાળિયા**

દ્વારકા વિસ્તારમાં રહેતી એક યુવતી સાથે રાત્રિના સમયે બળજબરીપૂર્વક બાથરૂમમાં દુષ્કર્મ ગુજારવા સબબની ફરિયાદ પોલીસ દફતરે નોંધાઈ છે.

આ અંગેની જાહેર કરવામાં આવેલી વિગત મુજબ દ્વારકા પંથકમાં રહેતી એક યુવતી ગઈકાલે ગુરુવારે તેણીના ઘરે હતી, ત્યારે વિપુલ દિનેશભાઈ બારાઈ નામના ૪૧ વર્ષના શખ્સએ રાત્રિના આશરે ૧૨:૩૦ વાગ્યાના અરસામાં તેણી સાથે અડપલા કર્યા હતા.

આ પછી આરોપી વિપુલ દ્વારા તેણીની છેડતી કરી અને આબરૂ લેવાના ઈરાદાથી બળજબરીપૂર્વક બાથરૂમમાં લઈ ગયો હતો. આ પછી અહીં આરોપીએ તેણીની ઈચ્છા વિરુદ્ધ તેણી સાથે દુષ્કર્મ ગુજાર્યું હોવાનું પોલીસમાં જાહેર થયું છે.

આ સમગ્ર બનાવ અંગે દ્વારકા પોલીસે આરોપી વિપુલ દિનેશભાઈ બારાઈ સામે ભારતીય ન્યાય સંહિતાની જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધી, આગળની તપાસ પી.એસ.આઈ. એ.બી. જાડેજા દ્વારા હાથ ધરવામાં આવી છે.

## જામનગરના પ્લાયવુડના વેપારીના ચેક પરતના કેસમાં આરોપીને સજા આપતી અદાલત

**આજકાલ કાર્યાલય**
**જામનગર**

જામનગરમાં શ્રી રામ પ્લાય લેમના નામે પોતાનો પ્લાયવુડ તથા તેને લગત માલ-સામાન વહેંચવાનો ધંધો કરતા શ્રી ભુમીત બલદેવભાઈ નંદાસણા પાસેથી રતનભાઈ એ. મોદલીયારે કુલ રૂા.૧,૩૩,૨૫૨ નું પ્લાયવુડ, ડેવીકોલ વિ. પ્રકારનો સામાન લઈ ગયેલ. જેના ચુકવણા પેટે આરોપીએ પોતાની બેંકનો ચેક આપેલ. જે મુદતમાં જમા કરાવતા ચેક ડ્રોવર સીગ્નેચર ડીફરના શેરા સાથે પરત ફરેલ. જે બાબતનો કેસ જામનગરની એડી. ચીફ જયુડી, મેજી. કોર્ટમાં દાખલ થયેલ હતો.

જે બાદ ફરીયાદીના વકિલ પ્રેરક સનતકુમાર વોરાની ધારદાર દલીલ તથા રજુ રાખેલ પુરાવાઓનું ઉચ્ચીત મુલ્યાકંન કરી ૫ માં એડી. ચીફ જયુડી. મેજી.દ્વારા આરોપીને તકસીરવાન ઠેરવીને ચેકની રકમ રૂા. ૧,૩૩,૨૫૨ નું ચુકવણી કરવાનું તથા ૧ વર્ષની સાદી કેદની સજા ફરમાવવામાં આવેલ છે.ફરીયાદી તરફે વકિલ સનતકુમાર એલ. વોરા તથા વકિલ પ્રેરક એસ. વોરા રોકાયેલ હતાં.

## ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલોપમેન્ટ ચાર્જની રકમ વ્યાજસહિત પરત ચુકવવા પીજીવીસીએલને આદેશ કરતી અદાલત

**આજકાલ કાર્યાલય**
**જામનગર**

શહેર જામનગર કન્સ્ટ્રકશનનુ કામકાજ કરતી સ્ટીલીંગ એન્ટરપ્રાઈઝ પેઢી દ્વારા જી.આઈ.ડી.સી. ફેસ-૩ મા આવેલ પ્લોટમા નવા વીજકનેકશન માટેના ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલોપમેન્ટના ચાર્જીસ રૂ. ૨,૯૦,૮૩૮ તા.૨૩-૧૨-૨૦૨૧૦ ના પશ્ચિમ ગુજરાત વીજ કંપની લી.મા ભરપાઈ કર્યા બાદ, વીજકંપની દ્વારા તેના પ્રવર્તમાન ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલોપમેન્ટના નિયયોમા ફેરફાર થતા ઉપરોકત પેઢી પાસેથી ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલોપમેન્ટ માટે રૂ.૨,૯૦,૮૩૮ ફરીથી વસુલ લેતા, સ્ટીલીંગ એન્ટરપ્રાઈઝ પેઢી દ્વારા પી.જી.વી.એલ.પાસેથી ડેવલોપમેન્ટ ચાર્જીર્સના ફરી વખત લેવામા આવેલ રકમ પરત આપવા લેખિતમા માંગણી કરતા, વીજ કંપની દ્વારા નવા વીજકનેકશન માટે ફિકસ ચાર્જ વસુલ કરવાના નિયમોમા ફેરફાર થયેલ હોય અને નવા નિયમો લાગુ પડયાની તારીખ અગાઉના કેસોમા પણ લાગુ પાડવામા આવેલ હોવાથી, સ્ટીલીંગ એન્ટરપ્રાઈઝ પેઢીને રૂ.૨,૯૦,૮૩૮ રીફન્ડ આપવાનો ઈન્કાર કરતા, સ્ટીલીંગ એન્ટરપ્રાઈઝ પેઢીના ભાગીદારો (૧) ભરતભાઈ વીરજીભાઈ પટેલ તેમજ (૨) સિધ્ધાર્થભાઈ ભરતભાઈ પટેલ દ્વારા વીજ કંપની વિરૂધ્ધ રૂ. ૨,૯૦,૮૩૮ વ્યાજસહિત વસુલ લેવા જામનગરની અદાલતમા સને ૨૦૧૪મા દાવો દાખલ કરેલો હતો.

તે દાવાના કામે રજુ થયેલ પુરાવા ઉપરથી સ્ટીલીંગ એન્ટરપ્રાઈઝ પેઢી પાસેથી ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલોપમેન્ટના હેઠળ બે વખત રકમ વસુલ લેવામા આવેલ હોવાનું તેમજ જે નિયમોના ઓઠા હેઠળ રકમ પરત આપવાનો ઈન્કાર કરવામા આવેલ હતો તે નિયમની લાગુ તારીખ પહેલા જ સ્ટીલીંગ એન્ટરપ્રાઈઝ પેઢી દ્વારા ઈન્ફ્રાસ્ટ્રકચરનું કામકાજ પુરુ કરી નાખવામાં આવેલ હોવાનુ રેકર્ડ ઉપર આવતા, સ્ટીલીંગ એન્ટરપ્રાઈઝ પેઢી દ્વારા રજુ થયેલ પુરાવા, દલીલો તેમજ કાયદાકીય આધારોને ધ્યાને લઈ જામનગરના એડીશનલ સિનિયર સિવિલ જજ દ્વારા સ્ટીર્લીંગ એન્ટરપ્રાઈઝ પેઢીને રૂ. ૨,૯૦,૮૩૮ દાવાની તારીખથી ઉપરોકત રકમ વસુલ આવતા સુધી વાર્ષિક ૬ ટકાના વ્યાજ સાથે પરત ચુકવવાનો પશ્ચિમ ગુજરાત વીજ કંપની લી. વિરૂધ્ધ હુકમ ફરમાવેલ છે. ઉપરોકત દાવાના કામે વાદી સ્ટીર્લીંગ એન્ટરપ્રાઈઝ પેઢી વતી વકીલ તરીકે ચિરાગ કે.નથવાણી, ધર્મેશ સી.રાઠોડ રોકાયા હતા.

## જામનગર પંથકમાં સાત જુગારી પોલીસના સકંજામાં

**આજકાલ પ્રતિનિધી-જામનગર**

જામનગરના ખંભાળીયા નાકા વિસ્તારમાં એકી બેકીનો જુગાર રમતા ૩ શખ્સો ૧૧ હજારની મતા સાથે ઝપટમાં આવ્યા હતા, જયારે જોડીયામાં પાના ટીંચતી ત્રિપુટીને પકડી પાડવામાં આવી હતી તેમજ લાલપુરમાં એક વર્લીબાઝની અટકાયત કરવામાં આવી હતી.

જામનગરના ખંભાળીયા નાકે જાહેરમાં ચલણી નોટના નંબર પર એકી-બેકીનો જુગાર રમતા ભાનુશાળી વાડના પ્રવિણ ગોરધન કનખરા, ટીટોડી વાડી ખાતે રહેતા અલ્તાફ મહમદ બ્લોચ અને ઘાંચી કબ્રસ્તાન પાસે રહેતા ઈમરાન ગફાર ખફી નામના ૩ શખ્સોને રોકડા ૧૧૨૦૦ સાથે સીટી-એ પોલીસે પકડી લીધા હતા.

બીજા દરોડામાં જોડીયાના જુના રેલ્વેના ગોડાઉન પાસે જાહેરમાં તિનપતીનો જુગાર રમતા પરા વિસ્તારમાં રહેતા સલીમ યુસુફ ખીરાણી, જલારામ સોસાયટીમાં રહેતા રાજેન્દ્રસિંહ ચંદુભા સોઢા અને મેમણપરાના હાસમ ગની માંડલીયા નામના શખ્સોને રોકડા ૧૦૪૦૦ અને ગંજીપતા સાથે જોડીયા પોલીસે પકડી લીધા હતા.આ ઉપરાંત લાલપુર ગામના દ્વારકાધિશ સોસાયટીમાં રહેતા રવિ જેન્તી દાણીધારીયા નામના ઈસમને ધરારનગર વિસ્તારમાં વર્લી મટકાનો જુગાર રમતા રોકડા ૧૪૦ અને આંકડા લખેલી કાપલી સાથે દબોચી લીધો હતો.

## જામનગરમાં ત્રિ-દિવસીય નિઃશુલ્ક ઈંટીગ્રેડેટ યોગ શિબિરનો થયો પ્રારંભ








**આજકાલ કાર્યાલય**
**જામનગર**

જામનગર માં પતંજલિ યોગ પરિવાર દ્વારા જામનગર મહાનગરપાલિકાના સહયોગ થી ત્રિ-દિવસીય નિઃશુલ્ક ધોરણે ઈન્ટીગ્રેડેટ યોગ શિબિર નો આજે શુક્રવારે પ્રારંભ થયો છે.

યોગ રૂષિ સ્વામી રામદેવજી મહારાજ અને આયુર્વેદાચાર્યા બાલકૃષ્ણ શાસ્ત્રી, કૃપાપાત્ર, પૂ. સ્વામી ડો. પરમાર્થ દેવજી મહારાજ ની અધ્યક્ષતામાં યોજાયેલી યોગ શિબિરમાં નગરના મેયર વિનોદભાઈ ખીમસુરીયા, જામનગરના -૭૯ વિધાનસભા વિસ્તારના ધારાસભ્ય દિવ્યેશ અકબરી, જામનગર શહેર ભાજપના અધ્યક્ષ ડો. વિમલભાઈ કગથરા, ડેપ્યુટી મેયર ક્રિષ્નાબેન સોઢા, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન નિલેશભાઈ કગથરા, જામનગર મહાનગરપાલિકાના દંડક કેતનભાઈ નાખવા, કોર્પોરેટર પ્રભાબેન ગોરેચા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા, અને યોગ કર્યા હતા.

આ ઉપરાંત ભારત સ્વાભિમાનના રાજ્ય પ્રભારી લક્ષ્મણભાઈ પટેલ તેમજ પતંજલિ યોગ સમિતિ ના રાજ્ય પ્રભારી વિનોદભાઈ શર્મા, અને સહ રાજ્ય પ્રભારી ભાવિકભાઈ ખૂંટ વગેરે પણ ઉપસ્થિત રહ્યા હતા, અને યોગ કર્યા હતા.

ઉપસ્થિત તમામ મહાનુભાવોનું જામનગર મહાનગરપાલિકા દ્વારા શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું. જામનગરની યોગ સમિતિ દ્વારા સર્વે મહેમાનોને આવકારવામાં આવ્યા હતા, અને તમામનું સ્વાગત અને સન્માન કર્યું હતું.

જામનગરમાં નાગરિકોને નિરામય અને આયુષમાન બનાવવાના હેતુસર ત્રિ-દિવસીય યોગ શિબિર એમ્યુઝમેન્ટ પાર્ક, ગોકુલધામ સોસાયટી, શ્રીજી હોલવાળી શેરી, મહાનગરપાલિકાના ગ્રાઉન્ડમાં યોજાઈ રહી છે જેમાં અનેક નગરજનો એ પણ જોડાઈને યોગ કર્યા હતાં. આ ત્રિ દિવસીય શિબિરને સફળ બનાવવા માટે જામનગર જિલ્લા સમિતિના રમેશભાઈ ચૌહાણ, મીનાબેન દાસાણી, નિલેષભાઈ આચાર્ય, ચંદ્રવદન ત્રિવેદી, ભરતસિંહ જાડેજા, ભરતભાઈ અગ્રાવત, રમેશભાઈ હરવરા, નટુભાઈ શાસ્ત્રીજી, ગોરવ શાહ અને હિરેનભાઈ ચૌહાણ વગેરે એ આ શિબિરમાં જહેમત લઈ રહ્યા છે.

# થોડુ વાંચવું અને વધુ વિચારવું, થોડુ બોલવું અને વધુ સાંભળવું-ધીર ગુરૂદેવ

## જન્મભૂમિ જશાપરમાં દબદબાભર્યુ સ્વાગતઃ માલીની કિશોર સંઘવી પ્રાથમિક શાળામાં ચાર સ્માર્ટ બોર્ડનું લોકાર્પણ





(તસવીર :કિશન ગોજીયા)

**આજકાલ પ્રતિનિધિ**
**ભાણવડ**

જશાપર ગામ સમાજ ખાતે પ.પૂ.શ્રી ધીર ગુરૂદેવ તથા પૂ.મીનાજી મહાસતીજી આદિઠાણાની પધરામણી પ્રસંગે આહીર અગ્રણી રાજશી સાંજવાના ઘરે નવકારથી બાદ સમસ્ત ગ્રામજનોએ દબદબાભર્યુ સ્વાગત કરેલ. માલીની કિશોર સંઘવી પ્રાથમિક શાળામાં ઉમેદભાઈ દોશી પ્રેરીત ચાર સ્માર્ટ બોર્ડની લોકાર્પણ વિધી જગદીશ-રેણુ મહેતા, જયંત-રંજના કામદારના હસ્તે કરાતા જય નવકાર તને નમસ્કારની ધૂનથી હોલ ગુંજી ઉઠયો હતો. સેવા સંકુલમાં ધર્મસભામાં ગુરૂદેવે જણાવેલ કે, થોડુ વાંચવું અને વધુ વિચારવું, થોડુ બોલવું અને વધુ સાંભળવું એ જ મહાન બનવાની જડીબુટી છે.

ધુમાડાબંધ ગામ જમણના લાભાર્થી હરીબોલ પરીવારનું સન્માન કરાયું હતું, જગદીશ મહેતાએ દર વર્ષે એક લાખનું દાન જીવદયા યોજનામાં જાહેર કરતા ઉમંગ છવાયો હતો, શાળાના દિકરા-દિકરીઓએ પીરામીડ, રંગારંગ કાર્યક્રમ રજૂ કરતા તાળીઓથી સૌએ વધાવ્યા હતાં. ડીવાઈન ટ્રસ્ટ પ્રેરીત દંતયજ્ઞ શિબિરમાં ૨૫ બત્રીસી નિઃશુલ્ક અર્પણ કરાશે, જાલંધરબંધ યોગનો ગ્રામજનોએ લાભ લીધેલ. તા.૧૮ના રોજ ધોરાજી ખાતે અને તા.૧૯ના રોજ ગોંડલ ખાતે શ્રી ધીર ગુરૂદેવ પધારશે.

## અવસાન નોંધ

**જામનગરઃ** સ્વ.કિશોરભાઈ હરીભાઈ ચૌહાણ તે વિશાલ ચૌહાણ, પ્રિયંકા નારણભાઈ બાલાના પિતા અને સપનાબેનના સસરા, ધ્રીતીના દાદાનું અવસાન તા.૧૬-૧-૨૫ને ગુરૂવારના રોજ થયેલ છે, તેમનું સદગતનું ઉઠમણું તા.૧૭-૧-૨૫ને શુક્રવારે સાંજે ૪:૩૦ થી ૫ વાગ્યે કાશી વિશ્વનાથ મંદિર કે.વી.રોડ જામનગર ખાતે ભાઈઓ તથા બહેનો માટે રાખેલ છે.

**જામનગરઃ** કસ્તુરબેન ખીમજી વીસરીયા (ઉ.વ.૯૪)નું તા.૧૫-૧-૨૫ના રોજ જામનગર મુકામે અવસાન થયેલ છે, તે સ્વ.હીરજી નરશી વિશરીયા, સ્વ.કરમશી નરશી વિશરીયા, સ્વ.દેવરાજ નરશી વિશરીયા તથા સ્વ.આણંદજી નરશી વિશરીયાના પુત્ર, સ્વ.ખીમજી હીરજી વિશરીયાના પત્ની, સ્વ.મોતીબેન કાનજી (આરબલુસ), સ્વ.હંસરાજ, સ્વ.રતીલાલ, સ્વ.રડીયાતબેન પાનચંદ ગડા (લાખાબાવળ), સ્વ.અમૃતબેન લાલજી દોઢીયા (ઢીચડા)ના ભાભી, મનસુખલાલ, નેમચંદ, ઝવેરચંદ, જેન્તીલાલ, કાંતિલાલ, ચંદુલાલ, રજનીકાંત, વનીતાબેન, કિશોર (કે.કે.વિશરીયા એડવોકેટ), હસમુખ ખીમજી વિશરીયાના માતા, લાધા માંડણ, વાધા માંડણ, રામા માંડણના ભત્રીજા વહુ, સ્વ.લાલજી પોપટ દોઢીયા (ઢીચડા), સ્વ.જશ્માબેન વેલજી ગંગર (ઢીચડા), સ્વ.મોતીચંદ પેથરાજ, સ્વ.પાનચંદ પેથરાજ (લાખાબાવળ)ના બહેન થાય. આજે સવારે ૧૦ થી ૧૧ સાદડી-ઉઠમણું રાખવામાં આવ્યું હતું.

**જામનગરઃ** સ્વ. મહેન્દ્ર નવલચંદ સુતરીયા (પાપડવાલા) ના પત્ની સરોજબેન , તે હિતેશ, આરતી ધીરેન વારિયાના માતા, સંગીતાબેન (ઋષભ ટિફિન) , ધીરેન શશીકાંત વારીયાના સાસુ, સ્વ. હસમુખભાઈ, સ્વ. યાજ્ઞિકભાઈ, સ્વ. અરૂણાબેન, દીનાબેન દિનેશભાઈ દોશી ના ભાભી, સ્વ. જેકુરબેન મનસુખલાલ ફુલચંદ દોશીના પુત્રી, ઋષભ તથા રિયાંશ ના દાદીમા, ભક્ર શાલીન વારીયા તથા અંજલિ પંડ્યાના નાનીમા તા. ૧૬/૦૧/૨૦૨૫, ગુરૂવારના અરિહંત શરણ પામેલ છે. તેમનું ઉઠમણું તા. ૧૭/૦૧/૨૦૨૫ શુક્રવારે બપોરે ૪.૦૦ કલાકે મોટા ઉપાશ્રય, લાલ બાગ સામે રાખેલ છે.

**જામનગરઃ** જેઠાભાઈ હરીભાઈ એન્ડ સન્સ વાળા સ્વ. વિનુભાઈ વિસનજીભાઈ ભોજાણીના પત્ની જયોત્સનાબેનનું તા. ૧૭-૧-૨૫ શુક્રવારના રોજ અવસાન થયેલ છે, તે સંજય વિનુભાઈ, બીનાબેન યતીનકુમાર દત્તાણી, પીન્કી રાજન કોટેચાના માતા, રીયા કિશન કોઠારી અને મોહક ભોજાણીના દાદી, સ્વ. પોપટલાલ નાગજી રવાણીના પુત્રી થાય. સદગતનું ઉઠમણુ તથા પિયરપક્ષની સાદડી તા. ૧૮-૧-૨૫ શનિવારે સાંજે ૫ થી ૫-૩૦ વાગ્યે, પાબારી હોલ (સેલર), તળાવની પાળ ખાતે રાખેલ છે.

**જામનગરઃ** મુળ ખીલોશ હાલ જામનગર નિવાસી રજનીકાંત ડાહ્યાલાલ કોઠારી (ઉ.વ.૭૮) તે તરુલતાબેનના પતિ તથા ભાવેશભાઈ (જિલ્લા પંચાયત) અને નિકુંજભાઈ (હેલ્થ ઈન્ડીયા) ના પિતા તથા કાજલબેન અને ભાવિકાબેનના સસરા તથા રીશીના દાદા તેમજ ચુનીલાલ ગુલાબચંદ મહેતા (જયોતિ નોવેલ્ટી) ના જમાઈ તા.૧૭-૧-૨૦૨૪ને શુક્રવારના રોજ અરિહંત શરણ પામેલ છે.સદ્ગતનું ઉઠમણું તા.૧૮-૧-૨૦૨૫ને શનિવારે સવારે ૯:૩૦ વાગ્યે કે.ડી.શેઠ ઉપાશ્રય, પ્રતાપવિલાસ પેલેસ સામે, જામનગર ખાતે રાખેલ છે.

## એક્યુપ્રેશર સુજોક તથા મેગ્નેટ પધ્ધતિનો પાંચ દિવસીય નિઃશુલ્ક કેમ્પ

**આજકાલ કાર્યાલય - જામનગર**

શ્રી સરદાર પટેલ સ્કુલ(બોડીંગના હોલમાં), એક્યુપ્રેશર, સુજોક અને મેગ્નેટ પધ્ધતિનો પાંચ દિવસીય ફ્રી સારવાર કેમ્પ રાખવામાં આવેલ છે. આ કેમ્પમાં ચીકનગુનિયા, જુના સાંધાનો દુખાવો, કમર દર્દ, પેટના રોગ, માઈગ્રેન, પેરેલાઈસ, બીપી, સુગર, જાડાપણું, આંખ, કાન, ગળુ અને દરેક બિમારીઓનો ઈલાજ વગર દવા(હાથ પગની નાડીઓ દબાવીને) કરવામાં આવશે.આ કેમ્પનો લાભ લેવા શ્રી જામનગર પટેલ કેળવણી મંડળ દ્વારા તા. ૧૮-૧-૨૦૨૫, શનિવાર થી તા. ૨૨-૧-૨૦૨૫, બુધવાર સુધી શ્રી જામનગર પટેલ કેળવણી મંડળના સહયોગથી આ કેમ્પ શ્રી સરદાર પટેલ સ્કુલ (બોડીંગના હોલમાં), સોલેરીયમ સામે, જી.જી. હોસ્પિટલની બાજુમાં, જામનગર.ખાતે આયોજન કરવામાં આવેલ છે.આ કેમ્પમાં ડો. રામ મનોહર લોહીયા એક્યુપ્રેશર આરોગ્ય જીવન સંસ્થાનના નિષ્ણાંત ડો. સુમનકુમાર, ડો. વિક્રમસિંહ, રાજવિન્દર સિંગ સેવા આપશે.

## વિકાસ સપ્તાહ ફોટો કોમ્પિટિશનમાં વિજેતા થવા બદલ મુખ્યમંત્રીના હસ્તે સન્માન



**આજકાલ કાર્યાલય - જામનગર**

હાલમાં જામનગર સ્થિત અને કર્મચારી મંડળના સદસ્ય અને સક્રિય જ્ઞાતિ કાર્યકર્તા અને નિવૃત્ત અધિકારી સતીષભાઈ વસનજીભાઈ વાઘેલાના ( હાલમાં ગુજરાત હાઈકોર્ટ માં પ્રેક્ટીસ) સુપુત્ર સાર્થક વાઘેલાને ગુજરાત સરકાર દ્વારા આયોજિત વિકાસ સપ્તાહ ફોટો કોમ્પિટિશનના વિજેતા થવા બદલ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે સન્માન, ગુજરાતમાંથી ૯ જણાની પસંદગીમાં ૫ મું સ્થાન. મેળવ્યું છે.વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ અને માર્ગદર્શનમાં ગુજરાતની વિકાસયાત્રાના ૨૩ વર્ષ પૂર્ણ થવાના ઉપલક્ષમાં રાજ્ય સરકાર દ્વારા વિકાસ સપ્તાહ ફોટો કોમ્પિટિશનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં વિજેતા થવા બદલ મુખ્યમંત્રીએ મુખ્યમંત્રી કાર્યાલયમાં આમંત્રિત કરીને પ્રત્યક્ષ મુલાકાત અને સંવાદ કર્યો હતો તથા મુખ્યમંત્રીએ તેમના કાર્યલય ખાતે મુખ્ય સચિવ રાજકુમાર, મુખ્યમંત્રીના અધિક મુખ્ય સચિવ પંકજ જોષી અને મનોજ દાસની ઉપસ્થિતિમાં પુરસ્કૃત કરવામાં આવેલ હતું.આ પ્રસંગે અખિલ સમસ્ત વાંજા સમાજને રૂપિયા ૧,૧૧૧ ખુશીભેટ આપવામાં આવેલ છે.

### છેલ્લા પાનાથી આગળ...

### જામગરમાં ટમેટા

સાદી મગફળી ૮૫૦ થી ૧૦૫૦, એરંડા ૯૫૦ થી ૧૨૨૧, લસણ ૧૦૩૩ થી ૩૩૪૦, કપાસ ૧૨૦૦ થી ૧૫૦૦, જીરૂ ૪૦૦૦ થી ૪૩૮૦, અજમા ૨૦૦૦ થી ૪૫૦૦, ધાણા ૧૧૦૦ થી ૧૪૬૫ જ્યારે સુકી ડુંગળીના ૧૧૦ થી ૪૪૦, મરચા ૬૩૦ થી ૩૬૪૦ અને સોયાબીનના ૭૫૦ થી ૮૦૦ સુધીના ભાવમાં સોદા થયા હતા.જામનગર જ નહી, ખંભાળીયા, કાલાવડ, જામજોધપુરના યાર્ડોમાં પણ ટમેટા, ડુંગળી અને કોબીના ભાવ હરરાજીમાં ઘટી ગયા હોય, ખેડૂતોને નુકશાની વહોરવી પડી હતી. આગામી દિવસોમાં હજુ કેટલાક ભાવો ઘટશે, બીજી તરફ રીંગણા, ફલાવરના ભાવો પણ સાવ નીચા આવ્યા છે, લોકોએ જે ભાવથી શાકભાજીનું વાવેતર કર્યું છે, કેટલા ભાવ પણ મળતા નથી, મહેનત તો ઠીક પરંતુ યાર્ડમાં ઓછા ભાવ મળવાના કારણે ખેડૂતો ભારે પરેશાન થઈ ગયા છે, એ પણ હકીકત છે. ૨-૩ માવઠાનો માર પડ્યા બાદ પરિસ્થિતિ બગડી હતી અને તેમાં ખડુતોને વધુ પાયમાલી થઈ રહી છે.

### બાઈકની ટકકરમાં

જીજે૧૦સીપી-૧૪૫૬ના ચાલક સામે ફરીયાદ નોંધાવી હતી. ફરીયાદીના પુત્ર તેમનું મોટરસાયકલ નં. જીજે૧૦બીએ-૪૦૬૭ લઈને પોતાના ઘરેથી દરેડ જીઆઈડીસીમાં આવેલા બાલાર્ક કારખાને મજુરીકામે જતો હતો.

દરમ્યાન જામનગર ખંભાળીયા બાયપાસ કનસુમરા પાટીયાથી આગળ કારખાના સામેના રોડ પર પહોચતા મોટરસાયકલ નં. જીજે૧૦સીપી-૧૪૫૬ના અજાણ્યા ચાલકે પુરઝડપે અને બેદરકારીથી ચલાવી ફરીયાદીના પુત્રના બાઈકને ઠોકર મારી અકસ્માત સર્જયો હતો. જેમાં ફરીયાદીના પુત્ર પડી જતા માથા અને શરીરના ભાગે ગંભીર ઈજા થવાથી તેમનું મૃત્યુ નિપજયુ હતું.

પોલીસ દ્વારા મૃતકના પિતા કારૂભાઈની ફરીયાદના આધારે બાઈકચાલક સામે ગુનો નોંધીની તેની શોધખોળ ચલાવવામાં આવી રહી છે. યુવાનના મૃત્યુથી પરિવારમાં શોકની લાગણી ફેલાઈ જવા પામી હતી.

## ધ્રોલના બીજલકા ગામના સરપંચનો ઝેરી દવા પી આપઘાત

### બિમારીની ચિંતામાં પગલુ ભર્યાનું તારણઃ ગામમાં શોકની લાગણી



**આજકાલ પ્રતિનિધી**
**ધ્રોલ**

ધ્રોલ તાલુકાના બીજલકા ગામના સરપંચે કોઈ અગમ્ય કારણસર ઝેરી દવા પી લેતા મૃત્યુ નિપજયાનું બહાર આવતા ઘેરા શોકની લાગણી ફેલાઈ ગઈ છે. બનાવની જાણ થતા સ્થાનીક આગેવાનો સહિતના હોસ્પીટલ ખાતે દોડી ગયા હતા.

જાણવા મળ્યા મુજબ ધ્રોલના બિજલકા ગામના સંરપચ જયશુખભાઈ નરસીભાઈ મુંગરાએ કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા પી આપઘાત કર્યો હોવાનું બહાર આવતા આગેવાનો ધ્રોલ સીએચસી હોસ્પિટલ ખાતે દોડી ગયા હતા, તેમજ બનાવની જાણ થતા ધ્રોલ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે, એવી પણ વિગત જાણવા મળી છે કે યુવકે કેન્સરની બિમારી અંગેની ચિંતામાં આ પગલુ ભરી લીધુ હતું. જે બાબતે તપાસ ચલાવવામાં આવી રહી છે.

## જામનગર માર્કેટનાં ભાવ

| જામનગર હાપા માર્કેટ યાર્ડના ભાવ | |
|---|---|
| જુવાર | ૩૮૦-૮૦૦ |
| બાજરી | ૪૧૦-૫૩૫ |
| ઘઉં | ૫૮૦-૬૬૧ |
| મગ | ૧૪૦૦-૧૬૯૦ |
| અડદ | ૧૧૫૦-૧૫૫૦ |
| તુવેર | ૮૫૦-૧૩૩૦ |
| ચોરી | ૧૪૦૦-૧૮૬૦ |
| ચણા | ૧૨૦૦-૧૨૨૦ |
| મગફળી જીણી | ૯૦૦-૧૧૫૦ |
| મગફળી જાડી | ૮૫૦-૧૦૮૫ |
| તલસફેદ | ૧૬૦૦-૨૩૦૦ |
| એરંડા | ૯૫૦-૧૨૨૧ |
| રાયડો | ૯૦૦-૧૦૯૯ |
| રાય | ૧૦૦૦-૧૨૦૦ |
| રાયડો | ૧૦૦૦-૧૫૪૦ |
| લસણ | ૧૦૦૦-૩૩૪૦ |
| કપાસ | ૧૨૦૦-૧૫૪૫ |
| જીરૂ | ૪૦૦૦-૪૩૮૦ |
| અજમો | ૧૬૦૦-૪૮૦૦ |
| અજમાની ભુસી | ૨૧૦-૩૬૦૦ |
| ધાણા | ૧૧૦૦-૧૪૬૫ |
| ડુંગળી સુકી | ૧૧૦-૪૪૦ |
| સુકા મરચા | ૫૦૦-૩૦૦૫ |
| ઈસબગુલ | ૧૭૦૦-૨૧૧૦ |
| સોયાબીન | ૭૫૦-૮૦૦ |

| ભાણવડ માર્કેટ યાર્ડના ભાવ | |
|---|---|
| મગફળી જીણી | ૯૦૦-૧૧૦૦ |
| કપાસ | ૧૨૦૦-૧૪૨૦ |
| જીરૂ | ૪૦૦૦-૪૪૦૦ |
| અડદ | ૧૩૦૦-૧૪૭૦ |
| ઘઉ | ૪૦૦-૫૨૦ |

| જામનગર સોના-ચાંદી | |
|---|---|
| શુધ્ધ હેમ (૧૦૦ ગ્રામ) | ૮,૧૯,૦૦૦ |
| ૨૨ કેરેટ દાગીનાં (૧૦ગ્રામ મજુરી વગર) | ૭૩,૭૦૦ |
| ૧૮ કેરેટ ૧૦ ગ્રામ | ૬૩,૦૦૦ |
| ચાંદી ૯૯૯ (૧ કિલો) | ૯૩.૦૦૦ |

| તેલ બજાર (બીલનો ભાવ છે) | |
|---|---|
| સીંગતેલ જૂના ડબા | ૨૪૫૦ |
| સીંગતેલ નવા ડબા | ૨૪૫૦ |
| કપા.તેલ જૂના ડબા | ૨૧૫૦ |
| કપા.તેલ નવા ડબા | ૨૨૦૦ |
| પામોલીન તેલ | ૨૨૩૦ |
| વનસ્પતિ ડબા | ૨૨૩૦ |

| જામનગર બ્રાસ સીટી (બીલનો ભાવ છે) | |
|---|---|
| એલ્યુમીનીયમ | ૧૮૫ |
| પીતળ વાસણ | ૫૧૦ |
| હની ઢાળો | ૫૧૭ |
| હની વાસણ | ૫૨૭ |
| દેશી ઢાળો | ૪૮૭ |
| વિલાયતી ઢાળો | ૪૯૭ |

| લાલપુર માર્કેટ યાર્ડના ભાવ | |
|---|---|
| મગફળી જાડી | ૮૦૩-૯૨૬ |
| મગફળી જીણી | ૯૦૦-૧૦૩૦ |
| કપાસ | ૧૩૫૦-૧૪૩૦ |
| એરંડા | ૧૦૬૦-૧૧૮૦ |
| તલ | ૨૧૦૫-૨૧૦૫ |
| ચણા | ૧૨૭૪-૧૨૭૫ |
| ઘઉં | ૫૦૦-૫૨૫ |
| મગ | ૭૦૦-૯૦૧ |
| અડદ | ૧૫૫૧-૧૬૨૫ |
| સોયાબીન | ૭૦૦-૭૪૦ |

## શુભવિવાહ

### જાડેજા પરિવારને ત્યાં શરણાઈના સૂર
### ચિ. દુષ્યંતસિંહજી - ચિ. ઉર્વશીબા

જામનગર મહાપાલિકામાં શિક્ષણ સમિતિમાં ફરજ બજાવતા અને રાજ્યના પૂર્વ મંત્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા પીએ રહી ચૂકેલા પ્રવિણસિંહ ખુમાનસિંહ જાડેજાના સુપુત્ર ચિ. દુષ્યંતસિંહજીના શુભ લગ્ન જયેન્દ્રસિંહ લાલુભા સરવૈયાના સુપુત્રી ચિ. ઉર્વશીબા સાથે તા. ૨૪ ના રોજ નિરધારેલ છે. ભોજન સમારંભ તા. ૨૪ ના રોજ સાંજે આશીર્વાદ ક્લબ રીસોર્ટ, પોદાર સ્કૂલ પાસે, નાઘેડી ખાતે રાખેલ છે.

### પરીખ પરિવારને ત્યાં ઢોલ ઢબુકશે
### ચિ. દક્ષ - ચિ. પ્રાચી

જામનગરના પૂર્વ મેયર અમીબેન પરીખ તથા ઉદ્યોગપતિ મનીષભાઈ અરવિંદભાઈ પરીખના સુપુત્ર ચિ. દક્ષના શુભ લગ્ન દિલીપભાઈ ભીખાભાઈ શાહ તથા દિપ્તીબેન શાહની સુપુત્રી ચિ. પ્રાચી સાથે તા. ૨૩ ના રોજ નિરધારેલ છે. ભોજન સમારંભ તા. ૨૩ ના રોજ સાંજે ૭ વાગ્યે જેવીઆર ફાર્મ રીસોર્ટ, રણજીતસાગર રોડ, રણજીતસિંહ પાર્ક, જામનગર ખાતે રાખવામાં આવેલ છે.

### ચૌહાણ પરિવારને ત્યાં શરણાઈના સૂર
### ચિ. મહાવીરસિંહ - ચિ. અનુશ્રીબા

લોકવાત દૈનિકના તંત્રી જયસિંહજી ચૌહાણ તથા ભાવનાબા ચૌહાણના સુપુત્ર ચિ. મહાવીરસિંહના શુભ લગ્ન કિરણસિંહ વાઘેલાની સુપુત્રી ચિ. અનુશ્રીબા સાથે તા. ૧૯ ના રોજ નિરધારેલ છે, ભોજન સમારંભ ઓશવાળ સેન્ટર ગ્રાઉન્ડ-૨, જામનગર ખાતે તા. ૧૯ ના રોજ સાંજે ૭.૩૦ વાગ્યે રાખેલ છે.

### નંદાણીયા પરિવારને ત્યાં ઢોલ ઢબૂકશે
### ચિ. મિહિર - ચિ. અંજલિ

મુળ લોએજ ગામના વતની અને હાલ જામનગર કોર્પોરેશનમાં ઓફિસ સુપ્રિ. તરીકે ફરજ બજાવતા ગોવિંદભાઈ જેઠાભાઈ નંદાણીયા તથા દર્શનાબેનના સુપુત્ર ચિ. મિહિરના શુભ લગ્ન જામનગર નિવાસી મેરૂભાઈ દેવશીભાઈ માડમ તથા મલુબેનની સુપુત્રી ચિ. અંજલિ સાથે તા. ૨૪ ના રોજ નિરધારેલ છે. સંગીત સંધ્યા તા. ૨૩ ના રોજ રાત્રે ૯ વાગ્યે અને ભોજન સમારંભ તા. ૨૪ ના રોજ રાત્રે ૮ વાગ્યે તથા હસ્તમેળાપ રાત્રે ૯ વાગ્યે તુલસી પાર્ટી પ્લોટ, એરોડ્રામ રોડ, ખંભાળીયા બાયપાસ પાસે રાખેલ છે.

## ગ્રામ્ય વિસ્તારોમાં ટ્રાફિક જાગૃતી માટે બેનરો લગાવાયા




જામનગરના પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલુના માર્ગદર્શન મુજબ તેમજ ના.પો. અધિક્ષક શહેર નાઓની સૂચના અનુસાર ટ્રાફિક શાખા જામનગરના પી.આઈ એમ.બી. ગજજર તથા સ્ટાફ દ્વારા ટ્રાફિક અંગેની જાગૃતિ માટે તેમજ લોકોના જીવનની સલામતી માટે જામનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં બેનરો લગાવવામાં આવ્યા હતા.


શ્રદ્ધાંજલી



સ્વ. સુરૂભા ભીખુભા જાડેજા
સ્વ. તા. ૧૬/૦૧/૨૦૨૫, (મું. પડવલ,તા. ગોંડલ)

પરિવાર જેનું મંદિર હતું, સ્નેહ જેની શકિત હતી, પરિશ્રમ જેનું કર્તવ્ય હતું, પરમાર્થ જેની ભકિત હતી, ધર્મ કદી ભૂલ્યા નહીં, વ્યવહાર કદી ચૂક્યા નહીં, લોકોને ઉપયોગી થવુ એજ આપનો જીવનમંત્ર હતો... પરિવાર માટે કુટુંબ ભાવના, સમાજ માટે આપની લાગણી, અમોને હર હંમેશ યાદ રહેશે...

પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના...
શ્રી પડવલા મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી.
- પડવલા (ચરખડી)
સમસ્ત જાડેજા પરિવારના જય માતાજી



શ્રદ્ધાંજલી



ॐ शान्ति
त्वामेव याचे मम देहि जिह्वे,
समागते दण्डधरे कृतान्ते ।
वक्तव्यमेवं मधुरं सुभक्त्या ,
गोविन्द दामोदर माधवेति ॥
हे जिह्वा, मेरी तुझसे यही प्रार्थना है,
जब मेरा अंत समय आए, उस समय
सम्पूर्ण समर्पण से गोविन्द , दामोदर ,
माधव का मधुर नाम लेना ॥

એવા શ્લોક ને સાર્થક કરતા અમારા સૌના પૂજ્યશ્રી જયેન્દ્રસિંહ ભૂપતસિંહ સોઢા
૧૪ જાન્યુઆરી ૨૦૨૫ પોષમહા કુષ્ણા પક્ષે એકમ ના રોજ
ઈશ્વર ના ચરણો મા વિલીન થયાં છે એમને સત્ સત્ વંદન.
જેમને સ્વયંમે પોતાના સહકર્મચારીઓ ને પોતાનો પરિવાર માન્યો છે તથા તેઓ ના સુખ દુઃખ મા હંમેશા સહભાગી રહ્યા છે તેમજ લોકસેવા ની પરંપરા અપનાવી પોતાના જીવન ની સુવાસ ફેલાવી છે,જે હંમેશા અમને સૌ ને લોકસેવા ના કાર્યો કરવા પ્રેરિત કરશે. આપના પારિવારિક ક્ષતિ ના આ સમય માં અમે તમારી સાથે છીએ.
"सर्वेभ्यः सर्वभावेभ्यः सर्वात्मना नमः ।"
વિજયભાઈ સાકરીયા, હિમાંશુભાઈ ધડુક, ભાવેશભાઈ પરીખ, અંકુરભાઈ વઘાસીયા, રવિભાઈ બલદાણીયા, જયદીપસિંહ જાડેજા, રાહુલભાઈ મકવાણા, શૈલેષભાઈ શ્યારા, વિજયસિંહ જાડેજા, ધર્મેન્દ્રસિંહ જાડેજા, જયભાઈ રાવલ, દિલીપભાઈ આંબલીયા, કેતનભાઈ ગુજરાતી, ધવલભાઈ પરમાર, હર્ષદભાઈ વેકરીયા



જીગરજાન મિત્રને
શ્રદ્ધાંજલી



સ્વ. રાજેશભાઈ
રવજીભાઈ ડોબરીયા
સ્વ. તા. ૧૨/૦૧/૨૦૨૫,

તમારૂ જીવન અમારી પ્રેરણા હતું, તમારા આદર્શ અમારા માર્ગદર્શન હતા, અમે તમારા સરળ જીવન, દયાળુ સ્વભાવ, ક્યારેય નહીં ભુલીએ. પરિવાર પ્રત્યે કુટુંબ ભાવના... હંમેશા લોકોને ઉપયોગી થવુ એ જ આપનો જીવનમંત્ર હતો. પ્રભુ આપના પવિત્ર આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના..

વિજયભાઈ જીવરાજભાઈ ડોબરીયા
(સરપંચશ્રી, મોટા સુખપુર)
કિશોરભાઈ પરસોત્તમભાઈ ભાદરીયા
મહેશભાઈ પરસોત્તમભાઈ ડોબરીયા
દિનેશભાઈ ખોડાભાઈ દુધાત
(જે.જે. એન્ટરપ્રાઈઝ - માર્કેટ યાર્ડ, ગોંડલ)



ચતુર્થ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



સ્વ. મોહનભાઈ નાગજીભાઈ સુદાણી
સ્વ. તા. ૧૭-૧-૨૦૨૧ ને રવિવાર

તમે એક પળમાં જિંદગીનું સંભારણું છોડી ચાલ્યા ગયા, જિંદગી હતી ટુંકી છતા, લાગણી ઘણી મુકી ગયા, મન હજુ માનતું નથી કે તમે અમારી વચ્ચે નથી, હસીને હસાવનાર અમોને રડાવી ગયા, તમારો સ્નેહ-લાગણીભર્યો સ્વભાવ સદાય અમારા હૈયે રહેશે.
પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને ચિરઃ શાંતિ અર્પે એજ પ્રાર્થના...

લી. વિનુભાઈ નાગજીભાઈ સુદાણી (સરપંચઃ દરેડ ગ્રામ પંચાયત)
દિલીપભાઈ મોહનભાઈ સુદાણી
રસીકભાઈ મોહનભાઈ સુદાણી
ઘનશ્યામભાઈ મોહનભાઈ સુદાણી
જયસુખભાઈ મોહનભાઈ સુદાણી
સુદાણી પરિવારના જયશ્રી કૃષ્ણ...

# બેટ દ્વારકામાં છ દિવસમાં ૩૯૮ સ્થળ પર ફર્યું બુલડોઝર

## અડધા અબજથી વધુ રકમની ગેરકાયદે દબાણ કરેલ જમીન ખુલ્લી કરાઈ

આજકાલ પ્રતિનિધી

દ્વારકા

બેટ દ્વારકામાં છેલ્લા છ દિવસથી મેગા ડીમોલીશન તંત્ર દ્વારા શરૂ કરવામાં આવ્યું છે, અડધા અબજથી વધુ રકમની ગેરકાયદે દબાણ કરેલ જમીન ખુલ્લી કરવામાં આવી છે, આજે મેગા ડીમોલીશનનો સાતમો દિવસ છે, બેટ દ્વારકા બાદ દ્વારકામાં પણ ગેરકાયદેસર જમીન ખુલ્લી કરવામાં આવશે તેમ આધારભુત સુત્રો દ્વારા જાણવા મળ્યું છે.

ગઈકાલે છઠ્ઠા દિવસે તંત્ર દ્વારા ૬૨ રહેણાંક તથા અન્ય એક સહિત કુલ ૬૩ દબાણો દુર કરવામાં આવ્યા હતાં, જેનું ક્ષેત્રફળ ૧૩૪૯૦ અને તેની કિંમત આંકીએ તો રૂા.૬૦૭૦૫૦૦૦ થવા જાય છે. કુલ છ દિવસમાં ૩૯૮ સ્થળો પર તંત્રનું બુલડોઝર ફરીવળ્યું છે, જેનું ક્ષેત્રફળ ૧૧૪૧૩૨ અને તેની અંદાજીત કિંમત રૂા.૫૯૧૧૩૦૫૦૦ થવા જાય છે.

તંત્ર દ્વારા બેટદ્વારકા યાત્રાધામમાં ૧૧ જાન્યુઆરીથી શરૂ કરવામાં આવેલ મેગા ડીમોલીશન ગઈકાલે છઠ્ઠા દિવસે યથાવત રહ્યું હતું અને આજે પણ ચાલું રહેશે, બેટદ્વારકાના ભીમસર તળાવ વિસ્તારમાં ગેરકાયદે દબાણ હટાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. તંત્ર દ્વારા ચૂસ્ત પોલીસ બંદોબસ્ત હેઠળ અત્યાર સુધીમાં ૧૧૪૧૩૨ જમીન ખુલ્લી કરવામાં આવી છે અને હજુ પણ બેટદ્વારકા અને આસપાસમાં કોઈ જગ્યાએ સરકારી જમીન પર ગેરકાયદેસર દબાણો દુર કરવામાં આવશે.





(તસવીર :ઓમ થોભાણી)

છેલ્લા છ દિવસમાં મેગા ડીમોલીશનની ડ્રાઈવ દરમ્યાન કોઈપણ સ્થળે અનિચ્છનીય બનાવ બન્યો ન હતો, તંત્ર તેમજ એસપી નીતેશ પાંડેયની દેખરેખ હેઠળ તમામ પ્રકારની તકેદારી રાખવામાં આવી રહી છે. સરકારી જમીનો પરના દબાણો દુર થતાં હવે વિકાસના કાર્યોને વેગ મળશે.

દ્વારકાના પ્રાંત અધિકારી અમોલ આવટે અને જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયની આગેવાનીમાં ગત તા.૧૧થી શરૂ થયેલ ડીમોલીશન ગઈકાલે છઠ્ઠા દિવસમાં પ્રવેશ કર્યો હતો. આ ઓપરેશન દરમ્યાન બેટદ્વારકા વિસ્તારમાં કુલ ૫૯ કરોડથી વધુની સરકારી જમીનો ખુલ્લી કરવામાં આવી છે. બેટદ્વારકામાં તોડફોડ બાદ ઠેર-ઠેર કોંક્રેટના ઢગલાઓ જોવા મળી રહ્યા છે.

બેટદ્વારકા દરિયાકાંઠાનો સંવેદનશીલ વિસ્તાર છે અને સુરક્ષાની દ્રષ્ટિએ પણ ખુબ જ અગત્નો હોય અહીં આવતા પ્રવાસીઓની સુરક્ષા માટે હાલની કામગીરી દરમ્યાન સુદર્શન સેતુ તેમજ બજારો બંધ રાખવામાં આવી હતી, ગઈકાલથી બેટદ્વારકાના કૃષ્ણમંદિર, હનુમાન દાંડી, ૮૪ ધુણા વગેરે ધર્મસ્થળો યાત્રીકો માટે ખુલ્લી મુકી દેવામાં આવ્યા છે ત્યારે સુદર્શન સેતુ સાથે બેટદ્વારકા વિસ્તાર યાત્રીકોના આવગમનને કારણે પુનઃ ધબકતો થયો છે. પોલીસના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે મોટી સંખ્યામાં પ્રવાસીઓ પણ આવી રહ્યા છે અને પરીસ્થિતિ નિહાળી રહ્યા છે.

# ભાણવડમાં ઉતરાયણ પર્વ દરમ્યાન છ પક્ષીઓ પતંગની દોરીથી થયા ઘાયલ

## રેસક્યુ બાદ કરાઈ સારવારઃ એનીમલ લવર્સ ચેરીટિબલ ટ્રસ્ટ દ્વારા પક્ષીબચાવ કામગીરી કરાઈ

આજકાલ પ્રતિનિધિ

ભાણવડ

ભાણવડ પંથકમાં ગઈકાલે કરૂણા અભિયાન અંતર્ગત વન વિભાગ - ભાણવડના કર્મચારીઓ અને એનિમલ લવર્સ ચેરીટેબલ ટ્રસ્ટના સભ્યો દ્વારા ઉતરાયણ પર્વની ઉજવણીમાં ઈજાગ્રસ્ત થયેલા પક્ષીઓને બચાવવા પક્ષી બચાવો અભિયાન હાથ ધરાયું હતું.

જેમાં કુલ છ પક્ષીઓ પતંગની દોરથી ઈજાગ્રસ્ત થતાં રેસક્યુ કરી સારવારની વ્યવસ્થા કરાઈ હતી, રેસક્યુ કાર્ય દરમ્યાન ચાર કબૂતર અને બે ઘુવડ (રેવિદેવી) પ્રજાતિના પક્ષીઓ ઈજાગ્રસ્ત થયા હતા, આ છ પક્ષીઓમાંથી ૨ કબૂતર અને ૧ ઘુવડ તંદુરસ્ત જણાતા તેને મુક્ત કરી દેવાયા હતા, એક કબૂતર રેસક્યુ બાદ મૃત્યુ પામ્યું હતું અને ૨ પક્ષીઓ માટે વધુ સારવારની વ્યવસ્થા કરાઈ હતી.




(તસવીર :કિશન ગોજીયા)

વળી ઉતરાયણ દરમ્યાન ભાણવડ ખાતે વન વિભાગ અને અબોલ જીવોની સેવાર્થે જાણીતી સંસ્થા એનિમલ લવર્સ ચેરી. ટ્રસ્ટ દ્વારા જકાત નાકા, રણજીત પરા સ્થિત શિવ બળદ આશ્રમ , રવિરાજ હોટેલ વિસ્તાર ખાતે સરકારી વેર્ટનરી ડોકટર્સ ટીમ અને માડમ ટ્રસ્ટના ડોકટર્સની ટીમની મદદથી સારવાર કેન્દ્ર ખુલ્લા મુકાયા હતા.

ગુજરાત સરકારના કરૂણા અભિયાન અંતર્ગત વન વિભાગના નોર્મલ રેન્જ અને સામાજિક વિસ્તરણ રેન્જના કર્મચારીઓ, એનિમલ લવર્સ ચેરીટેબલ ટ્રસ્ટના સ્વયં સેવકો, સરકારી પશુ દવાખાના અને માડમ ટ્રસ્ટના ડોકટર્સ જોડાઈ,અને નિર્દોષ પક્ષીઓને બચાવવાનો પ્રસંશનીય પ્રયાસ કરાયો હતો.

ઉપરાંત એનિમલ લવર્સ ચેરીટેબલ ટ્રસ્ટના સભ્યો અને વન વિભાગની ટીમ દ્વારા ઉતરાયણ બાદ પણ પક્ષીઓ કે અન્ય કોઈ પતંગ - દોરાને લીધે અકસ્માતનો ભોગ ન બને તે હેતુથી આગામી દિવસોમાં ભાણવડ પંથકમાં વીજ થાંભલાઓ તેમજ વૃક્ષો પર લટકતા પતંગ અને દોરાઓ દૂર કરવાનું અભિયાન પણ હાથ ધરવામાં આવશે.

# બેટદ્વારકા મંદિરના દ્વાર ભકતો માટે ખોલાયા

આજકાલ પ્રતિનિધિ

દ્વારકા

દેવભૂમિ દ્વારકા જિલ્લાના યાત્રાધામ બેટ દ્વારકામાં ગત શનિવારે તંત્ર દ્વારા હાથ ધરાયેલા મેગા ડિમોલેશનના ચોથા દિવસે ભગવાન દ્વારકાધીશના રાણીવાસ મંદિરના દ્વાર ભકતો માટે ખોલી નાખવામાં આવ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, ચાર દિવસથી ચાલી રહેલા મેગા ડીમોલેશન અંતર્ગત ભકતોની સુખાકારી માટે બેટ દ્વારકા આવન જાવન માટે ભકતોને મનાઈ ફરમાવવામાં આવી હતી. જેના હિસાબે બહારગામથી આવતા યાત્રીકો નિરાશ થયા હતા. જ્યારે ચોથા દિવસે ભકતો માટે ભગવાન દ્વારકાધીશના રાણીવાસના દ્વાર ભકતો માટે ખોલાતા, મોટી સંખ્યામાં ભકતો દર્શન કરવા બેટ દ્વારકા ખાતે પહોંચ્યા હતાં.



(તસવીર :ઓમ થોભાણી)

# વીજચોરીના ગુન્હામાં ધ્રોલના આસામીને પુરવણી બીલ કરતા ત્રણ ગણો દંડ ભરવા હુકમ કરતી અદાલત

## સરકારી વકીલ પિયુષ પરમારની ધારદાર દલીલ ગ્રાહ્ય રાખતી કોર્ટ

આજકાલ કાર્યાલય-જામનગર

આ કેસની હકીકત એવી છે કે જામનગર જિલ્લાના ધ્રોલ ગામમાં રહેતા ફારુકભાઈ ગફારભાઈ જુણેજા એ ગાયત્રી નગર, પ્લોટ વિસ્તારમાં પોતાનાં રહેણાંક મકાનમાં વીજ મીટર ન હોય, અને ઘરની નજીકથી પસાર થતી વીજલાઈનના થાંભલા ઉપરથી સર્વિસ વાયર જોડી ઘરમાં વીજ વપરાશ કરતા પી.જી.વી.સી.એલ. નાં અધિકારી દ્વારા તેમનાં ઘરનું ૨૦૧૮માં ચેકીંગ કરવામાં આવતા તેઓ વીજચોરી કરતા હોવાનું માલુમ પડતા તેઓને રૂ. ૪૯૨૬. ૫૧ પૈસાનું બીલ આપી તેની સામે ફોજદારી રાહે ધી ઈન્ડીયન ઈલેક્ટ્રીસીટી એક્ટ ની કલમ-૧૩૫ મુજબ ગુનો દાખલ કરવામાં આવેલ હતો. ત્યારબાદ પોલીસ દ્વારા પૂરતા પુરાવા એકઠા કરી ધ્રોલ કોર્ટમાં રજુ રાખેલ હતો. ત્યારબાદ કેસની સુનવણી સત્તા સેશન્સ કોર્ટને હોવાથી સને-૨૦૨૧માં તે કેસ ટ્રાન્સમીટ થયેલ.

સદર કેસ જામનગરનાં એડી. એન્ડ સેશન્સ જજ વી.પી. અગ્રવાલની કોર્ટમાં ચાલી જતા તમામ સાહેદોની જુબાની તથા નિવેદનો તેમજ દલીલો સાંભાળી આરોપી ફારુકભાઈને તકસીરવાન ઠરાવવાનો હુકમ કરવામાં આવેલ અને આરોપીને એક વર્ષનાં પ્રોબેશન ઉપર રૂ.૨૫,૦૦૦/- નાં જામીન તથા જાતમુચરકા રજુ કરવા હુંકમ કરવામાં આવેલ. તેમજ આરોપીઓ વિજચોરીનાં બીલની રકમની ત્રણ ગણી રકમ દંડ પેટે દિવસ-૩૦ માં ભરવાનો હુંકમ કરવામાં આવેલ છે. અને જો આરોપી દંડની રકન ન ભરે તો ૬ માસની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવેલ છે. સરકાર તરફે આ કેસમાં સરકારી વકીલ પિયુષ પરમાર રોકાયા હતા.

# દેવગઢ પ્રાથમિક શાળા ખાતે ૭૦માં સ્થાપના દિન નિમિત્તે ઉજવણી

આજકાલ પ્રતિનિધિ

કાલાવડ

સાયલા તાલુકાના નડાળા કલ્સ્ટર દેવગઢ પ્રાથમિક શાળા ખાતે ૭૦ મા સ્થાપના દિન નિમિતે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતુ. તે સાથે શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને હાલ સરકારી નોકરી કરતા કર્મચારીનો સન્માન કાર્યક્રમ અને શાળાના કર્મનિષ્ઠા શિક્ષક કિરણભાઈ હદવાણીનો વિદાય સંભારંભ યોજાયો હતો. જેમાં શાળાના ભૂતપૂર્વ આચાર્ય મૂળજીભાઈ પરાલીયા અને હાલ જીલ્લા પંચાયત સદસ્ય તેમજ સાયલા તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી ધામી, નડાળા પે.સેન્ટરના આચાર્ય મહેશભાઈ તેમજ નડાળા પે.સેન્ટર તાબા હેઠળની શાળાઓના આચાર્ય સી.આર.સી કોઓર્ડીનેટર ગભરુભાઈની ઉપસ્થિતિમાં ઉજવણી કરવામાં આવી હતી.

શાળાના ૭૦ માં સ્થાપના દિન નિમિત્તે દેવગઢ પ્રાથમિક શાળાના ભૂતપૂર્વ આચાર્ય અને હાલ સુરેન્દ્રનગર જિલ્લાની સુદામડા સીટના જિલ્લા પંચાયતના સદસ્ય મૂળજીભાઈ જણાવ્યું કે હાલના ટેક્નોલોજીના યુગમાં બાળકોને નવી દિશા આપવાની જરૂર છે તેમજ બાળકો આજના સ્માર્ટ યુગમાં સ્માર્ટ બને અને બાળકો અવનવી ટેકનોલોજીથી વાકેફ થાય અને સારું શિક્ષણ મેળવે એના માટે વાલીઓ પણ જાગૃત બને સી.આર.સી ગભરૂભાઈ દ્વારા ઉપસ્થિત વાલીઓ અને બાળકોને શીખ આપતા જણાવ્યું કે દરેક બાળક અલગ અલગ વિભાગમાં અલગ અલગ વિષયમાં અને અલગ અલગ ટેકનોલોજી સાથે આગળ વધે દરેક બાળકમાં સુષુપ્ત શક્તિ રહેલી છે અને એ સુષુપ્ત શક્તિનો યોગ્ય રીતે ઉપયોગ થાય અને તેના માટે શિક્ષક રાહબર બને યોગ્ય દિશાથી દે એટલે કોઈ બાળક ક્યારેય પાછી પાની નહીં કરે



(તસવીર :પ્રકાશ આહીર)

દેવગઢ પ્રાથમિક શાળાની બાળાઓએ દીકરો મારો લાડકવાયો અભિનય ગીત કરીને ઉપસ્થિત વાલીઓ અને શિક્ષકોની આંખો ભીની કરી એવું ધારદાર રજૂઆત કરી આ તકે હું સીઆરસી કો-ઓર્ડીનેટર ગભરૂભાઈ દેવગઢ પ્રાથમિક શાળાના આચાર્ય તેમજ શાળાના સ્ટાફ પરિવાર અને જેના થકી કાર્યક્રમ ઉજળો બન્યો એવા શાળાના બાળકો અને આ કાર્યક્રમને શોભાવનાર ગામના વાલીગણ તેમજ ફરીવાર અભિનંદન આપવાનું મન થાય કે જેમને આ કાર્યક્રમ સફળ બનાવવા જહેમત ઉઠાવી એવા મેઘાભાઈ જોગરાના અને શાળા પરિવારને ખુબ ખુબ અભિનંદન આપવામાં આવ્યા.

# સલાયાના ૧૫ જેટલા સભ્યો ઉમરાહ (હજ) કરવા નીકળ્યા

## વેપારી મંડળ દ્વારા ફૂલહાર કરી અપાઈ વિદાય



(તસવીર :આનંદ લાલ)

આજકાલ પ્રતિનિધિ-સલાયા

સલાયામાં મુસ્લિમ સમાજના અગ્રણી કરીમભાઈ સંઘાર (ટેન્કર વારા) નાં પરિવારના એકી સાથે ૧૫ જેટલા પરિવારજનો ઉમરાહ (હજ) કરવા નીકળ્યા હતા. જેમાં સલીમભાઈ, હમિદભાઈ અને આમીનભાઈ તેમજ એમના પરિવારના કુલ ૧૫ જેટલા સભ્યો સલાયાથી મક્કા મદીના યાત્રાએ નીકળ્યા હતા.આં તકે સલાયા વેપારી એશોશિયેશનનાં પ્રમુખ ભરતભાઈ લાલ દ્વારા એમને ફૂલહાર કરી સન્માનિત કર્યા હતા. અને સફળ યાત્રાની શુભકામનાઓ પાઠવી વિદાઈ આપી હતી.

# કસ્તુરબા સ્ત્રી વિકાસ ગૃહ ખાતે યોજાયું શિક્ષણ વિમર્શ કાર્યક્રમ



આજકાલ પ્રતિનિધિ

જામનગર

ગુજરાતી કેળવણી પરિષદ અમદાવાદ અને જામનગર કેન્દ્રનાં સયુંકત ઉપક્રમે કસ્તુરબા સ્ત્રી વિકાસ ગૃહ જામનગર નાં સહયોગથી એકદિવસીય ''શિક્ષણ વિમર્શ'' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ માં જામનગર શહેર જિલ્લાના ૨૫૦ થી વધારે શિક્ષકો હાજર રહ્યાં હતાં.

બાળ વાર્તા દ્વારા શિક્ષણ વિષયે ગીરાબેન ભટ્ટે જણાવ્યું કે મારી શાળાને મેં ઉત્તમ કેવી રીતે બનાવી એ વિષયે મહિપાલ સિંહ જેતાવત તથા માણસાઈની કેળવણી વિષયે મનસુખભાઈ સલ્લાએ મનનીય પ્રવચન આપ્યાં હતાં. કાર્યક્રમનાં પ્રારંભમાં વિકાસ ગૃહનાં પ્રમુખ કરશનભાઈ ડાંગરએ સૌનું શાબ્દિક સ્વાગત કર્યું હતું અને સૌ વકતાઓનું સૂત્ર માળા અને ખેસથી સન્માન કર્યું હતું.

કાર્યક્રમનું સંચાલન સંયોજક દર્શનબેન પટેલ અને પાર્થ પંડ્યાએ કર્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા પ્રભુભાઈ ચાંદ્રા,આશર ,ડો ભંડેરી,કાનાણી ,વાદી ,વસોયા ,દિલીપભાઈ વ્યાસ દ્વારા જેહમત ઉઠાવામાં આવી હતી.

# રણજીતપર વાડીશાળામાં લોકાર્પણનો કાર્યક્રમ યોજાયો




(તસવીર :મુકેશ વરીયા)

## કલેકટર, દાતાઓ ખાસ ઉપસ્થિત

આજકાલ પ્રતિનિધિ

ફલ્લા

જામનગર તાલુકાના ફલ્લા નજીકનાં રણજીતપર ગામની વાડીશાળામાં લોકાર્પણનો કાર્યક્રમ જામનગર કલેકટર, દાતા તથા ગ્રામજનોની ઉપસ્થિતિમાં યોજાયો હતો.

રણજીતપર ગામની વાડીશાળાનાં રીનોવેશન માટે રાજકોટનાં રવીકુમાર ભારદીયા, ફાઉન્ડેશનના સ્થાપક અને ભામાશાની છાપ ધરાવતા અમુભાઈ ભારદીયા દ્વારા રૂા. ૨૨ લાખનાં ખર્ચે શાળાનાં મકાનમાં રીનોવેશન કરવામાં આવ્યુ હતુ.

આ પ્રસંગે જામનગર કલેકટર બી.કે. પંડયા, પુરવઠા અધિકારી, જિલ્લા શિક્ષણઅધિકારી, પ્રાંત અધિકારી, મામલતદાર, દાતા, રાજુભાઈ ભારદીયા, બીલ્ડર મીહીરભાઈ આહીર, શાળાનાં આચાર્ય, તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગ ઉત્સાહપુર્વક ગ્રામજનોએ ભાગ લઈ વાડીશાળાનાં લોકાર્પણ કાર્યક્રમને વધાવ્યો હતો.

## દેશ–પરદેશની આજકાલ

તંત્રી સ્થાનેથી

# શું ભૂકંપથી ભારત લીટરલી બે ભાગમાં વહેંચાઈ જશે?

તાજેતરના સંશોધનથી વૈજ્ઞાનિકોને ચોંકાવનારી માહિતી મળી છે કે ભારતીય ટેક્ટોનિક પ્લેટ તૂટવા લાગી છે. પરિણામે, ભવિષ્યમાં ભારત બે ભાગમાં વહેંચાઈ જવાનો ભય છે. આ ભૂસ્તરશાસ્ત્રીય ઘટના આપણને આફ્રિકા ખંડના વિભાજનની યાદ અપાવે છે, જ્યારે લાખો વર્ષો પહેલા આફ્રિકા અને એશિયા અલગ થઈ ગયા હતા અને ભારતીય ઉપખંડ એશિયા સાથે જોડાયેલો હતો. આ અભ્યાસ આપણને પૃથ્વીની સપાટી નીચે થઈ રહેલા વિશાળ ભૂસ્તરશાસ્ત્રીય ફેરફારો પ્રત્યે સચેત કરે છે. વૈજ્ઞાનિક વિશ્વમાં લાંબા સમયથી એવું માનવામાં આવે છે કે હિમાલય પર્વતમાળા ભારતીય અને યુરેશિયન ટેક્ટોનિક પ્લેટો વચ્ચેના અથડામણને કારણે રચાઈ હતી. આ અથડામણ લગભગ ૬૦ મિલિયન વર્ષો પહેલા શરૂ થઈ હતી, જ્યારે ભારતીય પ્લેટ ઉત્તર તરફ ખસી ગઈ અને યુરેશિયન પ્લેટ સાથે અથડાઈ. આ ભૂસ્તરીય અથડામણે હિમાલયના ઊંચા શિખરોને જન્મ આપ્યો, પરંતુ તે જ સમયે આ અથડામણ હજુ પણ ચાલુ છે અને ઊંડાણમાં દબાણ વધી રહ્યું છે. તાજેતરમાં વૈજ્ઞાનિકોએ સંશોધન દરમિયાન શોધી કાઢ્યું છે કે ભારતીય પ્લેટ હવે તૂટવાની સ્થિતિમાં છે. આ ભૂસ્તરશાસ્ત્રીય ઘટના મહત્વપૂર્ણ છે કારણ કે તે ભારતના ભૌગોલિક માળખામાં મોટા ફેરફારો લાવી શકે છે. તેના સૂચકાંકો એ છે કે ભૂગર્ભ સ્તરોના સ્થળાંતરને કારણે, પ્લેટમાં તિરાડો દેખાઈ રહી છે અને તે ધીમે ધીમે વિભાજીત થઈ શકે છે. આફ્રિકાનો ઈતિહાસ પણ અલગ થવાનું એક સમાન ઉદાહરણ દર્શાવે છે, જ્યારે આફ્રિકન પ્લેટ અને એશિયન પ્લેટ અલગ થઈ ગઈ. આફ્રિકામાં ગ્રેટ રિફ્ટ વેલીની રચના સમાન ભૂસ્તરશાસ્ત્રીય વિભાગ દ્વારા કરવામાં આવી હતી. વૈજ્ઞાનિકો માને છે કે આવું વિભાજન ભારતીય ઉપખંડમાં પણ થઈ શકે છે, જેના કારણે ભારત બે મોટા ભાગોમાં વિભાજીત થઈ શકે છે. ભારતીય અને યુરેશિયન પ્લેટોની અથડામણને કારણે, હિમાલય દર વર્ષે થોડા મિલીમીટરના દરે વધી રહ્યો છે. જોકે, ભૂસ્તરશાસ્ત્રીય દબાણ પણ વધી રહ્યું છે, જે આ વિશાળ પર્વતમાળાના ભવિષ્ય વિશે ચિંતાઓ ઉભી કરી રહ્યું છે. વૈજ્ઞાનિકોએ આ વાત નોંધી છે અને ચેતવણી આપી છે કે આવી પ્રવૃત્તિઓ મોટા ભૂકંપનું કારણ બની શકે છે, જેમ કે ૨૦૧૫ માં નેપાળમાં ૭.૮ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો અને ભારે વિનાશ સર્જાયો હતો. વૈજ્ઞાનિકો કહે છે કે વિભાજનની આ પ્રક્રિયા ધીમે ધીમે થઈ રહી છે અને તેને પૂર્ણ થવામાં લાખો વર્ષો લાગી શકે છે. પરંતુ તેના સૂચકાંકો પહેલાથી જ સ્પષ્ટ થઈ રહ્યા છે. ભારતીય પ્લેટમાં દેખાતી તિરાડો સૂચવે છે કે ભવિષ્યમાં આ ખંડીય પ્લેટનું વિભાજન શક્ય છે. જોકે વૈજ્ઞાનિકો હજુ સુધી આ વિભાજનના ચોક્કસ સમયનો અંદાજ લગાવી શક્યા નથી, પરંતુ ભૂસ્તરશાસ્ત્રીય અભ્યાસોમાં આના સ્પષ્ટ પુરાવા મળી રહ્યા છે. આ ભૂસ્તરશાસ્ત્રીય ઘટના એક લાંબી પ્રક્રિયા હોઈ શકે છે, પરંતુ તે ચોક્કસપણે ભારતના ભૌગોલિક માળખામાં મોટા ફેરફારો લાવી શકે છે. વૈજ્ઞાનિકો દ્વારા કરવામાં આવેલા નવા સંશોધનથી સ્પષ્ટ થયું છે કે ભારતીય પ્લેટનું વિભાજન નજીકના ભવિષ્યમાં એક મહત્વપૂર્ણ ઘટના બની શકે છે જેની અસર માત્ર ભૌગોલિક રીતે જ નહીં પરંતુ માનવ જીવન પર પણ પડી શકે છે. ભારતીય વૈજ્ઞાનિકો તેનો સતત અભ્યાસ કરી રહ્યા છે જેથી તેના સંભવિત પરિણામોની આગાહી કરી શકાય અને આવનારા જોખમોનો સામનો કરવા માટે પગલાં તૈયાર કરી શકાય.

# નાથન એન્ડરસનનો વાંચવા જેવો પત્ર

## જાતને સાબિત કરવાનો મકસદ પૂરો થઈ ગયા પછી વિરામ લેવાની હિંમત

### પરિપ્રેક્ષ્ય

નાથન એન્ડરસને હિન્ડનબર્ગ રિસર્ચ ફર્મ બંધ કરવાની આખી કથા અને તેમની સફર શેર કરી છે. નાથન એન્ડરસને પોતાની નોંધમાં કહ્યું કે હિન્ડનબર્ગ રિસર્ચને બંધ કરવાનો નિર્ણય ખૂબ જ સમજી-વિચારીને લેવામાં આવ્યો છે. તેમનું કહેવું છે કે જે હેતુ માટે કંપની શરૂ કરવામાં આવી હતી તે પૂર્ણ થયા પછી, તે બંધ થઈ જશે. હિન્ડનબર્ગ રિસર્ચ ફર્મ બંધ કરવાના નિર્ણય અંગે એન્ડરસને સ્પષ્ટતા કરી કે તે ખૂબ જ વ્યક્તિગત નિર્ણય હતો. ખાસ કંઈ નથી – કોઈ ખાસ ખતરો નથી, કોઈ સ્વાસ્થ્ય સમસ્યા નથી અને કોઈ મોટી વ્યક્તિગત સમસ્યા નથી. હું ગયા વર્ષના અંતથી મારા પરિવાર, મિત્રો અને ટીમને આ વિશે કહી રહ્યો હતો. અમે જે વિચારો પર કામ કરી રહ્યા હતા તે પૂર્ણ થતાં જ હિન્ડનબર્ગ સંશોધન બંધ કરવાની યોજના હતી, અને આજે તે દિવસ આવી ગયો છે.

નાથન એન્ડરસને કહ્યું કે હું આ બધું ખુશીથી કરી રહ્યો છું અને આ બનાવવું એ મારા જીવનનું સ્વપન રહ્યું છે. તેમણે પોતાની નોંધમાં આગળ લખ્યું, 'શરૂઆતમાં મને ખબર નહોતી કે સંતોષકારક ઉકેલ શોધવાનું શક્ય બનશે કે નહીં.' તે સરળ પસંદગી નહોતી, પણ મને જોખમની ખબર નહોતી અને હું તેના તરફ આકર્ષાયો. તેમણે કહ્યું, 'જ્યારે મેં આ કામ શરૂ કર્યું, ત્યારે મને શંકા હતી કે હું તે કરવા સક્ષમ છું કે નહીં.' મને પરિવારનો આર્થિક ટેકો નહોતો. મારા કોઈ સગા આ વિસ્તારના નથી. હું સરકારી શાળાનો શિક્ષક હતો, વેચનાર નહોતો. મને પહેરવા માટે યોગ્ય કપડાં ખબર નથી. હું ગોલ્ફ રમી શકતો નથી. હું એવો સુપરહ્યુમન નથી જે ૪ કલાકની ઊંઘ સાથે કામ કરી શકું. હું મારી મોટાભાગની નોકરીઓમાં સારો કર્મચારી રહ્યો છું, પરંતુ મોટાભાગે મને અવગણવામાં આવતો હતો. જ્યારે મેં શરૂઆત કરી ત્યારે મારી પાસે પૈસા નહોતા અને શરૂઆતથી જ ૩ મુકદ્દમાનો સામનો કર્યા પછી, મારી પાસે પૈસા ખતમ થઈ ગયા.

જો મને વિશ્વ કક્ષાના વ્હિસલબ્લોઅર વકીલ બ્રાયન વુડનો ટેકો ન મળ્યો હોત, જેમણે નાણાકીય સંસાધનોના અભાવ છતાં કેસ ચલાવ્યા હોત, તો હું શરૂઆતના તબક્કામાં જ નિષ્ફળ ગયો હોત. મારી પાસે એક નવજાત બાળક હતું અને તે સમયે મને બહાર કાઢવામાં આવી રહી હતી. મને ડર લાગતો હતો, પણ મને ખબર હતી કે જો હું સ્થિર રહીશ તો હું તૂટી જઈશ. મારી પાસે એકમાત્ર વિકલ્પ હતો કે હું આગળ વધતો રહું. નકારાત્મક વિચારોમાં ડૂબી જવું અને બીજાઓના મંતવ્યો પર વિશ્વાસ કરવો ખૂબ જ સરળ છે, ખાસ કરીને જ્યારે વસ્તુઓ નિરાશાજનક લાગે છે. પરંતુ આ બધું તોડવું શક્ય છે. મને તેના પ્રત્યે ઉત્સાહ હતો અને મારા ડર અને અસલામતી હોવા છતાં મેં તેનો પીછો કર્યો. અને પછી ધીમે ધીમે તે ખીલવા લાગ્યું.

એક પછી એક, અને કોઈ સ્પષ્ટ આયોજન વિના, અમે ૧૧ લોકોની ટીમ બનાવી. મેં તે દરેકને એટલા માટે નોકરી પર રાખ્યા નહીં કે અમને કર્મચારીઓની જરૂર હતી, પરંતુ જ્યારે અમારા સંબંધો એકબીજા સાથે મળ્યા અને મેં જોયું કે તેઓ કોણ છે, ત્યારે મને સમજાયું કે તેમને નોકરી પર ન રાખવું એ ગાંડપણ હોત. તેઓ બધા સ્માર્ટ, ધ્યાન કેન્દ્રિત અને કામ કરવામાં મનોરંજક છે. કોઈ અહંકાર નથી. જ્યારે તમે તેમને મળો છો, ત્યારે તેઓ બધા ખૂબ જ સારા અને નમ્ર હોય છે, પરંતુ જ્યારે આ ક્ષેત્રની વાત આવે છે, ત્યારે તેઓ સખત મહેનતુ અને ઉત્સાહી હોય છે, વિશ્વ કક્ષાનું કામ કરવા સક્ષમ હોય છે. મારી જેમ, અમારી ટીમ પરંપરાગત શ્રીમંત પરિવારોમાંથી નહોતી. મારો પહેલો કર્મચારી ઘણીવાર પોતાને ભૂતપૂર્વ બારટેન્ડર તરીકે વર્ણવે છે. આપણા બધાનો દુનિયા પ્રત્યેનો દૃષ્ટિકોણ સમાન છે, તેઓ બધા મારા માટે પરિવાર જેવા છે.

અમે બધાએ સખત મહેનત કરી છે, ચોકસાઈ પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે, અને હકીકતોના આધારે આપણા વિચારો વ્યક્ત કર્યા છે. ક્યારેક એનો અર્થ એ થાય કે મોટા પ્રહારો કરવા અને એવી લડાઈઓ લડવી જે આપણામાંથી કોઈ પણ સંભાળી શકે તેના કરતાં મોટી હોય. છેતરપિંડી, ભ્રષ્ટાચાર અને નકારાત્મકતા ઘણીવાર મોટા પાયે દેખાતી હોય તેવું લાગે છે. શરૂઆતમાં ન્યાયની ભાવના સામાન્ય રીતે અગમ્ય હતી. જ્યારે તે બન્યું, ત્યારે તે ખૂબ જ સંતોષકારક હતું. જ્યારે અમને તેની જરૂર હતી ત્યારે તેણે અમને આગળ વધવામાં મદદ કરી. અને હા, અમે આખરે અસર કરી – શરૂઆતમાં મેં વિચાર્યું હતું તેના કરતાં વધુ, ઓછામાં ઓછું અમારા કાર્યને કારણે, નિયમનકારોએ અબજોપતિઓ અને અલીગાર્ક સહિત લગભગ ૧૦૦ વ્યક્તિઓ સામે નાગરિક અથવા ફોજદારી આરોપો મૂક્યા. અમે કેટલાક સામ્રાજ્યોને હચમચાવી નાખ્યા જેને અમને હચમચાવી નાખવાની જરૂર લાગી. સમય જતાં, લોકો સમજવા લાગ્યા કે અમે શું બતાવી શકીએ છીએ, કે તમે કોઈ પણ હોવ તો પણ, અસર શક્ય છે.

અમે નિર્ભય નથી – અમને ફક્ત સત્યમાં શ્રદ્ધા છે અને આશા છે કે તે આપણને સાચા માર્ગ પર લઈ જશે. આ બધા માટે હું આભારી છું. અમારી પાસે ઘણી કહેવા જેવી કથાઓ અને યાદો છે. દબાણ અને પડકારો વચ્ચે અમને ખૂબ મજા આવી. તે જીવનભરનું સાહસ રહ્યું છે.

તો પછી હવે અલગ કેમ થવું? કંઈ ખાસ નથી – કોઈ ખાસ ખતરો નથી, કોઈ સ્વાસ્થ્ય સમસ્યા નથી અને કોઈ મોટી વ્યક્તિગત સમસ્યા નથી.

કોઈએ મને એકવાર કહ્યું હતું કે એક ચોક્કસ સમયે સફળ કારકિર્દી સ્વાર્થી કૃત્ય બની જાય છે. શરૂઆતમાં, મને લાગ્યું કે મારે મારી જાતને અમુક બાબતો સાબિત કરવાની જરૂર છે. હવે મને આખરે મારામાં થોડો આરામ મળ્યો છે, કદાચ મારા જીવનમાં પહેલી વાર. જો હું મારી જાતને પરવાનગી આપત તો હું કદાચ આ હંમેશા માટે કરી શક્યો હોત, પરંતુ પહેલા મારે મારી જાતને કેટલીક સમસ્યાઓમાંથી પસાર કરવી પડી. હવે હું હિન્ડનબર્ગને મારા જીવનના એક પ્રકરણ તરીકે માનું છું, મને વ્યાખ્યાયિત કરતું કેન્દ્રબિંદુ નહીં.

રાહત મેળવવાની મારી પોતાની ઈચ્છા ઉપરાંત, અમે જે માહિતી એકત્રિત કરી છે તેને અમારી નાની ટીમ સુધી મર્યાદિત રાખવી એ પણ સ્વાર્થી લાગ્યું. વર્ષોથી, અમને તમારામાંથી ઘણા લોકો તરફથી હજારો સંદેશાઓ મળ્યા છે જેમાં પૂછવામાં આવ્યું છે કે અમે આ બધું કઈ રીતે કરીએ છીએ, અથવા શું તમારી ટીમમાં જોડાઈ શકીએ છીએ? મેં તે બધા વાંચ્યા છે અને હું એ શોધવાનો પ્રયાસ કરી રહ્યો છું કે હું કેવી રીતે જવાબ આપું જેથી દરેકને જવાબો મળી શકે – તેથી આગામી ૬ મહિનામાં હું અમારા મોડેલના દરેક પાસાં અને અમે અમારા પરીક્ષણ કેવી રીતે કરીએ છીએ તે જોઈશ. હું હું તેના વિશેની માહિતી ઓપન-સોર્સ મુકવા માગું છું. તેના માટેના વિડિઓઝની શ્રેણી પર કામ કરવાની યોજના બનાવી રહ્યો છું.

મને આશા છે કે જ્યારે અમે અમારી પ્રક્રિયાને સંપૂર્ણ રીતે શેર કરીશું, ત્યારે થોડા વર્ષોમાં મને કોઈ એવી વ્યક્તિ તરફથી એક અવાંછિત સંદેશ મળશે જે આ વાંચે છે (કદાચ તમે), જે સમાન જુસ્સો અપનાવે છે, કલા શીખે છે, અને પોતાના માર્ગ પર ચાલે છે.

હમણાં માટે, હું ખાતરી કરવા પર ધ્યાન કેન્દ્રિત કરીશ કે અમારી ટીમના દરેક વ્યક્તિ જ્યાં આગળ વધવા માંગે છે ત્યાં પહોંચે. કેટલાક લોકો પોતાની સંશોધન પેઢીઓ શરૂ કરવા જઈ રહ્યા છે, જેને હું ભારપૂર્વક અને જાહેરમાં પ્રોત્સાહન આપીશ, ભલે મારી તેમાં કોઈ વ્યક્તિગત સંડોવણી ન હોય. અમારી ટીમમાં બીજા પણ છે જેઓ હવે સ્વતંત્ર એજન્ટ છે – તેથી જો તમને કોઈ પ્રતિભાશાળી, ધ્યાન કેન્દ્રિત અને કામ કરવામાં સરળ વ્યક્તિની જરૂર હોય, તો મારો સંપર્ક કરવા માટે નિઃસંકોચ રહો, કારણ કે તે બધા જ છે.

મને હંમેશા આ વાત સમજાતી નહોતી, પણ હવે હું આ બધું એક પ્રેમકથા તરીકે જોઉં છું. મારી પત્ની, તું મારી સાથે ખૂબ ધીરજથી વર્તતી રહી છે. હળવાશથી કહેવું સહેલું નહોતું અને હું હંમેશા આભારી રહીશ કે તમે ખૂબ બલિદાન આપ્યું અને મારી સાથે આગળ વધ્યા અને હવે મારા પ્રેમ, જ્યાં સુધી આ દુનિયા આપણને પરવાનગી આપે ત્યાં સુધી આપણે સાથે મળીને તેનો આનંદ માણી શકીએ છીએ.

મારા પરિવાર અને મિત્રો પાસે, હું તે ક્ષણો માટે માફી માંગવા માંગુ છું જ્યારે મેં મારું ધ્યાન ભટકવા દીધું અને તમને અવગણ્યા. હું તમારી સાથે વધુ સમય વિતાવવા માટે રાહ જોઈ શકતો નથી. અંતે હું મારા વાચકોનો આભાર વ્યક્ત કરવા માંગુ છું. વર્ષોથી તમારા દયા અને પ્રોત્સાહનના સંદેશાઓએ અમને આગળ વધવાની શક્તિ આપવામાં ખૂબ મદદ કરી છે અને તે મને સતત યાદ અપાવે છે કે દુનિયા ભલાઈથી ભરેલી છે. આ માટે આપ સૌનો આભાર – હું વધુ માંગી શકતો નથી. આ બધું આશીર્વાદ છે.

### ક્રોસ વર્ડ



**આડી ચાવી**

૧. કોલકતાનું જાણીતુ મેદાન જે વિશ્વ કપની મેચો માટે તૈયાર નથી (૬)
૫. અંદાજે, અડસટ્ટે (૩)
૭. ....નું ગજને વાતનું વતેસર (૨)
૮. થોરનું પાંદડું (૪)
૧૦. અહીં 'પાદર' આડુંઅવડું છે (૪)
૧૧. તપસ્વી કરે (૨)
૧૩. જયાં દાઢી ઉગે છે તે નીચલા જડબાનો ભાગ (૪)
૧૫. ૬૦ મિનિટનો સમય (૩)
૧૬. ભણવામાં નબળું, ઓછી અક્કલવાળું (૨)
૧૭. થોડું, જરા (૨)
૧૮. આક્રંદ, કલ્પાંત (૪)
૨૦. હલકાઈ ઓછપ (૩)
૨૨. તેથી, તે કરીને (૨)
૨૪. રદ, ફોગટ (૨)
૨૬. રાજાઓનો રાજા (૫)
૨૮. કીડનીમાં જામતો પથ્થર (૩)
૩૦. સોડ, વાસ (૨)
૩૨. અતિશય, પુષ્કળ (૪)
૩૩. પ્રતીક્ષા, વાટ (૨)

**ઉભી ચાવી**

૧. એકહથ્થુ ભોગવટો, ઠેકો (૩)
૨. સિંહ જેવો બહાદુર પુરુષ (૪)
૩. બટન ભરાવવાનું કાણું (૨)
૪. નગારું વગાડનાર (૪)
૫. કપાસના કાલાંની વખાર (૨)
૬. મેનકા અને વિશ્વામિત્રની પુત્રી (૪)
૯. અંધારિયું (૨)
૧૦. ....કરનાર નરકમાં જાય (૨)
૧૨. એકબીજાને પકડવું (૬)
૧૪. મોટો અંગરખો (૩)
૧૫. અનુમાન અટકળ (૩)
૧૬. ઘઉં-તુવેરનાં બાફેલા આખા દાણા (૨)
૧૮. વાટખર્ચ (૪)
૧૯. પવિત્ર, શુદ્ધ (૩)
૨૧. ફાયદો, લાભ (૨)
૨૩. દગો, વિશ્વાસઘાત (૨)
૨૫. મન ઉપર થયેલી અસર (૨)
૨૭. વાઘ (૩)
૨૯. વૃક્ષનો જાડો ભાગ (૨)
૩૧. પૃથ્વીનું તળ, સપાટી (૨)

**ગઈકાલનો ઉકેલ**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| પ | લ | વ | લિ | યાં | | જ | | પો | ષ |
| ગે | | | સો | | ખો | ટા | બો | લું | |
| પ | | ક | ટો | ક | ટી | | ઘ | | ક |
| ડ | ગ | ર | | ર્ણિ | | પ | ર | પો | ટો |
| ણું | | પ | | કા | થો | | ણું | | રો |
| | ક્ષુ | લ્લ | ક | | ડું | ગો | | ચા | |
| | ધા | વ | ભા | ઈ | | દા | ન | વી | ર |
| ટે | | | ર | | ભા | વ | | | તાં |
| ક | | | જા | મ | ગ | રી | | | ઘ |
| રો | ચ | ક | | ધુ | | | પ | હો | ળું |

# કલાકારો પર થઈ રહેલા હુમલાઓ અને મુંબઈની સલામતી

## સામાન્ય માનસ ગુનાખોરીનો ભોગ બનતો રહે ત્યારે કોઈના પેટનું પાણી પણ હાલતું નથી, ટીવી કે ફિલ્મ સ્ટારો ઝપટમાં આવે ત્યારે કાગારોળ થાય છે

બુધવારે રાત્રે અભિનેતા સૈફ અલી ખાન પર છરીથી હુમલો કરવામાં આવ્યો. આ હુમલાએ મુંબઈમાં સલામતી પર નવેસરથી પ્રશ્નાર્થ ખડો કર્યો છે. મુંબઈમાં આવા પોષ વિસ્તારમાં ફિલ્મસ્ટારના ઘરમાં હુમલાખોર ઘુસી જાય એ રાજ્ય સરકાર માટે શરમની વાત છે. હુમલા બાદ દેશભરમાંથી લોકોની પ્રતિક્રિયાઓ સામે આવી છે. ફિલ્મોથી લઈને રાજકારણ સુધીના લોકોએ આ હુમલા પર ચિંતા વ્યક્ત કરી છે. તાજેતરના સમયમાં, આવા ઘણા કલાકારો પર હુમલા થયા છે અને સુરક્ષા વ્યવસ્થા અને કાયદો અને વ્યવસ્થા અંગે પણ પ્રશ્નો ઉભા થયા છે.

સૈફ અલી ખાન પર થયેલા હુમલા અંગે દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે કહ્યું, જો કોઈ ઘરમાં ઘૂસીને છરીઓથી હુમલો કરે છે, તો આ રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર પર મોટો પ્રશ્નાર્થ ચિહ્ન ઉભા કરે છે. તેમણે કહ્યું, આનો અર્થ એ છે કે બંને સરકારો લોકોને સુરક્ષા આપવામાં નિષ્ફળ ગઈ છે. અગાઉ બાબા સિદ્દીકીની હત્યા કરવામાં આવી હતી. જો ભાજપ દેશના આટલા મોટા સેલિબ્રિટીને સુરક્ષા આપી શકતી નથી, તો પછી તે સામાન્ય માણસને કેવી રીતે સુરક્ષા આપી શકે છે? હું તેના વિશે શું કહી શકું?

દરમિયાન, પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ પણ સૈફ અલી ખાન પર થયેલા હુમલા અંગે ચિંતા વ્યક્ત કરી છે. તેણીએ કહ્યું, અભિનેતા સૈફ અલી ખાન પર હુમલાના સમાચાર સાંભળીને ખૂબ જ ચિંતા થાય છે. હું પ્રાર્થના કરું છું કે તેમના સ્વાસ્થ્યમાં જલ્દી સુધારો થાય. આશા છે કે કાયદો તેનું કામ કરશે અને જવાબદારોને જવાબદાર ઠેરવવામાં આવશે.

સૈફ અલી ખાનની ટીમ દ્વારા જાહેર કરાયેલા અપડેટમાં કહેવામાં આવ્યું છે કે, સૈફ અલી ખાન સર્જરીમાંથી બહાર આવ્યા છે અને હવે ખતરાની બહાર છે. તે હાલમાં સ્વસ્થ થઈ રહ્યા છે. ડોક્ટરો તેમના પર નજર રાખી રહ્યા છે. પરિવારના બધા સભ્યો સુરક્ષિત છે અને પોલીસ પણ સુરક્ષિત છે. ઘટનાની તપાસ કરી રહ્યા છીએ. બોલિવૂડ અભિનેત્રી અને હિમાચલ પ્રદેશના મંડીથી નવા ચૂંટાયેલા ભાજપ સાંસદ કંગના રનૌતે ગયા વર્ષે જૂનમાં કહ્યું હતું કે સીઆઈએસએફની એક મહિલા કોન્સ્ટેબલે તેમને મોહાલી એરપોર્ટ પર થપ્પડ મારી હતી. કંગનાએ કહ્યું કે એરપોર્ટ પર સુરક્ષા તપાસ દરમિયાન સીઆઈએસએફના કુલવિંદર કૌરે તેને થપ્પડ મારી અને તેની સાથે ગેરવર્તણૂક કરી. લોકસભા ચૂંટણીના પરિણામો જાહેર થયા પછી કંગના એનડીએની બેઠકમાં હાજરી આપવા માટે નવી દિલ્હી આવી રહી હતી.

કુલવિંદર કૌર નામની એક મહિલાએ કહ્યું કે ખેડૂત આંદોલન દરમિયાન કંગનાએ આપેલા નિવેદનથી તે ગુસ્સે છે. ટીવી સિરિયલ ક્રાઈમ પેટ્રોલમાં કામ કરી ચૂકેલા અભિનેતા રાઘવ તિવારી પર પણ તાજેતરમાં એક કથિત રોડ રેજની ઘટના દરમિયાન હુમલો થયો હતો. રાઘવ તિવારીએ આરોપ લગાવ્યો કે ૩૦ ડિસેમ્બર, ૨૦૨૪ ના રોજ, ખરીદી કરીને પરત ફરતી વખતે, તે તેના ઘર પાસે રસ્તો ક્રોસ કરી રહ્યો હતો. આ દરમિયાન તે એક સ્કૂટર સવારની સામે આવ્યો. રાઘવે કહ્યું, તે મારી ભૂલ હતી, તેથી મેં માફી માંગી અને કહ્યું કે હું લડીશ નહીં. પણ તેણે છરી કાઢી અને તેનો ઉપયોગ કર્યો. તેણે મને થપ્પડ પણ મારી. મને લાગ્યું કે તે ગુંડો છે. મારા એક મિત્રએ દરમિયાનગીરી કરી પણ તેણે મને ગાળો આપી અને લાત મારી. સ્વબચાવમાં, મેં એક લાકડી શોધી કાઢી અને તેના પર હુમલો કર્યો. જ્યારે લાકડી તૂટી ગઈ, ત્યારે તેણે મને લોખંડના સળિયાથી માર્યો. જેના કારણે મને ખુબ નીકળ્યું.

તાજેતરના સમયમાં, ફિલ્મ ઉદ્યોગના ઘણા કલાકારો પર હુમલા થયા છે અથવા હુમલાખોરો દ્વારા તેમને નિશાન બનાવવામાં આવ્યા છે. આ કિસ્સામાં, ફિલ્મ અભિનેતા સલમાન ખાનનું નામ સૌથી મહત્વપૂર્ણ છે. તાજેતરમાં, મુંબઈમાં સલમાન ખાનના ઘરની બારીઓના બુલેટપ્રૂફિંગના કેટલાક ફોટા સોશિયલ મીડિયા પર ચર્ચામાં હતા. સલમાન ખાનને ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈ ગેંગ તરફથી ઘણી વખત ધમકીઓ મળી હોવાનો આરોપ છે.

ગયા ઓક્ટોબરમાં પણ સલમાન ખાનને લોરેન્સ બિશ્નોઈ ગેંગ દ્વારા કથિત રીતે ધમકી આપવામાં આવી હતી અને તેમની પાસેથી ૫ કરોડ રૂપિયાની ખંડણી માંગવામાં આવી હતી. બદલામાં, એવું પણ કહેવામાં આવ્યું હતું કે સલમાન ખાનને માફ કરવામાં આવશે. આ ધમકી ભરેલો ફોન મુંબઈ ટ્રાફિક પોલીસને આવ્યો હતો. ગયા વર્ષે એપ્રિલમાં, મુંબઈમાં સલમાન ખાનના ઘરની બહાર ગોળીબાર થયો હતો. આ કેસમાં પોલીસે દાખલ કરેલી ચાર્જશીટમાં ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈનું નામ ઘણી વખત લેવામાં આવ્યું છે. હકીકતમાં, બિશ્નોઈ ગેંગ તરફથી સલમાન ખાનને મળેલી ધમકી ૧૯૯૮ના એક કેસ સાથે સંબંધિત છે, જ્યારે સલમાન ખાન પર એક ફિલ્મના શૂટિંગ દરમિયાન કાળિયારનો શિકાર કરવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. બિશ્નોઈ સમુદાય કાળા હરણની પૂજા કરે છે. ગયા વર્ષે ઓક્ટોબરમાં એક ફિલ્મના શૂટિંગ દરમિયાન તેલુગુ અભિનેતા એનટી રામાસ્વામી પર એક મહિલાએ હુમલો કર્યો હતો અને મારપીટ કરી હતી. અહેવાલો અનુસાર, ફિલ્મ 'લવ રેડ્ડી'માં રામાસ્વામીના નકારાત્મક પાત્રને કારણે મહિલા ગુસ્સે હતી. આ ઘટના એક રીતે રીલ લાઈફ અને વાસ્તવિક જીવન વચ્ચેના તફાવત સાથે સંબંધિત હતી.

ગયા મહિને ૨ ડિસેમ્બરે હાસ્ય કલાકાર સુનિલ પાલને હરિદ્વારમાં એક કાર્યક્રમમાં આમંત્રણ આપવામાં આવ્યું હતું. સુનીલ દિલ્હીથી રોડ માર્ગે હરિદ્વાર જઈ રહ્યો હતો. આરોપો અનુસાર, આ સમય દરમિયાન તેનું અપહરણ કરવામાં આવ્યું હતું તેમણે આરોપ લગાવ્યો કે મેરઠ-મુઝફ્ફરનગર એક્સપ્રેસ વે પર તેમનું અપહરણ કરવામાં આવ્યું હતું.

આ મામલો ત્યારે પ્રકાશમાં આવ્યો જ્યારે તેની પત્નીએ મુંબઈ પોલીસમાં સુનીલ પાલના ગુમ થવાની ફરિયાદ નોંધાવી. સુનિલ પાલે મુંબઈ પોલીસને જણાવ્યું કે અપહરણકારોએ તેમને માર માર્યો ન હતો અને બે બેંક ખાતામાં ૮ લાખ રૂપિયા ટ્રાન્સફર કર્યા પછી તેમને મેરઠમાં છોડી દેવામાં આવ્યા હતા. સુનીલ પાલે જણાવ્યું કે અપહરણકારોએ તેમને મુંબઈ પાછા ફરવા માટે ૨૦,૦૦૦ રૂપિયા આપ્યા હતા.

વેલકમ અને સ્ત્રી ૨ જેવી સુપરહિટ ફિલ્મોમાં કામ કરી ચૂકેલા અભિનેતા મુશ્તાક ખાને દાવો કર્યો હતો કે નવેમ્બર મહિનામાં તેમનું અપહરણ કરવામાં આવ્યું હતું અને રાતોરાત બંધક બનાવ્યા બાદ તેઓ ભાગી છૂટવામાં સફળ રહ્યા હતા. આ ઘટના ઉત્તર પ્રદેશના બિજનૌર જિલ્લાની છે. બિજનોરના થાણા કોતવાલીમાં નોંધાવવામાં આવેલી ફરિયાદ મુજબ, ૧૫ ઓક્ટોબરના રોજ, મુશ્તાક ખાનને મેરઠના રાહુલ સૈની નામના વ્યક્તિનો ફોન આવ્યો. રાહુલે કહ્યું કે તે કેટલાક વરિષ્ઠ લોકોનું સન્માન કરવા માંગે છે અને મુશ્તાક ખાનને કાર્યક્રમમાં આમંત્રિત કરવામાં આવશે. તેઓ તેને ફોન કરવા માંગુ છું. આ માટે તેને તેની ફી ચૂકવવામાં આવશે. ૪ નવેમ્બરના રોજ, રાહુલ સૈનીએ મુશ્તાકને ૨૫,૦૦૦ રૂપિયા એડવાન્સ આપ્યા અને કહ્યું કે તે બાકીની રકમ પછીથી ચૂકવી દેશે. આ ઉપરાંત, રાહુલે ફ્લાઈટ ટિકિટ પણ બુક કરાવી. ફરિયાદમાં લખ્યું છે કે, મુશ્તાક ૨૦ નવેમ્બરની સાંજે મુંબઈથી દિલ્હી પહોંચ્યો હતો. અહીંથી રાહુલે એક કેબ બુક કરાવી હતી જેમાં ડ્રાઈવર સાથે બીજો એક વ્યક્તિ પણ બેઠો હતો. મુશ્તાક આ કેબમાં મેરઠ જવા રવાના થયો. મુશ્તાકનો દાવો છે કે આ સમયગાળા દરમિયાન તેમના પુત્રના ખાતાની વિગતો માંગીને તેના ખાતામાંથી લગભગ ૨ લાખ રૂપિયા ઉપાડી લેવામાં આવ્યા હતા.

## અવનવું

# વિશ્વાસપાત્ર પત્ની ન મળતાં, યુવાને કુકર સાથે લગ્ન કર્યા



સોશિયલ મીડિયાના યુગમાં, લોકો પ્રખ્યાત થવા માટે અનેક પ્રકારના પ્રયત્નો કરે છે. આમાંના ઘણા વીડિયો સમાજના સત્યોને ઉજાગર કરવાના હેતુથી બનાવવામાં આવ્યા છે, જ્યારે કેટલાક ફક્ત મનોરંજન પૂરતા મર્યાદિત છે. એક ઈન્સ્ટાગ્રામ પોસ્ટમાં કહેવામાં આવ્યું છે કે જ્યારે કોઈ પુરુષને વિશ્વસનીય પત્ની મળતી નથી, ત્યારે તે તેના કૂકર સાથે લગ્ન કરે છે. સાંભળવામાં ખૂબ જ વિચિત્ર લાગે છે, પણ આ એક સાચી ઘટના છે. સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહેલી પોસ્ટની તપાસ કર્યા પછી, જાણવા મળ્યું કે કુકર સાથે લગ્ન કરનાર વ્યક્તિ ખોઈરુલ અનમ છે જે ઈન્ડોનેશિયાનો રહેવાસી છે. આ વ્યક્તિએ પોતાના ભાતના વાસણ સાથે લગ્ન કરીને સોશિયલ મીડિયા પર ધૂમ મચાવી દીધી છે. ખોઈરુલ અનમે શેર કરેલી તસવીરોમાં જોઈ શકાય છે કે તેમણે લગ્ન સમય જેવા જ કપડાં પહેર્યા છે. એટલું જ નહીં, ખોઈરુલ અનમે તેની ભાવિ પત્નીને પણ દુલ્હનના કપડાં પહેરાવ્યા છે અને તેણીએ બુરખો પણ પહેર્યો છે. લગ્ન દરમિયાન બંને એકબીજાની બાજુમાં બેઠા છે. એક ફોટામાં, ખોઈરુલ અનમ તેની પત્ની કુકરને ચુંબન કરતો જોવા મળે છે. બીજા એક ફોટામાં, ખોઈરુલ લગ્નના કાગળો પર સહી કરતો જોવા મળે છે. આ સમય દરમિયાન, તેની બાજુમાં એક કૂકર પણ હોય છે. ખોઈરુલ અનમે પોસ્ટ કરીને લખ્યું હતું કે, 'મેં મારા રાઈસ કુકર સાથે લગ્ન કરવાનું નક્કી કર્યું કારણ કે તે આજ્ઞાકારી, પ્રેમાળ અને રસોઈમાં સારી હતી. ખોઈરુલની આ પોસ્ટ સોશિયલ મીડિયા પર આગની જેમ ફેલાઈ ગઈ, પરંતુ ચાર દિવસ પછી જ ખોઈરુલે કુકર સાથે છૂટાછેડાની જાહેરાત કરી. તેમણે લખ્યું કે અમે કૂકરથી અલગ થઈ રહ્યા છીએ કારણ કે તે ફક્ત ખોરાક જ રાંધી શકે છે.

# ગધેડા બજારમાં ગુજરાતના ગધેડાની માંગ, ૧ લાખ રૂપિયા આપવા લોકો તૈયાર



મહારાષ્ટ્રના જેજુરીમાં ગધેડાની કિંમત તેમના પ્રકાર અને ઉંમરના આધારે નક્કી કરવામાં આવે છે. આ વર્ષે ગુજરાતમાંથી લાવવામાં આવેલા કાઠિયાવાડી ગધેડાનો ભાવ ૫૦,૦૦૦ રૂપિયાથી ૧ લાખ રૂપિયા સુધીનો છે. જયારે સ્થાનિક ગધેડા પ્રમાણમાં ઓછા ભાવે વેચાઈ રહ્યા છે, જેની કિંમત ૨૫,૦૦૦ રૂપિયાથી લઈને ૫૦,૦૦૦ રૂપિયાની વચ્ચે છે. આ કિંમત ગધેડાના દાંત અને તેની ઉંમરના આધારે નક્કી કરવામાં આવે છે. જેજુરીના આ બજારમાં ગધેડાની કિંમત તેમના દાંત અને ઉંમર પ્રમાણે નક્કી કરવામાં આવે છે. બે દાંતવાળા ગધેડાને દુવાન, ચાર દાંતવાળા ગધેડાને ચૌવન અને સારા દાંતવાળા ગધેડાને અખંડ કહેવાય છે. ખાસ કરીને અખંડ દાંત ધરાવતા ગધેડાની કિંમત વધારે હોય છે માલેગાંવની શ્રી ક્ષેત્ર ખંડોબા યાત્રાને દક્ષિણ ભારતની મુખ્ય યાત્રા માનવામાં આવે છે, જ્યાં ગધેડાઓનું મોટું બજાર પણ ભરાય છે. આ પરંપરા છેલ્લા ૪૦૦ થી ૫૦૦ વર્ષથી ચાલી આવે છે. આ યાત્રામાં ગધેડાનો વેપાર કેશલેસ રીતે થાય છે. વેપારીઓ ગધેડો ખરીદ્યા પછી બીજા વર્ષે પેમેન્ટ કરે છે.

# વ્યક્તિએ નાકમાં એક-બે નહીં, માચીસની ૬૮ સળીઓ નાખીને બનાવ્યો વર્લ્ડ રેકોર્ડ



આજકાલ લોકો ફેમસ થવા માટે વિવિધ પ્રકારના કાર્યો કરે છે. કેટલાક લોકો વર્લ્ડ રેકોર્ડ બનાવવા માટે વિચિત્ર કાર્યો કરતા હોય છે. હાલમાં જ ડેનમાર્કના એક વ્યક્તિનો અજીબ કેસ સામે આવ્યો છે. જ્યાં ૩૯ વર્ષીય એક વ્યક્તિએ પોતાની નાકમાં ૬૮ માચીસની સળી નાખીને વર્લ્ડ રેકોર્ડ બનાવી દીધો હતો.

જીડબલ્યુઆર વેબસાઈટ અનુસાર, ડેનમાર્કના પીટર વોન ટેન્ગેન બુસ્કોવે નાકમાં સૌથી વધુ માચીસની સળી રાખવાનો વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો. આ રેકોર્ડ બનાવાનાર બુસ્કોવે પ્રથમ એવા વ્યક્તિ છે અને તેને પૂર્ણ કરવા માટે તેને ન્યૂનત્તમ ૫૪ પોઈન્ટ મેળવવાની જરૂર હતી.

બુસ્કોવેએ પોતાનો અનુભવ શેર કરતા જીડબલ્યુઆરને જણાવ્યું કે, આશ્ચર્યની વાત છે કે આને કારણે મને કોઈ ઈજા પહોંચી નથી. મારુ નાક ઘણું મોટું છે અને સ્કીન ઘણી લચીલી છે. મને ખાતરી છે કે તેનાથી ઘણી મદદ મળી.

બુસ્કોવેએ પોતાના આ રેકોર્ડ પર કહ્યું કે, તેમની નાસિકા ૬૮ સળીઓ સાથે વધુ ક્ષમતા ધરાવતી હતી. આ સાથે બુસ્કોવેએ ભવિષ્યમાં પોતાના રેકોર્ડને બ્રેક કરવાની સંભાવનાથી ઈન્કાર કર્યો ન હતો. તે પોતાનો વર્લ્ડ રેકોર્ડ બનાવીને ખુશ છે.

# સુપ્રીમ કોર્ટના પૂર્વ ન્યાયાધીશની BCCIમાં લોકપાલ તરીકે નિમણૂક

## જસ્ટિસ અરુણ મિશ્રાને નવી જવાબદારી સોંપાઈ

**આજકાલ પ્રતિનિધિ**
**નવી દિલ્હી**

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડએ સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ ન્યાયાધીશ જસ્ટિસ અરુણ મિશ્રાને લોકપાલ તરીકે નિયુક્ત કર્યા છે.અરુણ મિશ્રા ૧૯૮૯ અને ૧૯૯૫માં રેકોર્ડ મતો સાથે મધ્યપ્રદેશ બાર કાઉન્સિલમાં ચૂંટાયા હતા. ૧૯૯૮માં, તેઓ બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના ઈતિહાસમાં સૌથી નાની ઉંમરના અધ્યક્ષ બન્યા. તેઓ મધ્યપ્રદેશ હાઈકોર્ટમાં જજ પણ રહી ચૂક્યા છે. વર્ષ ૨૦10 માં, તેઓ રાજસ્થાન હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ બન્યા અને કલકત્તા હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ પણ રહી ચૂક્યા છે.



તાજેતરમાં, બીસીસીઆઈમાં કેટલાક અન્ય પદો પર પણ નવી નિમણૂકો કરવામાં આવી છે. ગયા વર્ષે ડિસેમ્બરમાં આઈસીસીના ચેરમેન બન્યા બાદ જય શાહે બીસીસીઆઈના સેક્રેટરી પદ પરથી રાજીનામું આપ્યું હતું. આવી સ્થિતિમાં, બોર્ડે ગયા રવિવારે ખાસ સામાન્ય સભા બોલાવી હતી. આ જ બેઠકમાં, દેવજીત સૈકિયાને નવા સેક્રેટરી અને પ્રભતેજ સિંહ ભાટિયાને નવા ખજાનચી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા. જસ્ટિસ અરુણ મિશ્રાની વાત કરીએ તો તેમનો જન્મ ૩ સપ્ટેમ્બર ૧૯૫૫ના રોજ ગ્વાલિયરના એક વકીલ પરિવારમાં થયો હતો. મધ્યપ્રદેશ, રાજસ્થાન અને કલકત્તા હાઈકોર્ટમાં ન્યાયાધીશ તરીકે, તેમણે લગભગ ૯૭,૦૦૦ કેસોમાં ચુકાદા આપ્યા હતા.

# વાડીનારથી કજુરડા પાટીયા સુધીનો રોડ બન્યો શિરદર્દ સમાન

## ૧૩ કિ.મી. રોડની હાલત જર્જરીતઃ ઠેર-ઠેર ખાડા

**આજકાલ પ્રતિનિધિ**
**વાડીનાર**

ખંભાળીયા તાલુકાના વાડીનાર સર્કલથી કજુરડા પાટીયાનો રોડ શીરદર્દ સમાન બની ગયો છે, જેથી અકસ્માતોના બનાવ બને છે, આ રોડની હાલત એકદમ ગંભીર બનતી જાય છે, આ રોડ વાડીનાર, ભરાણા, નાના આંબલા, મોટા આંબલા, ટીંબડી, કજુરડા પાટીયા સહિતના ગામોનો સમાવેશ થાય છે. આ રોડ સિંગલ પટ્ટીનો છે તેમાં અઢળક ખાડા પડી ગયા છે, ત્યાંથી પસાર થતાં વાહનોને ખર્ચા વધી ગયા છે, ગાડીઓમાં નુકશાન થાય છે તેની જવાબદારી કોની ?


(તસવીર : હીરેન દતાણી)

વાડીનાર-કજુરડા પાટીયાનો રોડ ૧૩ કિ.મી.નો છે, ત્યાં પહોંચતા માત્ર ૧૫ મીનીટ લાગે તેની જગ્યાએ હવે ૪૫ મીનીટ ઉપર સમય લાગે છે, તંત્રને જાણ હોવા છતાં રોડ બનાવવામાં આવતો નથી, આ રોડ બન્યો તેને આશરે લગભગ ત્રણ વર્ષ થયા હશે જયારે એક વર્ષ થયું ત્યારે જ રોડમાં કાંકરા નિકળી ગયા હતાં, શું આ રોડની કોઇ ગેરેન્ટી નહીં હોય ? શું તંત્ર અજાણ હશે ? જો ગેરેન્ટી હોય તો રોડ પરથી કાંકરી નિકળી જાય અને ખાડા પડી જાય અને રોડ જ ગાયબ થઈ જાય ?

આ રોડ માટે ઢગલો રજુઆતો થયા પછી માંડ-માંડ બન્યો હતો, આ રોડનું થોડાક જ સમય પહેલા સાત ગામના ગ્રામ પંચાયતના લેટરમાં કલેકટરને રજૂઆત પણ કરવામાં આવી હતી તેમજ વારંવાર અખબારી યાદીમાં પણ પ્રસિધ્ધ કરાઈ હતી, તંત્ર દ્વારા ચકાસણી કરી રોડ બનાવવામાં આવે તો રોડ મજબુત અને ટકાઉ બની શકે છે. ઔદ્યોગિક વિસ્તાર ધરાવતા એરીયામાં જ રોડ-રસ્તાથી વંચીત સુવિધાના નામે મીંડુ... માત્ર કાગળ પર જ સહાય કે શું ? એવી લોક ચર્ચા જાગી છે. આ રોડ પરથી ગ્રામજનો, વેપારી, શિક્ષક વર્ગ, મજુર વર્ગ, કોન્ટ્રાકટર તેમજ મુસાફરો દ્વારા અવરજવરમાં ખુબ જ મુશ્કેલી પડે છે. તંત્ર દ્વારા કાંઈ જ કરવામાં આવતું નથી. તાત્કાલીક ધોરણે આ રોડનું સમારકામ કરવા ગ્રામજનોની માંગ ઉઠી રહી છે.

## કાયલ ગોર્ડી વિશ્વનો સૌથી પ્રખ્યાત સ્પર્મ ડોનરઃ બી પ્રેગ્નન્ટ નાઉ વેબસાઈટ દ્વારા મફતમાં આપે છે સેવા

# બધા દેશમાં પિતા બનવાનું સપનું: ૩૨ વર્ષનો યુવાન કુલ ૮૭ બાળકોનો પિતા

**આજકાલ પ્રતિનિધિ**
**ન્યૂયોર્ક**

અમેરિકાથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. અમેરિકાના ૩૨ વર્ષીય કાયલ ગોર્ડી અત્યારસુધીમાં ૮૭ બાળકોના પિતા બની ચૂક્યો છે અને ૧૦૦ બાળકોનો પિતા બનવા માંગે છે. કાયલ ગોર્ડી વિશ્વના સૌથી પ્રખ્યાત સ્પર્મ ડોનર છે. તે કહે છે કે ૨૦૨૬ સુધીમાં દરેક દેશમાં તેનું એક બાળક હશે.

ન્યૂ યોર્ક પોસ્ટ અનુસાર, ગોર્ડી બી પ્રેગ્નન્ટ નાઉ વેબસાઈટ દ્વારા તેમની સેવાઓ મફતમાં આપે છે. તાજેતરમાં



જ તેમને જાણવા મળ્યું છે કે, તે આ વર્ષે ૧૦૦ બાળકોનો પિતા બનવાના ટાર્ગેટને પાર કરશે અને આ ટાર્ગેટને હાંસલ કરવા માટે ચાર પુરુષોના એક વિશિષ્ટ જૂથમાં જોડાશે.

થોડા સમયમાં જ ગોર્ડી સ્વીડન, નોર્વે, ઈંગ્લેન્ડ અને સ્કોટલેન્ડમાં ૧૪ બાળકોનો પિતા બનશે. ઈન્સ્ટાગ્રામ પર તેના ૩ હજારથી વધુ ફોલોઅર્સ છે અને તે પોતાની સેવાઓ માટે મહિલાઓને આમંત્રણ આપે છે. ગોર્ડી દાવો કરે છે કે તે જરૂરિયાતમંદ લોકોને મદદ કરવાના પોતાના મિશનની ટૂંક સમયમાં જ શરૂઆત કરી રહ્યો છે.

ગોર્ડી કહે છે કે, આ વર્ષે મને દુનિયાભરમાં થોડા સ્થળોએ મુસાફરી કરવાની તક મળશે. હું એવા દેશોમાં જવા માંગુ છું જ્યાં મેં હજુ સુધી સ્પર્મ ડોનેટ કર્યું નથી. જેમાં જાપાન અને આયર્લેન્ડ જેવા દેશોનો સમાવેશ થાય છે. હું આ દેશોની મહિલાઓના સંપર્કમાં છું. આ કદાચ એવું વર્ષ હશે જ્યારે હું જાપાન, આયર્લેન્ડ અને કોરિયામાં બાળકોનો પિતા બની શકીશ.

ગોર્ડી એવી સ્ત્રીઓને મદદ કરવામાં ગર્વ અનુભવે છે જે વિચારતી હતી કે પોતાનો વંશવેલો આગળ વધારવો અશક્ય છે. હવે તેનો ઉદ્દેશ્ય ટેલિગ્રામના સ્થાપક પાવેલ દુરોવને પાછળ છોડી દેવાનો છે, જેમના ઓછામાં ઓછા ૧૦૦ જૈવિક બાળકો હોવાના અહેવાલ છે. ગોર્ડી પાસે કોઈ ચોક્કસ ટાર્ગેટ નથી, પરંતુ તેમની સેવાઓની જરૂર ન પડે ત્યાં સુધી સ્પર્મ ડોનેટ કરતા રહેવા મક્કમ છે.

કાયલ ગોર્ડીએ કહ્યું, મને સારું લાગે છે કે મેં આ બધી મહિલાઓને જ્યારે પરિવાર શરૂ કરવાનું શક્ય ન લાગ્યું ત્યારે તેમને મદદ કરી. ગોર્ડી અમેરિકાના પ્રખ્યાત શો '૯૦ ડે ફિયાન્સે'માં પણ જોવા મળી ચૂક્યો છે. આ શોમાં આંતરરાષ્ટ્રીય યુગલોના જીવનની સ્ટોરી બતાવવામાં આવી છે.

# જીપીએસસીની પરીક્ષામાં આન્સર કી સામે વાંધા સૂચનો માટે ભરવી પડશે ફી

## પેપર સેટરની ભુલનો દંડ પરીક્ષાર્થીઓને ભરવાના નિર્ણયનો વિરોધ

**આજકાલ પ્રતિનિધિ**
**ગાંધીનગર**

ગુજરાત જાહેર સેવા આયોગદ્વારા લેવામાં આવતી તમામ પરીક્ષામાં પ્રોવિઝનલ આન્સર કી જાહેર કર્યા બાદ આન્સર કીમાં જણાતા વાંધા સૂચનો રજૂ કરાય છે. આ વાંધા સૂચનો ની અરજી સાથે પરિક્ષાર્થીઓ પાસેથી ફી લેવાનું નિર્ણય જાહેર કરવામાં આવતા સોશિયલ મીડિયામાં પરીક્ષાર્થીઓ પોતાનો આક્રોશ ઠાલવી રહ્યા છે.

જીપીએસસીના ચેરમેન હસમુખ પટેલે પ્રોવિઝનલ આન્સર કીમાં વાંધા સૂચનોની અરજીને લઈને નિવેદન આપતા જણાવ્યું હતું કે'હવે વાંધા સૂચનો માટે પરીક્ષાર્થીઓ પાસેથી ફી લેવાશે.' બીજી તરફ, હસમુખ પટેલના નિવેદન સામે સરકારી ભરતીની તૈયારી કરતા નોકરી વાંચ્છુક સોશિયલ મીડિયામાં રોષ ઠાલવીને નકારાત્મક પ્રતિક્રિયા આપી છે.

જીપીએસસી દ્વારા જાહેર કરવામાં આવતી તમામ પરીક્ષાઓમાં પરીક્ષા લેવાયા બાદ પ્રોવિઝનલ આન્સર કી જાહેર કરાય છે અને ત્યારબાદ આન્સર કીમાં જણાતા વાંધાઓ ઉમેદવારો રજૂ કરે છે. જેને ધ્યાનમાં રાખીને જીપીએસસીના ચેરમેન હસમુખ પટેલે નિવેદનમાં આપીને પ્રોવિઝનલ આન્સર કીમાં વાંધા સૂચનો માટે ફી લેવાનો નિર્ણય કર્યો છે. આ પ્રક્રિયા ઓનલાઈન માધ્યમથી કરવામાં આવશે.

જીપીએસસીના ચેરમેન હસમુખ પટેલે જણાવ્યું કે, 'હવે તમામ પરીક્ષાઓની અંદર ઓનલાઈન માધ્યમથી વાંધા સૂચનો લેવાશે. જેમાં વાંધા સૂચનો રજૂ કરનારે એક પ્રશ્નદીઠ ૧૦૦ રૂપિયા ફી ભરવાની રહેશે. ભૂતકાળમાં વાંધા સૂચનો માટે ફી ન લેવામાં આવતી હોવાના કારણે એક જ પ્રશ્નને લઈને ઘણા બધા ઉમેદવારો વાંધા સૂચનો રજૂ કરતા હતા. જેના કારણે વધુ ફિઝિકલ મટિરિયલ હેંડલ કરવાનું થતું અને ભરતીમાં પ્રક્રિયામાં વિલંબ થતો હતો. જેને ધ્યાનમાં રાખીની આ પ્રકારનો નિર્ણય કરાયો છે.'

જીપીએસસી દ્વારા પ્રોવિઝનલ આન્સર કીમાં વાંધા સૂચનો માટે ફી લેવાના નિર્ણય સામે સરકારી ભરતીની તૈયારી કરતા નોકરી વાંચ્છુકે સોશિયલ મીડિયામાં નકારાત્મક પ્રતિક્રિયા આપી છે. સોશિયલ મીડિયામાં એકે પ્રતિક્રિયા આપી કે, 'વાંધા અરજી માટે રૂ.૧૦૦ ફી લો એનો વાંધો નહીં.... પણ જો પ્રશ્નમાં ભૂલ છે એ સાબિત થયું તો સામે વિદ્યાર્થીઓને રૂ.૨૦૦ પાછા આપશો?'આવા સવાલોનો વરસાદ સોશિયલ મીડિયામાં થઈ રહ્યો છે.

જ્યારે અન્ય એક પોસ્ટ એવી કરી કે, 'જીપીએસસી એ ધંધો ખોલ્યો છે. સંમતિ ભરવામાં ૫૦૦ રૂપિયા, વાંધા અરજી કરવાના ૧૦૦ રૂપિયા, કાલે કદાચ નોકરી લાગવાની ફી જાહેર કરશે..કે નોકરી લાગ્યા બાદ નોકરી લેવી હોય તો પ્રથમ પગાર આયોગને જમા કરાવો.' આવી વાંધા અરજીમાં ફી ન હોવાનું કહીને લખ્યું કે, 'જો વાંધા અરજી કરવા ફી ભરવી પડતી હોય તો જેને પેપર સેટ કર્યું એને પણ દંડની જોગવાઈ હોવી જોઈએ.

## દ્વારકાધીશ મંદિરમાં અનોખી ભેટ

# રજવાડી કાળની રત્નજડિત સોનાની વાંસળી ઠાકોરજીને અર્પણ

**આજકાલ પ્રતિનિધિ**
**દ્વારકા**

દ્વારકાના પ્રખ્યાત જગતમંદિરમાં આજે એક અનોખો પ્રસંગ સંપન્ન થયો, જ્યાં વારીયા પરિવાર દ્વારા ઠાકોરજીને કિંમતી રત્નજડિત સોનાની વાંસળી અર્પણ કરવામાં આવી. મૂળ દ્વારકાના અને હાલ જામનગરમાં વસવાટ કરતા વારીયા પરિવારે તેમના સ્વજનની યાદમાં આ અનમોલ ભેટ આપી છે.

મધ્યાહ્ન સમયે વારાદાર પૂજારીઓ પ્રણવભાઈ અને હાર્દિકભાઈની હાજરીમાં આ વિશેષ અર્પણવિધિ યોજાઈ હતી. રજવાડા સમયની આ અમૂલ્ય વાંસળી હીરા-માણેક અને વિવિધ રત્નોથી મઢેલી છે, જે મંદિરની સમૃદ્ધિમાં વધારો કરશે. વારીયા પરિવારના રાજેન્દ્રભાઈ, કલ્પેશભાઈ અને સુધીરભાઈના પરિવારજનોએ આ દિવ્ય અવસર પર ઠાકોરજી પ્રત્યે કૃતજ્ઞતા વ્યકત કરી હતી. આ પ્રસંગે મંદિરના શિખર પર નૂતન ધ્વજારોહણ પણ કરવામાં આવ્યું હતું, જેમાં સોનાથી મઢેલી કંકોત્રીએ ભક્તોનું ધ્યાન આકર્ષ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમે ભકિતભાવપૂર્ણ વાતાવરણ સર્જ્યું હતું.



(તસવીર :હસિત જાખરીયા)

# ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડના ચેરમેન તરીકે નિવૃત્ત આઈએએસની નિમણૂક

## મુકેશકુમાર પાસેથી વધારાનો ચાર્જ લઈને એમ. એ. પંડ્યાને સોંપાયો




**આજકાલ પ્રતિનિધિ - રાજકોટ**

ગુજરાત સરકારના એજ્યુકેશન ડિપાર્ટમેન્ટના એડિશનલ સેક્રેટરી મુકેશકુમાર પાસે રહેલો ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના ચેરમેનનો વધારાનો હવાલો પરત લઈને આ જગ્યા પર ૨૦૦૭ ની બેચના નિવૃત્ત આઈએસ ઓફિસર એમ.એ. પંડ્યાની નિમણૂક સરકારે કરી છે.

પંડ્યાની ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડના ચેરમેન તરીકેની નિમણૂક હોદ્દો સંભાળે ત્યારથી એક વર્ષ સુધીની અથવા તો સરકાર નવો ઓર્ડર ન કરે ત્યાં સુધીની બેમાંથી જે ઓછું હશે ત્યાં સુધીની રાખવામાં આવી છે. પગાર ધોરણ મામલે નવા ચેરમેનને સાતમા પગાર પંચ અંતર્ગત જે પગાર મળતો હતો તેમાંથી પેન્શનની રકમ બાદ કરીને જે રકમ રહેશે તેટલો પગાર મળશે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી ફેબ્રુઆરી માર્ચ દરમિયાન વાર્ષિક પરીક્ષાઓ શરૂ થઈ રહી છે. અત્યાર સુધી ચેરમેન તરીકેની મહત્વની જવાબદારી સરકારના પ્રિન્સિપલ સેક્રેટરી અને પ્રાઈમરી તથા સેકન્ડરી એજ્યુકેશન વિભાગના મુકેશ કુમારને સોંપવામાં આવી હતી. પરંતુ કામગીરીના વધારે પડતા ભારણના કારણે અલગથી ચેરમેનની નિયુક્તિ કરવાની થતી હતી. સરકારે આ પોસ્ટ પર કાયમી ચેરમેનના બદલે એક વર્ષ માટે કોન્ટ્રાકટ બેઝ પર નિવૃત્ત આઈએએસ અધિકારી એમ.એ. પંડ્યાની એક વર્ષ માટે નિમણૂક કરી છે.


**જાહેર નોટીસ**

આ જાહેર નોટીસથી લાગતા વળગતા સર્વેને જાણ કરવામાં આવે છે કે,શહેર જામનગરમાં, આથમણી સીમમાં આવેલ મૂળ રે.સ.નં.૧૪૫૫ પૈકીની જમીનનો જામનગર મહાનગરપાલિકાએ તા.30-૭-૨૦૦૧ના રોજ તેના હુકમ નં.જેએમસી/ટીપી/લે-આઉટ/૧૩/૦૭૦૮/૨૦૦૧-૨૦૦૨ થી લે-આઉટ પ્લાન મંજૂર કરવામાં આવેલ છે, તેમજ કલેકટરશ્રી, જામનગરે તા.૬-૧૦-૨૦૦૧ ના હુકમ નં.જમન/૨/બીખે/રજી.નં.૫૩/૨૦૦૧ થી રહેણાંકનાં હેતુસર બિનખેતીમાં ફેરવી આપેલ છે. તે બિનખેતીમાં ફેરવાયેલ રહેણાંક જમીનમાં પાડવામાં આવેલ પ્લોટો પૈકી પ્લોટ નં.૨૮ વાળી જગ્યા જે હકકચોકસી કચેરી વધારાના વિસ્તારથી નોંધાયેલ છે. જે જગ્યામાં "સ્વતી એવન્યુ" નામનું બિલ્ડીંગ બાંધવામાં આવેલ છે. જે વોર્ડ નં.૧૫, શીટ નં.૩૯૩ માં નવા સીટી સર્વે નં.૫૮૯૪/૧/૨૮ થી નોંધાયેલ ફલેટ નં.૨૦૧ (બસો એક), જેનું બિલ્ટઅપ ક્ષેત્રફળ ૯૨.૭૧ ચો.મી. તથા સુપર બિલ્ટઅપ ક્ષેત્રફળ ૧૨૫.૪૧ ચો.મી.થાય છે. તે રહેણાંક ફલેટ વાળી જગ્યાના સ્વતંત્ર માલિક અને કબજેદાર મુકતાબેન મોહનલાલ નકુમ પાસેથી અમારા અસીલે ઉપરોકત ફલેટ વાળી જગ્યાનો વેચાણથી ખરીદ કરવા સોદો કરેલ છે. અને સુથીની રકમ ચુકવેલ છે.

ઉપરોકત ફલેટ વાળી જગ્યાના વેચાણ વ્યવહાર સબંધે કે કોઈને માલીકી હકક કે ટાઈટલ સબંધે કંઈપણ વાંધો, તકરાર, વિવાદ હોય કે મજકુર જગ્યા ઉપર કોઈપણ પ્રકારનો અગ્રહકક, લાગભાગ, હકક, હિત,હિસ્સો, દર-દાવો, બોજો, ચાર્જ કે લીયન હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયે દિવસ-૭ માં અમારી ઓફીસે લેખિત આધાર પુરાવા સાથે રજૂઆત કરવી જો નિયત મુદતમાં કોઈ વાંધો લેવામાં નહિ આવે તો કોઈને વાંધો તકરાર નથી અથવા જો હોય તો તે જતો (વેઈવ) કરેલ છે. તેમ માની અમારા અસીલ શુધ્ધબુધ્ધિના ખરીદનાર તરીકે આ જગ્યાનો પોતાના નામ જોગનો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ લેવામાં આવનાર કોઈ વાંધા તકરાર અમારા અસીલને બંધનકર્તા રહેશે નહી જેની સ્પષ્ટ નોંધ લેવી.

જામનગર, ડી.વી.નકુમ (એડવોકેટ)
તા.૧૭-૦૧-૨૦૨૫ તે અમારા અસીલની સૂચનાથી

-: અમારા મારફત :-
દક્ષાબેન વી.નકુમ, એડવોકેટ
ઓફિસઃ-ડી-૨૯,રણજીત ટાવર,પોષ્ટઓફિસ વાળી ગલી,
લાલ બંગલા, જામનગર. મો.૯૩૭૫૯૬૩૭૭૩.

**-:: જાહેર નોટીસ ::-**

એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ જામનગર (ગ્રામ્ય) ની કોર્ટમાં
જ. મ. એ. ૧૯૬૯, કેસ નં. : ૧૪/૨૦૨૫

શ્રી શામજીભાઈ ભગવાનજીભાઈ કણજારીયા
રહે. પ્લોટ નં. ૫૨, રણજીતસાગર રોડ, તા.જિ. જામનગર. ........અરજદાર
વિરૂધ્ધ
જન્મ/મરણ નોંધણી અધિકારી અને તલાટી-કમ-મંત્રીશ્રી,
દડીયા, તા. જિ. જામનગર. ........સામાવાળા

આથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે, ઉપરોકત અરજદાર શ્રી શામજીભાઈ ભગવાનજીભાઈ કણજારીયા ના માતા માનુબેન ભગવાનજીભાઈ કણજારીયા નું અવશાન તા. ૧૫-૦૯-૧૯૭૬ ના રોજ મોજે : દડીયા, તા.જી. જામનગર મુકામે થયેલ હોવાનું તથા જેની નોંધ સામાવાળાના દફતરે કરવાની રહી ગયેલ હોય અત્રેની એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ જામનગર (ગ્રામ્ય) તાલુકાની કોર્ટમાં ઉપરોકત નંબરથી સદરહું અરજી દાખલ કરેલ છે. જે અરજી સામે કોઈ ઈસમ કે સંસ્થાને વાંધો કે તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયે દિન-૨૧ (એકવીસ) માં અત્રેની કોર્ટમાં રૂબરૂ કે વકીલ મારફત લેખિતમાં વાંધો તેમજ પુરાવા સાથે હાજર રહેવું, અન્યથા આગળ યોગ્ય ન્યાયિક હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ રોજ તા. ૧૫-૦૧-૨૦૨૫ રોજ મારી સહિ તથા કોર્ટના સિક્કા સાથે.

(કોર્ટનો સિક્કો) એક્ઝી. મેજીસ્ટ્રેટ, જામનગર (ગ્રામ્ય)

**REQUIRE**

| | |
|---|---|
| Chartered Accountants (2 Post) - (M/F) | Experience or a Fresher who is interested to work in Direct & Indirect Tax field. |
| Accountants (1 Post) - (M/F) | A Commerce Graduate preferably with Experience of 2 or 3 years of handling Account independently & having knowledge of Tally. |
| Office Assistance (2 Post) - (M/F) | A Commerce Graduate or Post Graduate or MBA (Finance) or a candidate who completed his/her CA Articleship Training. (A Fresher can also apply) |
| Office Boy (Male) | For Office and Outside work - license of 2 wheeler is compulsory. |

- Salary will be paid commensurate to the work experience and knowledge in the relevant filed.
- Kindly e-mail your resume within 15 days on the following mail id : ont.jamnagar@gmail.com or whatsapp on cell No. 75750 12246

**-:: જાહેર નોટીસ ::-**

આથી સર્વેને જાણ કરવામાં આવે છે કે, શ્રી ગુજરાત રાજયના, જામનગર જીલ્લાના, જામનગર ગ્રામ્ય તાલુકાના, મોજે : સરમત ગામે ખાતા નં. ૩૮૨ થી નોંધાયેલ નવા રે.સ.નં. ૩૪ (જુના રે.સ.નં. ૧૯/૧/પૈકી-૧), જેનું ક્ષેત્રફળ હેકટર : ૦-૯૫-૧૧ આરે ચો.મી. વાળી ખેતીની જમીન જે "પઘરોડ" તરીકે ઓળખાય છે. જેનો આકાર રૂા. ૪.૩૦ પૈસા છે. ઉપરોકત જમીન સતુભા રામસંગ જાડેજાની સ્વતંત્ર માલિકી, કબજા, ભોગવટાની આવેલ છે. સદરહું ખેતીની જમીન ખરીદ કરવા અમારા અસીલે સોદો કરેલ છે અને સુંથી ની રકમ ચુકવેલ છે.

ઉપરોકત વેંચાણ વ્યવહાર સામે કોઈપણ વ્યકિત, પેઢી, સંસ્થા, સરકારી કે અર્ધ-સરકારી, બેંક કે ફાઈનાન્સ કંપનીઓને કે અન્ય કોઈનો કોઈપણ જાતનો વાંધો તકરાર હોય કે આ ખેતીની જમીન પરત્વે કોઈપણ હકક, અધિકાર, બોજો કરજ કે ચાર્જ અથવા કોઈપણ પ્રકારનું લેણું હોય તો તે અંગે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ-૭ (સાત) માં અમારી ઓફીસે લેખીત આધાર પુરાવા સાથે રજુઆત કરવી. જો આ નિયત મુદતમાં કોઈ વાંધો લેવામાં નહી આવે તો કોઈને કોઈ વાંધો તકરાર નથી અથવા હોય તો પણ તે જતો (વેઈવ) કરેલ છે તેમ માની અમારા અસીલ શુધ્ધબુધ્ધિના ખરીદનાર તરીકે આ ખેતીની જમીનનો વેંચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ લેવામાં આવનાર કોઈ વાંધો તકરાર અમારા અસીલને બંધનકર્તા રહેશે નહી જેની નોંધ લેવી.

જામનગર. હિરેન જે. સોનગરા
તા.૧૭-૦૧-૨૦૨૫. એડવોકેટ
તે અમારા અસીલની સુચનાથી

નાથાલાલ પી. ઘાડીયા - હિરેન જે. સોનગરા
(એડવોકેટ્સ)
ઓફીસ : ૧૨, અવંતિકા કોમ્પ્લેક્ષ, બીજા માળે,
લીમડાલેન કોર્નર, જામનગર-૧
મોબાઈલ : ૮૧૪૧૦૮૫૫૪૬

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતા તમામ તથા જાહેર જનતાને જણાવવાનુ કે, દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ તાલુકાના વેરાડ ગામના ખેડ ખાતા નંબર : ૨૦૬૮ માં આવેલ રેવન્યુ સર્વે નંબર : ૧૮૨૯ (જુના સર્વે નંબર : ૩૬૯/પી-૪) હે. ૩-૨૩-૭૫ આરે વાળી ખેતીની જમીન શ્રી મેર અરજણ રાજશી તથા મેર સાજણ પુંજા ના નામે ચાલે છે.

સદરહુ જમીન અમારા અસીલે તેઓની પાસેથી ખરીદ કરવા વિચારેલ છે. તેથી સદરહુ જમીનમાં કોઈના કોઈપણ પ્રકારના હકક હિસ્સા કે અધિકાર હોય અને સદરહુ જમીન વેચાણ થાય તેમાં કોઈપણને કોઈપણ પ્રકારનો વાંધો-તકરાર હોય તો આધાર-પુરાવા સાથે આ નોટીશ પ્રસિધ્ધ થયેથી દિવસ-૧૦ (દશ) માં નીચેના સરનામે અમોને જાણ કરવી. આ જાહેર નોટીશ પ્રસિધ્ધ થયેથી દિવસ-૧૦ (દશ) માં કોઈ વાંધા-તકરાર નહીં આવે તો સદરહુ જમીનમાં કોઈને કોઈપણ પ્રકારના હકક-હિસ્સા કે અધિકાર નથી અને સદરહુ જમીન વેચાણ સબંધે કોઈને વાંધો-તકરાર નથી. અને હોય તો પણ આવા વાંધાઓ અને હકક-હિસ્સા જતાં (વેઈવ) કરેલ છે, તેમ માની સદરહુ જમીન વેચાણ લેવાની આખરી તમામ પ્રક્રિયા પુરી કરી અમારા અસીલ સદરહુ જમીન ખરીદ કરશે. જેની લાગતા વળગતા તમામે તથા જાહેર જનતાએ નોંધ લેવી.

ભાણવડ. ભરત બી. વારોતરિયા એડવોકેટ એન્ડ નોટરી
તા. ૧૭-૧-૨૦૨૫ તે અમારા અસીલની સુચના અને ફરમાનથી.

વારોતરિયા એસોસીએટ્સ
બલદેવ એમ. વારોતરિયા-ભરત બી. વારોતરિયા, એડવોકેટ્સ
રણજીતપરા, સુભાષ ચોક, મુ. ભાણવડ-૩૬૦૫૧૦, મો. ૯૯૧૩૩ ૭૨૦૦૦

**-:: જાહેર નોટીસ ::-**

આથી આ નોટીસથી સર્વેને જાણ કરવામાં આવે છે કે, તાલુકા-જિલ્લા જામનગરના ગામઃ રાવલસર, રેવન્યુ સર્વે નંબર : ૧૪૮ (જુના નંબર : ૧૧૨/પૈકી-૧) વાળી આર્ય ભગવતી તરીકે ઓળખાતી જગ્યાના પ્લોટ પૈકી પ્લોટ નંબર : ૧૫૨, ચોરસ મીટર ૯૭.૧૫ વાળી બાંધકામ સહિતની જગ્યા છાયાબેન ચીરાગભાઈ કાંજીયા (રહે. મોરબી) ની સ્વતંત્ર, કબ્જા-ભોગવટા તથા માલિકી હક્કની આવેલ છે અને તેઓ પાસેથી આ જગ્યા મારા અસીલે ટાઈટલ કલીયર હોવાની શરતે તથા જગ્યા સંપુર્ણ બિન તકરારી તથા ખાલી કબ્જે સોંપી આપવા અને આ જગ્યા સંબંધે કોઈ વિવાદ અસ્તિત્વમાં ન હોવાની શરતે ખરીદ કરવા સમજુતી કરી અવેજ પૈકીની રકમની ચૂકવણી કરેલ છે.

વાસ્તે ઉપરોકત જગ્યા સંબંધે કોઈપણ વ્યક્તિ, સંસ્થા, કુટુંબી કે જગ્યાના પૂર્વ માલિકો કે તેમના વારસદારો કે અન્ય કોઈપણનો કોઈપણ પ્રકારનો હક્ક, હિસ્સો, લાગભાગ, હિત, સંબંધ, અગ્રહક્ક કે અન્ય કોઈપણ પ્રકારના વાંધા, તકરાર હોય તો તેઓએ આ નોટિસ પ્રસિધ્ધ થયે દિવસ-૭ (સાત) માં નીચેના સરનામે તમામ લેખિત આધાર-પૂરાવા સાથે જાણ કરવી, અન્યથા કોઈપણનો કોઈપણ પ્રકારના વાંધા-તકરાર નથી અને હોય તો તે જતાં (વેઈવ) કરેલ છે તેમ માની લેવામાં આવશે, જેની સર્વેએ નોંધ લેવી.

સ્થળ : જામનગર, અસીલની સુચનાથી
તારીખ : ૧૭-૧-૨૦૨૫ શૈલેષ દલસુખલાલ મહેતા, એડવોકેટ-નોટરી

શૈલેષ દલસુખલાલ મહેતા, એડવોકેટ-નોટરી
'જય', પૂજ્ય ધનકુંવરબા સ્વામી સંકુલ, પ્રતાપ વિલાસ પેલેસ સામે,
દર્શન એપાર્ટમેન્ટની સામે, જામનગર. મો. નં. : ૯૬૫૨૫-૪૯૦૧૫

**-:: જાહેર નોટીસ ::-**

આથી સર્વેને જાણ કરવામાં આવે છે કે, જામનગર જીલ્લાના, તાલુકા લાલપુરના મોજે : આરબલુસ ગામ ના ખાતા નંબર : ૯૧૮ જેના નવા રેવન્યુ સર્વે નંબર : ૩૨૫/પૈકી-૨ (જુના રેવન્યુ સર્વે નંબર : ૨૮૫) વાળી ખેતીની જમીન કે જેનું ક્ષેત્રફળ હેકટર : ૧-૯૫-૮૮ આરે થાય છે, જે જમીન (૧) હરીજન દેવુબેન ખેંગાર, (૨) વનિતાબેન ખેંગારભાઈ જેપાર ની સંયુક્ત માલિકી, કબજા-ભોગવટાની આવેલ છે અને તેઓ પાસેથી સદરહું ખેતીની જમીન ખરીદ કરવા અમારા અસીલે સોદો કરેલ છે અને અવેજ પેટેની રકમ ચુકવેલ છે.

આ વેચાણ વ્યવહાર થાય તે સામે કોઈપણ વ્યક્તિ, પેઢી, સંસ્થા, સરકારી કે અર્ધ-સરકારી કચેરી, બેંક કે ફાયનાન્સ કંપનીઓને કોઈપણ જાતનો વાંધો, તકરાર હોય કે આ ખેતીની જમીન પરત્વે કોઈપણ હકક, અધિકાર, બોજો, કરજ કે ચાર્જ અથવા કોઈપણ પ્રકારનું લેણું હોય તો તે અંગે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ-૮ (આઠ) માં અમારી ઓફીસે લેખિત આધાર પુરાવા સાથે રજુઆત કરવી. જો નિયત મુદ્દતમાં કોઈ વાંધો લેવામાં નહી આવે તો કોઈને કોઈ વાંધો તકરાર નથી, અથવા હોય તો તે જતાં (વેઈવ) કરેલ છે તેમ માની અમારા અસીલ શુધ્ધબુધ્ધિના ખરીદનાર તરીકે આ ખેતીની જમીનનો પોતાના જોગનો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે, ત્યારબાદ લેવામાં આવનાર કોઈ વાંધો-તકરાર અમારા અસીલને બંધનકર્તા રહેશે નહી, જેની નોંધ લેવી.

જામનગર, તા. ૧૭-૧-૨૦૨૫

દિલીપ જી. ભોજાણી-એડવોકેટ
'ક્રિષ્ના', હરીયા સ્કૂલ સામે, ઈન્દીરા રોડ, જામનગર. ફોનઃ ૦૨૮૮-૨૭૧૧૭૫૫

# રાશાએ અભિનયની નહીં મેનેજમેન્ટની તાલીમમાં વ્યસ્ત



## ફિલ્મ આઝાદથી ડેબ્યૂ કરી રહેલી રાશા ગ્રેજ્યુએશનના પહેલા વર્ષની વિદ્યાર્થીની

રાશા થડાની અભિનય નહીં, પણ આ ક્ષેત્રમાં શિક્ષણ મેળવી રહી છે; 'ઓયી અમ્મા'ના શૂટિંગ દરમિયાન તેણે ૧૨મા ધોરણની પરીક્ષા આપી હતી.

રાશા થડાની તેની ડેબ્યૂ ફિલ્મ 'આઝાદ' માટે સમાચારમાં છે. જાણીને નવાઈ લાગશે કે રાશાએ અભિનયનો અભ્યાસ કર્યો નથી.

રાશા થડાની બિઝનેસ મેનેજમેન્ટનો અભ્યાસ કરી રહી છે, પરીક્ષાઓ વચ્ચે આઝાદનું ગીત ઉયી અમ્મા શૂટ કરો રાશા થડાની અભિનય નથી કરતી, તે આ ક્ષેત્રમાં શિક્ષણ મેળવી રહી છે, તેણે 'ઉયી અમ્મા'ના શૂટિંગ દરમિયાન ૧૨મા ધોરણની પરીક્ષા આપી હતી.

રવિના ટંડનની પુત્રી રાશા થડાની ખૂબ જ ટૂંક સમયમાં બોલિવૂડમાં ડેબ્યૂ કરવા માટે તૈયાર છે. તેમની પહેલી ફિલ્મ 'આઝાદ' સિનેમાઘરોમાં રિલીઝ થવા જઈ રહી છે.

ફિલ્મનું ટ્રેલર અને ઘણા ગીતો રિલીઝ થઈ ગયા છે અને ચાહકો રાશાની અભિનય કુશળતાના દિવાના થઈ ગયા છે. પણ શું તમે જાણો છો કે રાશાએ કોઈ એક્ટિંગ સ્કૂલમાંથી અભ્યાસ કર્યો નથી? તેના બદલે, તે બીજા કોઈ ક્ષેત્રમાં શિક્ષણ મેળવી રહી છે.

રાશા થડાની ગ્રેજ્યુએશનના પહેલા વર્ષની વિદ્યાર્થીની છે અને બિઝનેસ ફિલ્ડમાં અભ્યાસ કરી રહી છે. તેણીએ બિઝનેસ મેનેજમેન્ટમાં ઈન્ટરમીડિયેટ કર્યું છે અને તે જ ક્ષેત્રમાં ગ્રેજ્યુએશન પણ કરી રહી છે. રાશાએ પોતે ઈ-ટાઈમ્સને આપેલા તાજેતરના ઈન્ટરવ્યુમાં આ વાતનો ખુલાસો કર્યો છે. રાશાએ એમ પણ કહ્યું છે કે તેણે તેની ફિલ્મના શૂટિંગ દરમિયાન ૧૨મા ધોરણની પરીક્ષા આપી હતી.

**પરીક્ષાઓ વચ્ચે ગીતનું શૂટિંગ**

'આઝાદ' ના 'ઓયે અમ્મા' ગીતમાં રાશા થડાનીના અભિનય અને અભિવ્યક્તિની ખૂબ પ્રશંસા થઈ રહી છે. રાશાએ ઈન્ટરવ્યુમાં ખુલાસો કર્યો કે જ્યારે તે આ ગીતનું શૂટિંગ કરી રહી હતી, ત્યારે તે ૧૨મા ધોરણમાં હતી અને બીજા દિવસે તેની પહેલી પરીક્ષા હતી. રાશાએ કહ્યું- 'શૂટિંગ દરમિયાન, હું ૧૨મા ધોરણના મધ્યમાં હતી.' મેં સ્કૂલ પહેલાં શૂટિંગ પૂરું કર્યું, અને પછી મેં ગ્રેજ્યુએશન કરવાનું શરૂ કર્યું. હું બિઝનેસ મેનેજમેન્ટનો અભ્યાસ કરી રહી છું. હું હજુ પણ બિઝનેસ મેનેજમેન્ટના પહેલા વર્ષમાં છું, તેથી હું હજુ પણ અભિનય અને અભ્યાસ વચ્ચે સંતુલન શોધવાનો પ્રયાસ કરી રહ્યો છું.

**'આઝાદ' ના સ્ટાર કાસ્ટ**

રાશા થડાનીની ફિલ્મ 'આઝાદ' નું નિર્દેશન અભિષેક કપૂરે કર્યું છે. આ ફિલ્મમાં રાશા સાથે અજય દેવગન અને તેનો ભત્રીજો અમન દેવગન જોવા મળશે. રાશાની જેમ, અમન પણ 'આઝાદ' ફિલ્મથી બોલિવૂડમાં ડેબ્યૂ કરી રહ્યો છે. આ ઉપરાંત ડાયના પેન્ટી પણ આ ફિલ્મનો એક ભાગ છે.

# વિકી સાથે રણબીર રમશે ચોર-પોલીસની રમત



## ફિલ્મ ધૂમ-જમાં બન્ને અભિનેતા અલગ જ અંદાઝમાં જોવા મળે તેવી શક્યતા

ધૂમ-૪ને લઈને એક મોટું અપડેટ સામે આવ્યું છે. રણબીર કપૂર બાદ 'ધૂમ ૪'ને લઈને વિકી કૌશલના નામની ખૂબ ચર્ચા થઈ રહી છે. રિપોર્ટ્સનું માનીએ તો વિકી ફિલ્મમાં પોલીસકર્મીના રોલમાં જોવા મળી શકે છે.'ધૂમ ૪'ને લઈને રણબીર કપૂરનું નામ તો પહેલાથી જ ચર્ચામાં છે. એવા અહેવાલો છે કે, અભિનેતા ટૂંક સમયમાં આ ફિલ્મનું શૂટિંગ શરૂ કરી શકે છે. હવે આ ફિલ્મને લઈને વધુ એક નામ પણ ચર્ચામાં છે. કેટલાક રિપોર્ટ્સમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે, વિકી કૌશલ પણ આ ફિલ્મમાં એન્ટ્રી કરી શકે છે. જો કે, અભિનેતાની એન્ટ્રીને લઈને હજુ સુધી કંઈપણ કન્ફર્મ થયું નથી.એક રિપોર્ટ મુજબ આદિત્ય ચોપરા આ એક્શન ફિલ્મમાં વિકી કૌશલને કાસ્ટ કરવા માંગે છે. રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે, આદિત્યનું વાયઆરએફ સ્પાઈ યુનીવર્સને એક્સપેન્ડ કરવાનો પ્લાન છે. હવે તે તેમાં કેટલાક નવા ચહેરા લાવવા માંગે છે. આદિત્યનું માનવું છે કે, વિકીના આવ્યા બાદ ફિલ્મમાં વધુ ચાર્મ અને એનર્જી જોવા મળશે. જો કે, આ બધું હજુ પ્લાનિંગ સ્ટેજ પર ચાલી રહ્યું છે.

**આદિત્ય સાથે ચાલી રહી છે વાત**

મળતી માહિતી અનુસાર આ ફિલ્મમાં રણબીર કપૂરને વિલન તરીકે સાઈન કરવામાં આવ્યો છે. પોલીસની ભૂમિકા માટે આદિત્યએ વિકીનો સંપર્ક કર્યો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર ફિલ્મ ધૂમ એક લેગસી છે. જેની ફ્રેન્ચાઈઝીની ત્રણ ફિલ્મો રિલીઝ થઈ ગઈ છે. વિકી અને આદિત્ય હજી પણ આ વિશે વાતચીત કરી રહ્યા છે.

**વિકી આ ફિલ્મોમાં છે વ્યસ્ત**

હાલમાં વિકી કૌશલ ઘણી ફિલ્મોમાં વ્યસ્ત છે. જેમાં તેની મચઅવેટેડ ફિલ્મ 'છાવા' છે જે એક ઐતિહાસિક ડ્રામા ફિલ્મ છે. કહેવામાં આવી રહ્યું છે કે, આમાં વિકીની ભૂમિકા છત્રપતિ સંભાજી મહારાજથી પ્રેરિત છે. જેઓ છત્રપતિ શિવાજી મહારાજના પુત્ર હતા. આ સિવાય વિકી પાસે સંજય લીલા ભણસાલીની ફિલ્મ 'લવ એન્ડ વોર' છે. આ ફિલ્મમાં રણબીર કપૂર અને આલિયા ભટ્ટ ઉપરાંત વિકી કૌશલ પણ છે.



# મને લગ્ન કે પ્રેમ કરવાનો સમય જ નથી મળતોઃ કાર્તિક આર્યન

અભિનેતાએ પોતાના રિલેશનશિપ સ્ટેટસ વિશે ખુલીને વાત કરી. કાર્તિક આર્યને તાજેતરમાં તેના રિલેશનશિપ સ્ટેટસ વિશે વાત કરી છે. તેણે જણાવ્યું કે તે હાલમાં સિંગલ કેમ છે. કાર્તિક આર્યન આકાશને સ્પર્શી રહ્યો છે. તેમની કારકિર્દીમાં દરરોજ વૃદ્ધિ જોવા મળી રહી છે. કાર્તિક આર્યનની ફિલ્મો બોક્સ ઓફિસ પર ધૂમ મચાવી રહી છે. આ અભિનેતા પોતાના કામને કારણે પોતાની લવ લાઈફ પર પણ ધ્યાન કેન્દ્રિત કરી રહ્યો નથી. તેનું સંપૂર્ણ ધ્યાન કામ પર છે. એટલા માટે તે સિંગલ છે. અભિનેતાએ પોતે પુષ્ટિ આપી હતી કે તેમનો સંબંધ સિંગલ છે. ઝી રિયલ હીરોઝ એવોર્ડ્સ ૨૦૨૪ દરમિયાન, કાર્તિક આર્યને કહ્યું, 'હું સંપૂર્ણપણે સિંગલ છું.' ચોક્કસ, જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું પ્યાર કા પંચનામા એકપાત્રી નાટક તેમના સિંગલ રહેવાનું કારણ છે? આના પર તેણે કહ્યું, 'મારો સમય ફિલ્મોમાં જઈ રહ્યો છે, તેથી જ મને સમય નથી મળી રહ્યો.' અને વારંવાર એવું બને છે કે તમે વારંવાર એક જ ઓફિસમાં જાઓ છો. તો મને લાગ્યું કે તમને બીજે ક્યાંય જવાની તક નહીં મળે. તો હું સંપૂર્ણપણે સિંગલ છું, આમાં કોઈ ખોટું નથી. જણાવી દઈએ કે કાર્તિક આર્યનનું નામ સારા અલી ખાન, અનન્યા પાંડે, જહાન્વી કપૂર સાથે જોડાયું છે. સારા અલી ખાન સાથેના તેના અફેર અને બ્રેકઅપ વિશે ઘણી ચર્ચા થઈ હતી.કામના મોરચે, અભિનેતાએ પ્યાર કા પંચનામાથી પોતાની કારકિર્દીની શરૂઆત કરી. તેમણે આકાશ વાણી, કાંચી, પ્યાર કા પંચનામા ૨, સોનુ કે ટીટુ કી સ્વીટી, પતિ પત્ની ઔર વો, લવ આજ કલ, ધમાકા, ભૂલ ભુલૈયા ૨, ફ્રેડી, શહેઝાદા, સત્ય પ્રેમ કી કથા, ચંદુ ચેમ્પિયન અને ભૂલ ભુલૈયા જેવી ફિલ્મોમાં કામ કર્યું છે. ૩ છે. કાર્તિક છેલ્લે ફિલ્મ ભૂલભુલૈયા ૩ માં જોવા મળ્યો હતો. આ ફિલ્મે રેકોર્ડ બ્રેક કમાણી કરી. આ ફિલ્મમાં વિદ્યા બાલન, માધુરી દીક્ષિત અને તૃપ્તિ ડિમરી જેવી અભિનેત્રીઓ જોવા મળી હતી.



# ૬૪ વર્ષના સુપરસ્ટારે મચાવી ધૂમ, ૪ દિવસમાં કાઢી લીધો ફિલ્મનો ખર્ચો



## અભિનેતા નંદમુરી બાલાકૃષ્ણની ફિલ્મ ડાકુ મહારાજએ જમાવ્યો કબજો



સાઉથ સિનેમાના સુપર સ્ટાર નંદમુરી બાલાકૃષ્ણની ફિલ્મ 'ડાકુ મહારાજ' સિનેમાઘરોમાં ધૂમ મચાવી રહી છે. પહેલા દિવસે જ ફિલ્મે બોક્સ ઓફિસ પર કબજો કરી લીધો છે. દેશ જ નહીં, પરંતુ વિદેશોમાં પણ ફિલ્મનો ડંકો વાગી રહ્યો છે. માત્ર ૪ દિવસમાં જ 'ડાકુ મહારાજ'એ બમ્પર કમાણી કરી છે. ૬૪ વર્ષની ઉંમરમાં પણ સુપરસ્ટાર નંદમુરી બાલાકૃષ્ણ ફિલ્મની દુનિયામાં એક્ટિવ છે. હાલમાં જ રિલીઝ થયેલી તેની ફિલ્મ 'ડાકુ મહારાજ' બોક્સ ઓફિસ પર જોરદાર પ્રદર્શન કરી રહી છે. કમાણીના મામલે ફિલ્મે બોક્સ ઓફિસ પર ઈતિહાસ રચ્યો છે.નંદમુરી બાલાકૃષ્ણની ફિલ્મ 'ડાકુ મહારાજ' ૧૨ જાન્યુઆરીએ રિલીઝ થઈ હતી. તેમાં તે ફુલ એક્શન અવતારમાં જોવા મળ્યા. બોલીવુડ એક્ટ્રેસ ઉર્વશી રૌતેલા પણ ફિલ્મનો ભાગ છે. જ્યારે બોબી દેઓલ વિલનની ભૂમિકામાં જોવા મળે છેત્રીજા દિવસે એટલે કે, નંદમુરી બાલાકૃષ્ણની ફિલ્મ 'ડાકુ મહારાજ'એ ૧૨.૨૫ કરોડ રૂપિયાની કમાણી કરી. આમ ફિલ્મે દેશભરમાં માત્ર ૩ દિવસોમાં જ ૫૦.૪ કરોડનું કલેક્શન કર્યું છે.મીડિયા રિપોર્ટ્સ અનુસાર નંદમુરી બાલાકૃષ્ણની 'ડાકુ મહારાજ' ૧૦૦ કરોડ રૂપિયામાં બની છે. મેકર્સે સોશિયલ મીડિયા પર ડાકુ મહારાજના કલેક્શનને લઈને પોસ્ટ શેર કરી છે, તે અનુસાર ફિલ્મે માત્ર ત્રણ દિવસમાં વર્લ્ડવાઈડ ૯૨ કરોડ રૂપિયાનો ગ્રોસ બિઝનેસ કરી લીધો છે.બુધવારે 'ડાકુ મહારાજ'એ ભારતમાં ૪.૫૨ કરોડ રૂપિયાની કમાણી કરી છે. હવે ૪ કરોડ રૂપિયા વધુ કમાવવું એ ફિલ્મ માટે મોટી વાત નથી.મતલબ કે માત્ર ચાર દિવસમાં 'ડાકુ મહારાજ'નું બોક્સ ઓફિસ કલેક્શન ૧૦૦ કરોડને પાર કરી જશે. ફિલ્મની કિંમત માત્ર ૪ દિવસમાં વસૂલ થઈ ગઈ છે. આશ્ચર્યજનક વાત એ છે કે, છેલ્લા ત્રણ દિવસથી આ ફિલ્મ દેશભરમાં ડબલ ડિજિટમાં કમાણી કરી રહી છે.આ ફિલ્મમાં નંદમુરી બાલાકૃષ્ણ ઉપરાંત બોબી દેઓલ, ઉર્વશી રૌતેલા, પ્રજ્ઞા જયસ્વાલ, શ્રદ્ધા શ્રીનાથ અને ચાંદિની ચૌધરી મહત્વની ભૂમિકામાં છે. આ ફિલ્મ બોબી દેઓલના કરિયરની પહેલી તેલુગુ ફિલ્મ છે. તેની વાર્તા બોબી કોલીએ લખી છે.'ડાકુ મહારાજ'નું નિર્માણ સૂર્યદેવરા નાગા વંશી અને સાંઈ સૌજન્ય દ્વારા કરવામાં આવ્યું છે. તેનું સંગીત એસ. થમને આપ્યું છે. આ એક્શન ફિલ્મમાં નંદમુરી બાલાકૃષ્ણ એક ડાકુની ભૂમિકામાં છે, જેને 'ડાકુ મહારાજ' કહેવામાં આવે છે. આ ફિલ્મનું નિર્દેશન બોબી કોલીએ કર્યું છે.

# પ્રિયંકાએ લોસ એન્જલસને ધબકતું કરવા માટે મદદની અપીલ



લોસ એન્જલસમાં લાગેલી આગને કારણે થયેલા નુકસાનને જોઈને પ્રિયંકા ચોપરાએ એક નિવેદન જારી કરી કહ્યું કે આ આગમાં તેના મિત્રોએ ઘણું ગુમાવ્યું છે. શહેરમાં થયેલી તબાહી જોઈને તેનું હૃદય ભારે થઈ જાય છે. લોસ એન્જલસના ઘણા વિસ્તારોમાં આગ ફેલાઈ ગઈ છે અને તેના કારણે જાનમાલનું ભારે નુકસાન થઈ રહ્યું છે.

લોસ એન્જલસના અનેક ભાગોમાં લાગેલી વિનાશક જંગલની આગને કારણે શહેરમાં ભારે તબાહી મચી ગઈ છે. આ આગને કારણે જાનમાલનું નુકસાન થયું છે. ૨૫ લોકોના મોત થયા છે. ૪૦,૬૦૦ એકરથી વધુ વિસ્તારને નુકસાન થયું છે. ઘણા જાણીતા સેલેબ્સના ઘર બળીને રાખ થઈ ગયા છે. અત્યાર સુધીમાં, ઘણી હસ્તીઓએ આ ભયાનક ઘટના અંગે સોશિયલ મીડિયા પર





પોતાની ચિંતા વ્યક્ત કરી છે. હવે પ્રિયંકા ચોપરાએ કહ્યું કે આ બધું જોઈને તેનું હૃદય ખૂબ જ ભારે થઈ ગયું છે. પ્રિયંકા પાસે અહી એક આલીશાન ઘર પણ છે તે જાણીતું છે.

કેલિફોર્નિયામાં લાગેલી વિનાશક આગ હજુ પણ તબાહી મચાવી રહી છે. આના કારણે હજારો લોકોને પોતાના ઘર છોડવા પડ્યા અને અસંખ્ય ઘરો બળીને રાખ થઈ ગયા. લોસ એન્જલસમાં પોતાના પરિવાર સાથે રહેલી પ્રિયંકા ચોપરાએ સોશિયલ મીડિયા પર પોતાની વ્યથા વ્યક્ત કરી અને અસરગ્રસ્તોને ટેકો આપ્યો. પ્રિયંકાએ ફાયર બ્રિગેડનો આભાર માન્યો.

પ્રિયંકા ચોપરાએ લખ્યું, 'મારું હૃદય એલએ માટે ગદગદ છે.' જ્યારે હું મારા પરિવારની સલામતી માટે ખૂબ આભારી છું. અમારા ઘણા મિત્રો, સાથીદારો અને સાથી એન્જેલીનોએ ઘણું બધું ગુમાવ્યું છે. આ આગના કારણે અસંખ્ય પરિવારો વિસ્થાપિત થયા છે અને સમગ્ર સમુદાયો તબાહ થઈ ગયા છે, જેના કારણે નવીનીકરણ અને રાહતની ભારે જરૂર છે. અગ્નિશામકો અને મદદગારો બધું જોખમમાં મૂકી રહ્યા છે - તમે ખરા હીરો છો.

**પ્રિયંકાએ લોકોને મદદ માટે અપીલ કરી**

પ્રિયંકાએ તેના અનુયાયીઓને રાહત કાર્ય માટે દાન આપવા વિનંતી પણ કરી છે. તેમણે કહ્યું કે જેમણે બધું ગુમાવ્યું છે તેમને દાન આપો. દરેક યોગદાન, ભલે ગમે તેટલું નાનું કે મોટું હોય, ખરેખર મદદ કરે છે.

લોસ એન્જલસ અને તેની આસપાસના વિસ્તારોમાં જંગલમાં લાગેલી આગને કારણે ઘણો વિનાશ થયો છે, જેના કારણે હજારો પરિવારો પ્રભાવિત થયા છે, જેમાં ઘણી હોલીવુડ સેલિબ્રિટીઓનો પણ સમાવેશ થાય છે. અન્ના ફારિસ, યુજેન લેવી, મેન્ડી મૂર, પેરિસ હિલ્ટન, એડમ બ્રોડી અને લેઈટન મીસ્ટર જેવા સ્ટાર્સને નુકસાન થયું છે. બ્રોડી અને મીસ્ટરનું ૬.૫ મિલિયનનું માલિબુ ઘર સંપૂર્ણપણે નાશ પામ્યું હતું, જ્યારે બેન એફ્લેક, ટોમ હેન્ક્સ, એડમ સેન્ડલર અને સ્ટીવન સ્પીલબર્ગ જેવા અન્ય લોકોને સ્થળાંતર કરવાની ફરજ પડી હતી.

# પિતાના નકશેકદમ પર ચાલવા મલ્હાર પાટેકર તૈયાર

## દેખાવમાં નાના પાટેકર જેવા દેખાતા મલ્હારને પણ સાદગી પસંદ

નાના પાટેકરનો દીકરો મલ્હાર પાટેકર તેના પિતાની કાર્બન કોપી છે, તેના રફ અને ટફ વ્યક્તિત્વને જોઈને ચાહકોએ કહ્યું - આ એક સુપરસ્ટારનો દીકરો છે. નાના પાટેકરનો દીકરો મલ્હાર બિલકુલ તેના પિતા જેવો જ દેખાય છે. તેને તેના દાદાની જેમ સાદગી ગમે છે. મલ્હારે મુંબઈની સરસ્વતી મંદિર હાઈસ્કૂલમાંથી અભ્યાસ કર્યો છે. તેમણે કોમર્સમાં ગ્રેજ્યુએશન કર્યું છે. મલ્હારને બાળપણથી જ ફિલ્મોમાં કામ કરવાનો શોખ હતો.નાના પાટેકર માત્ર એક મહાન અભિનેતા જ નથી, પરંતુ એક લેખક અને ફિલ્મ નિર્માતા પણ છે. લોકો તેમના અભિનયથી પ્રભાવિત થાય છે. તેમને ઘણી વખત રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર અને ફિલ્મફેર પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા છે. તેમને પદ્મશ્રી એવોર્ડ પણ મળ્યો છે. તેઓ તેમના સંવાદો બોલવાની શૈલી માટે ઉદ્યોગમાં ખૂબ પ્રખ્યાત છે. આ જ કારણ છે કે તેમના ચાહકો દરેક વય જૂથના છે. નાનાના લગ્ન અભિનેત્રી અને બેંક અધિકારી નીલકંઠી પાટેકર સાથે થયા હતા અને તેમને મલ્હાર પાટેકર નામનો એક પુત્ર છે. મલ્હારને બાળપણથી જ ફિલ્મોમાં કામ કરવાનો શોખ હતો અને તે પ્રકાશ ઝાની ફિલ્મમાં કામ કરવા જતો હતો, પરંતુ પછી નાના અને પ્રકાશ ઝા વચ્ચે ઝઘડો થયો અને નાનાએ મલ્હારને પ્રકાશ ઝાની ફિલ્મમાં કામ કરવાની ના પાડી દીધી. બાદમાં, મલ્હારે રામ ગોપાલ વર્માની ફિલ્મ ધ એટેક ઓફ ૨૬૧૧ માં સહાયક દિગ્દર્શક તરીકે કામ કર્યું. હવે તેમનું પોતાનું પ્રોડક્શન હાઉસ છે, જે તેમણે તેમના પિતા નાના પાટેકરના નામે શરૂ કર્યું છે. નાના પાટેકર અને તેમની પત્ની નીલકંઠી પાટેકરે એકબીજાથી છૂટાછેડા લીધા નથી, પરંતુ બંને લાંબા સમયથી અલગ રહે છે. મલ્હાર તેની માતાની ખૂબ નજીક છે. મલ્હારનો એક મોટો ભાઈ પણ હતો, જે થોડા સમય પછી મૃત્યુ પામ્યો. નાનાને તેમના પુત્રના મૃત્યુનો ખૂબ જ આઘાત લાગ્યો અને તેઓ લાંબા સમય સુધી વ્યથિત રહ્યા. જોકે, મલ્હારના જન્મ પછી, નાનાને તેની ખુશી પાછી મળી.



## જો દિલજીતમાં હિંમત હોય, તો તેણે કોલ્હાપુરમાં કોન્સર્ટ કરે

# અભિજીત ભટ્ટાચાર્યનો ખુલ્લો પડકાર, કહ્યું કોઈ ટિકિટ નહીં લે

જાણીતા ગાયક અભિજીત ભટ્ટાચાર્ય કે જેઓ પોતાના આખાબોલા સ્વભાવના લીધે જગ મશહુર છે તેમને દિલજીત દોસાંઝ અને કરણ ઔજલાને કોલ્હાપુરમાં તેમનો કોન્સર્ટ કરવા માટે પડકાર ફેંક્યો. એટલું જ નહી, એમ પણ કહ્યું કે ત્યાં કોઈ ટિકિટ ખરીદશે નહીં.જો તમે તેમનું નામ પણ સાંભળ્યું નથી, તેનો અર્થ એવો નથી કે તેઓ પછાત છે મારા ઘરે તેમના કોન્સર્ટની ટિકિટો પડી છે. મારા બાળકો પણ આ જોવા જતા નથી. પંજાબી ગાયકો દિલજીત દોસાંઝ અને કરણ ઔજલાનો ફેન્ડમ કોઈથી છુપાયેલો નથી. તેમના કોન્સર્ટમાં હજારો લોકો હાજરી આપે છે. ગાયકો માટે આ ક્રેઝની સ્થિતિ છે.



અભિજીતનો દાવો છે કે દિલજીત અને કરણ કોન્સર્ટમાં ગાવા કરતાં નૃત્ય પર ધ્યાન કેન્દ્રિત કરે છે. તેમના બાળકોએ ક્યારેય દિલજીત અને કરણના કોન્સર્ટ પર પૈસા ખર્ચ્યા નથી.ગાયકે કહ્યું કે તે બાળપણથી જ કોન્સર્ટ કરતો આવ્યો છે. લોકો લતા મંગેશકરના શોમાં આવીને બેસતા, તેમનું દરેક ગીત પૂરા દિલથી સાંભળતા અને તેમના સંગીતમાં ખોવાઈ જતા.લોકો તેમના શોમાં પણ આવે છે અને બેસીને તેમના ગીતોનો આનંદ માણે છે.

અભિજીતના મતે, આને કોન્સર્ટ કહેવાય છે. ગાયક માને છે કે આજકાલ કોન્સર્ટનો અર્થ બદલાઈ ગયો છે.અભિજીતે દિલજીત તરફ તીર તાક્યું હતું અને કહ્યું કે આપણે જે લોકો (દિલજીત, કરણ) વિશે વાત કરી રહ્યા છીએ તેઓ ગાતા નથી. બસ નાચે છે, પહેલા સુપરસ્ટાર મારા ગીતો પર નાચતા હતા.મારું માનવું છે કે જો આજે કોઈ ટ્રેન્ડ કરી રહ્યું છે, તો કાલે કોઈ બીજું કરશે. મને આવા લોકો વચ્ચે રહેવું ગમતું નથી.

### અમરેલીના લેટર કાંડનો ઉલ્લેખ કરી પાટીદાર યુવતિના કઢાયેલા સરઘસ મુદ્દે કરી ટીકા...

# પેપર ફુટે, બ્રિજ તુટે, ભાજપના રાજમાં ભયમુકત ભ્રષ્ટાચારઃ જામનગરમાં શકિતસિંહનો આક્ષેપ

## જામનગર, પોરબંદર, દ્વારકા જીલ્લાની સંગઠનની મુલ્યાંકન બેઠક માટે પ્રદેશ કોંગીના આગેવાનોની હાજરી : મુકુલ વાસનીક, શૈલેષ પરમાર, ભુપેન્દ્ર મારવી આવ્યા : વિક્રમ માડમ, ભીખુભાઈ વારોતરીયા, એમ.કે. બ્લોચ, દિનેશ પરમાર સહિતના સ્થાનીક આગેવાનો સાથે જોડાયા

**આજકાલ પ્રતિનિધી**
**જામનગર**

જામનગર, પોરબંદર અને દ્વારકાના કોંગ્રેસના સંગઠનની મુલ્યાંકન બેઠક માટે જામનગર આવેલા પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ શકિતસિંહ ગોહિલે એવો આક્ષેપ લગાવ્યો હતો કે, ભાજપના રાજમાં ભયમુકત ભ્રષ્ટાચાર ચાલી રહયો છે, પેપર ફુટી રહયા છે, બ્રીજ તુટી રહયા છે, બીજી તરફ અમરેલીના લેટર કાંડ જેવા મુદ્દે પાટીદાર યુવતિના સરઘસ કાઢીને હદ કરી નાખવામાં આવી છે.

આજે જામનગર ખાતે યોજાયેલી આ બેઠકમાં મુકુલ વાસનીક, શૈલેષ પરમાર, ભુપેન્દ્ર મારવી, જેવા પ્રદેશના નેતાઓ આવ્યા હતા, અમિત ચાવડા આવી શકયા ન હતા, કોંગીના સ્થાનીક વરિષ્ઠ આગેવાનો માજી સાંસદ વિક્રમ માડમ, પ્રદેશ કોંગીના ભીખુભાઈ વારોતરીયા, પુર્વ મંત્રીઓ એમ.કે. બ્લોચ, ડો. દિનેશ પરમાર વગેરે સાથે જોડાયા હતા, સ્થાનીક કોંગીની ટીમ સાથે રહી હતી.





(તસવીર :મિતેષ દાઉદીયા)

કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ શકિતસિંહ ગોહિલ દ્વારા જામનગર કુંવરબાઈ જૈન ધર્મશાળા ખાતે પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું, આ મુલાકાતનો હેતુ સમગ્ર રાજયના દરેક જીલ્લાઓના નાગરીકોના પ્રશ્નો સાંભળવા તેમજ સંગઠનના કાર્યને મજબુત કરવા દરેક જીલ્લાઓની કોંગ્રેસ પ્રદેશ સમિતિની ટીમ દ્વારા જીલ્લાભરના મુખ્ય મથકોએ બેઠક બોલાવી ચર્ચા-વિચારણા કરવાનો હતો, આજે તેનો છેલ્લો પડાવ હતો.

પ્રદેશ પ્રમુખ શકિતસિંહ ગોહિલે પોતાના વકતવ્યમાં આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, અંગ્રેજોના સમયમાં અંગ્રેજો પાસે જેટલી સંપતી હતી તેટલી ભાજપના ૨૦ નેતાઓ પાસે આજે છે, રાજયમાં પેપર ફુટે છે, બ્રીજ તુટે છે અને ભાજપના રાજમાં ભયમુકત ભ્રષ્ટાચાર ચાલી રહયો છે, બીજી તરફ અમરેલીના લેટર કાંડમાં પાટીદાર યુવતિનું સરઘસ કાઢવામાં આવે છે તેની સામે બુટલેગરો, ભ્રષ્ટાચારીઓ ખુલ્લેઆમ ફરી રહયા છે અને તેમના સરઘસ કાઢવામાં આવતા નથી, જયારે એક સામાન્ય લેટર કાંડમાં યુવતિનું અમરેલી શહેરમાં સરઘસ કાઢવામાં આવે છે.

બીજી તરફ ખેડુતોની દશા પણ દયનીય બની છે, મનમોહનસિંઘની સરકાર સમયે મગફળીના મણના ૧૩૦૦ થી ૧૪૦૦ રૂપીયા વળતર ખેડુતોને મળતુ હતું જયારે આજે ૧૦૦૦ થી ૧૧૦૦ રૂપીયા વળતર મળે છે તેની સામે મગફળીના ઉત્પાદન કરવામાં ખેડુતોને ડીઝલ, ખાતર સહિતના ખર્ચાઓ વધી ગયા છે તેમજ તેમના ભાવો પણ મનમોહનસિંઘની સરકાર કરતા ઘણા વધી ગયા છે. રાજયના ખેડુતોને બંને તરફથી માર પડી રહયો છે. ખેડુતોનું શોષણ થઈ રહયું છે અને ગબ્બરસિંહ ટેકસ વધારે લેવામાં આવી રહયો છે.

રાજય સરકાર દ્વારા ડીમોલીશનની કાર્યવાહીમાં આક્ષેપ કરતા પ્રદેશ પ્રમુખે જણાવ્યુ હતું કે, ડીમોલીશનની કાર્યવાહી ગરીબ વર્ગ માટે જ કરવામાં આવી રહી છે, મોટા મોટા વગદાર વ્યકિતઓનું જમીન દબાણ સરકારને દેખાતું નથી અને તેમની સામે કાર્યવાહી કરવામાં આવતી નથી. ખ્યાતી હોસ્પીટલ કાંડમાં આરોપીઓના સરઘસ નીકળતા નથી કે નથી તેમના પોલીસ દ્વારા ટાંટીયા ભાંગી નાખવામાં આવતા નથી.

મોટાભાગના ગુનેગારો જેમને તેમ ફરે છે, બીજી તરફ માછીમારોના પ્રશ્નો અંગે સરકાર દ્વારા કોઈ ઠોસ કાર્યવાહી કરવામાં આવતી નથી, મનમોહનસિંઘની સરકાર વખતે માછીમારોના પ્રશ્નોનો નિકાલ કરવામાં આવતો હતો અને પાકિસ્તાની જેલમાં સબડતા દેશના માછીમારોને મુકત કરવા માટે યોગ્ય કાર્યવાહી કરવામાં આવતી હતી. અને તેમની બોટો માટે પણ સબસીડી સહિતની યોજનાઓનો અમલ કરવામાં આવતો હતો.

આ પત્રકાર પરિષદમાં પ્રદેશ પ્રમુખ શકિતસિંહ ગોહિલની સાથે કોંગીના સ્થાનીક આગેવાનો શહેર પ્રમુખ દિગુભા જાડેજા, પ્રદેશ કોંગીના ભીખુભાઈ વારોતરીયા, પુર્વ સાંસદ વિક્રમ માડમ, પુર્વ મંત્રી એમ. કે. બ્લોચ, ડો. દિનેશ પરમાર, જીલ્લા પ્રમુખ મનોજ કથીરીયા, જામનગર મહાનગરપાલીકાના વિરોધ પક્ષના નેતા ધવલ નંદા, પુર્વ વિરોધ પક્ષના નેતા અલ્તાફ ખફી, ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ બિપેન્દ્રસિંહ જાડેજા, ખેડુત નેતા પાલભાઈ આંબલીયા, વરિષ્ઠ કોંગી આગેવાન ડો. હેમાંગ વસાવડા, જસવંતસિંહ ભટ્ટી, સેવાદળના પ્રમુખ પ્રગતિ આહીર, પુર્વ નગરસેવીકા સહારાબેન મકવાણા, જીવણભાઈ કુંભરવડીયા સહિતના જામનગર શહેર તથા જીલ્લાના આગેવાનો જોડાયા હતા.

# અનિયમિત લેવડ-દેવડની પ્રવૃત્તિઓ પર પ્રતિબંધના પ્રસ્તાવ બિલ પર પુનઃવિચાર કરવા ઉઠતી માંગ

## જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા સરકારને પત્ર લખી કરી રજૂઆતઃ જિલ્લા કોંગી પ્રમુખ દ્વારા પણ કરવામાં આવેલી રજૂઆત

**આજકાલ કાર્યાલય - જામનગર**

જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી એ જણાવ્યું કે ભારત સરકારના શ્રેષ્ઠ પ્રયાસો અને આપનો પરિકલ્પના હેઠળ દેશના સર્વાંગી વિકાસ માટે જે પહેલ થઈ છે ઊંચાઈઓ સુધી પહોંચાડવા માટે છે તેની સહૃદય પ્રશંસા કરીએ છીએ. દેશને નવી સરકારની આપેલી દિશા પ્રસંશનીય છે. કેન્દ્રીય નાણા મંત્રાલય દ્વારા અનિયમિત લેવડ-દેવડ પ્રવૃત્તિઓ ઉપર પ્રતિબંધ મુકવા માટે બિલ માટે પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે. આ બિલની જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી એ ઉગ્ર વિરોધ કર્યો છે. જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી પ્રમુખ મનોજભાઈ કેશીરીયાએ વડાપ્રધાન અને નાણામંત્રીને આવેદનપત્ર પાઠવી આ બિલના કારણ થતા વિપરીત ગંભીર અસરોની વિસ્તૃત વિગતો રજૂ કરી છે.

તાજેતરમાં ભારત સરકારના નાણાં મંત્રાલય દ્વારા પ્રાઈવેટ લેણદેશ કરતાં નાગરિકો પર સજાની જોગવાઈ કરતો અનિયમિત લેનદેન પ્રવૃત્તિઓ પર પ્રતિબંધથ નામના બિલ માટે પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે. આ બિલના હેતુઓની પ્રશંસા છે છતાં ચેમ્બર મજબૂત રીતે માને છે કે તેની હાલની માળખાકીય રચનામાં આ દ્વારા ખેડૂતો, ગ્રામીણ વિસ્તારોના નાગરિકો અને એમએસએમઈ ક્ષેત્ર માટે ભારે આર્થિક નુકસાનનું કારણ બની શકે છે.

ચેમ્બરે જણાવ્યું કે ભારતના ૬૩%થી વધુ નાગરિકો આજે પણ ગ્રામીણ વિસ્તારોમાં વસે છે. બેંકિંગ સિસ્ટમ આજે અમુક નિયમોથી ઘેરાયેલ તથા લાંબી છે આવામાં ભારતના લગભગ દરેક નાગરિકો પોતાની દૈનિક નાણાકીય જરૂરિયાતો પરી કરવા પાડોશીઓ, મિત્રો, સગાવહાવાઓ પર આધારિત છે આ કાયદા દ્વારા ભારતના ટ્રેડિશનલ એપ્રોચને પ્રતિબંધિત કરવાની જાહેરાત સમગ્ર માર્કેટ માથી તરલતા ગાયબ કરી દેશે. આજે ૮૦%થી વધુ ગ્રામીણ પરિવારો માટે અનૌપચારિક લોન એ જરૂરી મદદરૂપ બની છે. કે જે દેશના માં ૩૦%થી વધુ યોગદાન આપે છે તે પણ ફોર્મલ લોન પ્રાપ્ત કરવામાં મુશ્કેલી અનુભવે છે.

આમ, આ બિલ અનૌપચારિક લોન પર પ્રતિબંધ મૂકીને આર્થિક પ્રગતિને મોટા પાયે અટકાવશે અને નબળા વર્ગો માટે વધુ પડકાર ઉભા કરશે.ઉપરાંત, આ સૂચિત કાયદામાં અથવા પોલીસને વિના વોરંટ તલાશી અને જમી કરવાની સત્તાઓ આપવામાં આવી છે અને આથી ઉધોગો પર અધિકારોની સત્તાનો દુરૂપયોગની વધે તેવી શક્યતા વધી શકે છે. જે નાગરિકોના મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન કરે છે.

નાણાકાયદામાં દંડ અને સજા જેવી જોગવાઈ. સામાન્ય નાગરિકો માટે અસહનીય છે અને આ તથા આ સિવાયના તમામ નાણાંકાયદાઓમાં રહેલ સજાની જોગવાઈઓનો અમે પ્રથમથી વિરોધ કરતાં આવ્યા છીએ અને જે બાબત અમે આજે પણ વિરોધ વ્યક્ત કરીએ છીએ. આ બિલનો હેતુ સારી હોય છતાં તે હાલના સ્વરૂપે દેશના નાગરિકો અને આર્થિક તંત્ર માટે અડચણરૂપ છે. 'જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની માંગણી છે કે આ બિલ લાવવા પર ફરી વિચાર કરી, તેના પ્રાવધાનોમાં યોગ્ય સુધારાઓ સાથે તેને વધુ સમાનતાવાળા અને ન્યાયપ્રદ બનાવે.

જામનગર જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ મનોજ કથીરીયાના જણાવ્યા અનુસાર ભારત સરકારે ગ્રાહકના હક્કને સુરક્ષિત રાખવાના પ્રયાસ સ્વરૂપે રિઝર્વ બેન્ક દ્વારા એક વર્કિંગ ગ્રુપનું ગઠન કરીને એક કમિટી બનાવેલ છે. આ કમિટી દ્વારા એક બિલ લાવવામાં આવેલ છે. જેનું નામ બેનીગ ઓફ અનરેગ્યુલર એકિવટી (બુલા) જેનો ડ્રાફટ સજેશન માટે મૂકવામાં આવેલ છે. આ બાબતે આ બિલની કેટલીક જોગવાઈઓ જે જણાવવા આ લેખથી ફકત બિલના પ્રોવિઝનની ચર્ચા કરેલ છે જેથી જો રજૂઆત કરવાની થતી હોય તો તેને સમયસર રજૂઆતથી સુધારવા અંગે કે આ કાયદાની જરૂરિયાત વિશે યોગ્ય રજૂઆત કરી શકાય. આ કાયદા અંતર્ગત સરકાર સૂચવે તે પ્રમાણે દરેક વ્યકતીએ આ કાયદા અંગેના પત્રકો રજૂ કરવાના થશે અને તે બાબતે આ કાયદામાં કોઈ સ્પષ્ટતા નથી. આથી આટલી ઉતાવળે આ કાયદો લઈ આવવાની શું જરૂરિયાત છે? આ કાયદા બાબતે સરકાર તરફથી કોઈપણ જાતની માહિતી કે જેના ભલા માટે આ કાયદો લાવવાની વાત છે તેવી કોઈ માહિતી જાહેર જનતા પાસે છે નહિ.

આ કાયદા હેઠળ શંકના આધારે તમારી મિલકત જંગમ અને સ્થાવર ટાચમાં લાવવાની ભલામણ છે. આવી ટાચ તપાસ દરમ્યાનજ લઈ લાવવાની વ્યવસ્થા હોઈ આનો દુરુપયોગ નહિ થાઈ તે બાબતે કોઈ ભરોસો આપવામાં આવેલ નથી. જયારે આ કાયદાની વ્યવસ્થા મુજબ આ કામમાં તમારા ક્ષેત્રમાં આવતા પોલીસ ઈન્ચાર્જ જીલ્લા પોલીસની મજુરીથી તપાસ શરુ કરી શકશે. આ બાબતે તમારે લોન આપી છે કે નથી પણ શંકના આધારે આ કામ કરી શકે તેવી વિશાળ સતાઓ સોપી છે જેથી શંકના આધારે ગમે તેવી વ્યક્તિ ઉપર કાર્યવાહી થઈ શકે તેવું હોઈ આ કાયદો બનાવામાં ઉતાવળ થઈ રહી છે તેના કારણો જાણ્યા વગર આવો કાયદો લાવવાની જરૂર જણાતી નથી.

### રાજઘરાનાનો એડીસી બંગલાને દસ્તાવેજ કરી આપવાનો

# મુંબઈના મહાજન દ્વારા કરવામાં આવેલ દાવો ના-મંજુર કરતી અદાલત

**આજકાલ કાર્યાલય - જામનગર**

જામનગરમાં સાત રસ્તા પાસે આવેલ સર્વે નં. ૧૮૧ વાળી કુલ જગ્યાના ૭૫ ટકાવાળી જગ્યા અંગે મુંબઈના ઓશવાળ મહાજન પ્રેમચંદ હંશરાજ હરીયા, રમેશચંદ્ર હરીયા, પ્રેમલતાબેન હરીલાલ દોઢીયા એ મણીલાલ કાલીદાસના વારસો જયદીપ તથા મહેન્દ્ર જગજીવન, વિનોદકુમાર લક્ષ્મીદાસ તથા પ્રજ્ઞાબેન શાંતીલાલ દ્વારા દક્ષાબા મુળરાજસિંહ વાળા પાસેથી ખરીદવા કરાર કરેલા અને ત્યારબાદ મુંબઈના મહાજનેએ દક્ષાબા સામે કરાર પાલનને દાવો દાખલ કરેલ આ દાવાની જાણ થતા શ્રી શિત્રુશલ્યસિંહજી દિગ્વીજયસિંહજી જાડેજા આ કેસમાં પક્ષકાર તરીકે જોડાયેલ અને જાહેર કરેલ કે દક્ષાબા મુળરાજસિંહ વાળા આ જગ્યાના કાયદેસરના માલીક નથી અને જગ્યાને સંપુર્ણ કબ્જ પણ દક્ષાબા પાસે નથી આ સંબંધે દક્ષાબાએ શ્રી શત્રુશલ્યસિંહજી સામે દાખલ કરેલ રેગ્યુલર દિવાની મુકદમા દક્ષાબા હારી ગયેલ અને તે ઘવા ઉપર દાખલ કરેલ રેગ્યુલર દિવાની અપીલ પણ ડીસ્ટ્રીકટ કોર્ટ રદ કરી નાખેલ અને વધારામાં



એસ્ટેટ ડયુટી ઓફીસરે પણ દક્ષાબા જોગનું બક્ષીસપત્ર રદ ઠરાવેલ છે જેથી જયા દક્ષાબા જગ્યાના માલીક કે કબ્જેદાર ન હોય દક્ષાબાને આ જગ્યાને વેંચાણ કરવાની કોઈ સતા અધિકાર નથી આવી તકરાર શ્રી શત્રુશલ્યસિંહજીએ તેના વકીલ મારફતે લીધેલ.

આ કામે મુંબઈના મહાજનની તથા દક્ષાબાની ઉલટ તપાસ કરવામાં આવેલ અને ત્યારબાદ પક્ષકારોની દલીલ સાંભળી સિવીલ જજે આ મુંબઈના મહાજનનો દસ્તાવેજ કરી દેવાની માંગણી કરતો દાવો રદ કરેલ છે અને મહાજનને દક્ષાબા જે રકમ ચુકવેલ છે તે ચક્રવૃધ્ધિ વ્યાજ સાથે દક્ષાબા પાસેથી વસુલ લેવા હુકમ કરેલ છે.આ કેસમાં શ્રી શત્રુશલ્યસિંહજી દિગ્વીજયસિંહજી જાડેજા વતી વકીલ શૈલેષ દલસુખલાલ મહેતા રોકાયેલ હતા

# ચેક રીર્ટન કેસમાં સજા તથા દંડનો હુકમ

**આજકાલ કાર્યાલય**
**જામનગર**

જામનગરમાં કલ્યાણજીનો ચોક, ૫, પીપડા શેરીમા રહેતા કિશનભાઈ હરીશભાઈ ચાવડા પોતાની અંગત જરૂરીયાત માટે પવન ચકકી, કિશન ચોક, આંજલી નયુઝ પાસે, જામનગરમા રહેતા અંકીતભાઈ કેતનભાઈ નંદા પાસે થી સંબધ દાવે હાથ ઉછીના રૂ.૫૫,૦૦૦ પંચાવન હજાર લઈ ગયેલ હતા. જે રકમ ની ચુકવણી કરવા કિશનભાઈ હરીશભાઈ ચાવડાએ અંકીતભાઈ કેતનભાઈ નંદાને એકસીસ બેંક, જામનગર શાખાનો મુકતે પાસ થઈ જવાના વિશ્વાસે આપેલ જે ચેક અંકીતભાઈ કેતનભાઈ નંદાએ પોતાના ખાતામા જમા કરાવતા



આરોપી કિશનભાઈ હરીશભાઈ ચાવડા પોતાના બેંક ખાતામા પુરતુ ભંડોળ ન હોય ફંડસ ઈનશફીશ્યન્ટના કારણસર ચેક બાઉન્સ થયેલ.

તેથી ફરીયાદી અંકીતભાઈ કેતનભાઈ નંદાએ તેના વકીલ મારફત રજી.એડી. પોસ્ટથી આરોપી કિશનભાઈ હરીશભાઈ ચાવડાને નોટીશ આપી જાણ કરવા છતા રકમ નહી ચુકવતા ફરયાદી કિશનભાઈ હરીશભાઈ ચાવડાએ જામનગર ચીફ.જયુડી.મેજી. ની કોર્ટમાં ચેક બાઉન્સ થવા અંગે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ-૧૩૮ હેઠળ ફરીયાદ દાખલ કરેલ જે એડી.ચીફ. જયુડી.મેજી. આર.બી. ગોસાઈની કોર્ટમાં ચાલી જતા ફરિયાદી તરફે રજુ થયેલ મોખીક દસ્તાવેજી પુરાવો ધ્યાને લઈ આરોપી કિશનભાઈ હરીશભાઈ ચાવડાને ૧ (એક) વર્ષ ની જેલ સજા ત્થા ચેકની રકમ રૂપીયા પંચાવન હજાર નો દંડ કરી જે ઠંડની રકમ ફરિયાદીને વળતર સ્વરૂપે ચુકવવા હુકમ કરેલ છે.ફરયાદી તરફે વકીલ તરીકે અશોક એસ.ગાંધી રોકાયેલ હતા.

# પુના (મહારાષ્ટ્ર)ના પ્રોપર્ટી બ્રોકરને ચેક રીટર્ન કેસમાં એક વર્ષની સજા

**આજકાલ કાર્યાલય - જામનગર**

જામનગર એરફોર્સ માં નોકરી કરતા રાજેશકુમાર ઠાકર પ્રસાદ ગુપ્તા પુના પોસ્ટીંગ પર હતા ત્યારે ત્યાના પ્રોપર્ટી બ્રોકર સમીર સતપાલસિંહ ચારક રે. ખરેડી, પુના મહારાષ્ટ્ર વાળા પાસેથી પુના જીલ્લાના હવેલી તાલુકા ના વાગોલી ગામે ૧૫૦૦ ચોરસ ફુટનો પ્લોટ ખરીદેલ હતો જે પ્લોટ આરોપી સમીર ચારક દ્વારા ટાઈટલ કલીયર નહી થતા અને ફરયાદી રાજેશકુમાર ગુપ્તા ની જામનગર ટ્રાન્સફર થતા આ પ્લોટનો સોદો કેન્સલ થયેલ જેની અવેજની રકમ રૂ.૧૮,૨૨,૨૨૨ નો આઈ.સી.આઈ.સી.આઈ બેંક નો ચેક મુદતે પાસ થઈ જવાના વિશ્વાસે આપેલ જે ચેક આરોપી સમીર ચારક ના બેંક ખાતામા પુરતી બેલેન્સ ન હોય ના કારણસર બાઉન્સ થયેલ જેથી ફરયાદી રાજેશ કુમાર ગુપ્તાએ તેના વકીલ મારફત નોટીશ આપી ચેક બાઉન્સ થવા અંગે માહીતી આપી ૧૫ દિવસમા રકમ ચુકવી આપવા સુચના આપવા છતા નહી ચુકવતા ફરયાદી રાજેશકુમાર ગુપ્તાએ જામનગર ચીફ.જયુડી.મેજી.ની કોર્ટમા ફરીયાદ દાખલ કરેલ જે ૭ માં એડી.ચીફ.જયુડી.મેજી. આર.બી. ગોસાઈની કોર્ટમા ચાલી જતા આરોપી સમીર સતપાલસિંઘ ચારકને એક વર્ષ ની સજા કરી ચેકની રકમ રૂ. અઢાર લાખ નો દંડ કરી ચેકની રકમ ફરયાદીને વળતર સ્વરૂપે ચુકવી આપવા હુકમ કરેલ છે.ફરયાદી તરફે વકીલ તરીકે અશોક એસ.ગાંધી રોકાયેલ હતા.

# ઇટ્રા ખાતે ઓબેસિટી માટે વ્યાયામ શિબિર

**આજકાલ કાર્યાલય**
**જામનગર**

આયુર્વેદ શિક્ષણ અને અનુસંધાન સંસ્થા જામનગર ખાતે સ્વસ્થવૃત્ત વિભાગ દ્વારા તા.૨૦ જાન્યુઆરી થી ૩૦ જાન્યુઆરી સુધી સવારે ૮ થી ૧૦ અને સાંજે ૫ થી ૭ દરમિયાન સ્થૌલ્ય (ઓબેસિટી) માટે વ્યાયામ (યંત્ર સહિત તેમજ યંત્ર રહિત) નિઃશુલ્ક શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે આ શિબિરમાં નામ નોંધણી માટે સ્વસ્થવૃત્ત વિભાગ પ્રભાબેન કાંતિલાલ સંઘવી યોગબિલ્ડિંગ, ડો. પી.એમ.મહેતા રોડ, આઈ.ટી.આર.એ. કેમ્પસ જામનગર ખાતે રૂબરૂ સંપર્ક કરવા ઈન્ચાર્જ નિયામક પ્રો બી.જે.પાટગીરી દ્વારા યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# જામનગર એસટી ડેપો ખાતે યોજાયો નેશનલ રોડ સેફ્ટી મંથ કાર્યક્રમ

## અકસ્માત નિવારવા માર્ગદર્શન અપાયુંઃ નીલ અકસ્માત ધરાવતા ડ્રાઈવરોનું કરાયું સન્માન





**આજકાલ પ્રતિનિધિ**
**જામનગર**

જામનગરના એસટી બસ સ્ટેશન ખાતે નેશનલ રોડ સેફ્ટી મંથ ૨૦૨૫નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વિભાગીય નિયામક,આરટીઓ અધિકારીઓ, ડીવાયએસપી, ટ્રાફિક પીઆઈ તેમજ ટ્રાફિકની સમગ્ર ટીમ સાથે કાર્યક્રમનું શુભારંભ થયું હતું.તેમજ આ કાર્યક્રમમાં અકસ્માત નિવારણ માટે માટે અધિકારીઓ દ્વારા સૌ લોકોને અવગત કરેલ હતા.તેમજ નિલ અકસ્માત ધરાવતા ડ્રાઈવરોનું સન્માન કરાયું હતું.

જામનગર એસટી ડેપો ખાતે તા.૧૬-૧-૨૦૨૫ ગુરૂવારના રોજ વિભાગીય નિયામક બી.સી. જાડેજા ,આરટીઓ કે.કે .ઉપાધ્યાય, ડીવાયએસપી જયવીરસિંહ ઝાલા, આરટીઓ ઈન્સ્પેકટર રૂપાણી,ડિટીઓ જે. વી. ઈશરાણી, પીઆઈ ટ્રાફિક ચાવત, ડેપો મેનેજર એન. બી. વરમોરા ,ટીઆઈ અકસ્માત સુંબડ, ટ્રાફિક શાખાની હાજરીમા નેશનલ રોડ સેફટી મંથ ૨૦૨૫ ની ઉજવણી કરી, અને સ્ટાફગણને રોડ સેફટી તેમજ અકસ્માત નિવારણ વિગતોથી અવગત કરેલ તેમજ નિલ અકસ્માત ધરાવતા જામનગર ડેપોના ડ્રાઈવરોને પ્રસંશા પત્ર અધિકારીઓ દ્વારા એનાયત કરવામાં આવ્યું હતું,વાહન સલામતીપુવર્ક ચલાવવા પ્રતિજ્ઞા લેવડાવામાં આવી હતી. તે ઉપરાંત મુસાફરો, વિદ્યાર્થીઓ અને સ્ટાફને ડ્રાઈવિંગ હેબિટ અને અકસ્માત નિવારવા માટે આર.ટી.ઓ. ટ્રાફિક વેન મારફતે વિડિયોગ્રાફિ દેખાડીને માહિતગાર કરવામાં આવ્યા હતા.

### યુનિક સવ્યમ મલ્ટીસ્ટેટ મલ્ટીર્પપઝ કો.ઓપ.સોસાયટી સામે

# એક કરોડ જેટલી રકમની ફરિયાદ મંજુર કરતું ગ્રાહક સુરક્ષા કમિશન

**આજકાલ કાર્યાલય - જામનગર**

જામનગર જીલ્લાના રહીશો મનસુખભાઈ પરમાર, દીપકભાઈ ધાહુકીયા, સુરેશભાઈ સંઘાણી, સુજીતભાઈ સુમરીયા, ગોવિદભાઈ મંગે, માયાબેન મંગે, મધુબેન મંગે, જમનાબેન ભદ્રા,પરસોતમભાઈ પરમાર,પાયલબેન નંદા, ઉષાબેન નંદા તથા વિશ્વા નંદા વિગેર કે જેઓ જામનગર માં રહે છે જેઓને યુનિક સવ્યમ મલ્ટીસ્ટેટ મલ્ટીર્પપશ કો.ઓપ.સોસાયટી દ્વારા તેઓ પાસે સારી સ્કીમ હોય અને ખુબજ સારું વળતર મળશે લોભામણી જાહેરાતો આપી અને ઉપરોકત રહીશને અલગ અલગ લોભામણી સ્કીમો આપવામાં આવેલ, અને રકમ ડીપોઝીટ કરવાનું જણાવેલ અને ડીપોઝીટની રકમ જરૂરીયાત સમયે ગમે ત્યારે રકમ એકી સાથે પરત મળી જશે તેવું જણાવવામાં આવેલ.જેથી રહીશો દ્વારા રકમ ડીપોઝીટ કરાવવામાં આવેલ અને રહીશોને ડીપોઝીટ અન્વયે સર્ટીફિકેટ આપવામાં આવેલ.

ત્યારબાદ ઉપરોક્ત સર્ટીફીકેટની મેચ્યોરીટી તારીખ થતા બધા દ્વારા સોસાયટીના જવાબદાર અધિકારીનો સંપર્ક કરેલ અને રકમની માંગણી કરેલ.જેથી અધિકારી દ્વારા ડીપોઝીટની ઓરીજીનલ રસીદ જમા કરવવાનું જણાવવામાં આવેલ. જેથી રહીશો દ્વારા ઓરીજીનલ ડીપોઝીટની રસીદ જમા કરાવી આપેલ. ઉપરોક્ત ઓરીજીનલ ડીપોઝીટની રસીદ જમા કરાવ્યા બાદ ઘણો સમય વીતી જવા છતાં સોસાઈટી દ્વારા ઉપરોકત રહીશોને ડીપોઝીટની રકમ પરત ચુકવવામાં આવેલ નહી.

જેથી ઉપરોકત રહીશો દ્વારા તેમના વકીલ મારફત યુનિક સવ્યમ મલ્ટીસ્ટેટ મલ્ટીપરપશ કો.ઓપ.સોસાયટીને કાનૂની નોટીસ મોકલવામાં આવેલ. તેમ છતાં રકમ ચુકવવામાં આવેલ નહી. જેથી નારાજ થઈ, રહીશો દ્વારા તેમનાં વકીલ મારફતે યુનિક સવ્યમ મલ્ટીસ્ટેટ મલ્ટીપરપશ કો.ઓપ.સોસાયટી વિરૂધ્ધ જામનગર જીલ્લા ગ્રાહક તકરાર નિવારણમાં અલગ-અલગ ફરિયાદ દાખલ કરવામાં આવેલ જે બધી ફરિયાદ ચાલી જતા ફરિયાદીના વકીલ દ્વારા વિસ્તૃત દલીલો કરવામાં આવેલ અને નેશનલ કમીશન, સ્ટેટ કમીશનના ચુકાદા રજુ કરવામાં આવેલ. અને જે ચુકાદા તેમજ પુરાવાઓ તથા દલીલો ધ્યાને લઈ જીલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમીશનનાં પ્રમુખ પી.સી. રાવલ તથા સભ્ય એચ.એસ.દવે દ્વારા ઉપરોકત બધા ફરિયાદીની ફરિયાદ મંજુર કરવામાં આવેલ અને બધા રહીશોને ડીપોઝીટની રકમ આશરે રૂા. એક કરોડ જેટલી રકમ થવા જાય છે જે ડીપોઝીટની રકમ વ્યાજ સહીત તથા માનસિક દુઃખ ત્રાસના તથા ફરિયાદ ખર્ચની રકમ વળતર પેટે સામાવાળા યુનિક સવ્યમ મલ્ટીસ્ટેટ મલ્ટીપરપશ કો.ઓપ.સોસાયટીએ ફરિયાદીને ચૂકવી આપવાનો હુકમ કરેલ છે. ઉપરોક્ત બધા ફરિયાદી તરફે વકીલ મયુર ડી. કટારમલ રોકાયા હતા.

# જામનગરમાં ટમેટાના ભાવ રૂા. પાંચના તળિયે પહોંચતા ખેડૂતો લાલઘૂમ

## યાર્ડમાં ટમેટા લઈ જવાને બદલે કેટલાક ખેડૂતોએ પાંજરાપોળ અને કેટલાક પશુઓના વાડામાં ફેંકી દીધાઃ કોબી અને ડુંગળીએ પણ ખેડૂતોને રોવડાવ્યાઃ અજમાના રૂા. ૪૫૦૦ સુધીના ભાવો બોલાયા

આજકાલ પ્રતિનિધિ
જામનગર

આખું વર્ષ સુધી મહેનત કર્યા બાદ ક્યારેક એવું બને છે કે ટમેટા, ડુંગળી કે કોબી જેવા શાકભાજીના ભાવો ખેડૂતોને મળતા નથી, જે મહેનત કરી હોય, તેના પર પાણી ફરી વળે છે, માર્કેટીંગ યાર્ડ સુધી પોતાનો માલ વેચવા માટે પણ લઈ જવામાં નુકશાની થાય છે, હાલમાં એવું જ બન્યું છે કે, યાર્ડમાં ટમેટાના એક કિલાના રૂા. પાંચ, કોબીના રૂા. ૩ થી ૪ ભાવો થઈ જતાં ખેડૂતોને ભારે આર્થિક નુકશાનીનો ફટકો સહન કરવો પડ્યો છે, માર્કેટીંગ યાર્ડમાં અજમાની પણ વિક્રમી આવક થઈ છે અને તેના ભાવ રૂા. ૨૦૦૦ થી લઈને ૪૫૦૦ સુધીના બોલાયા હતા.

છેલ્લા કેટલાક સમયથી ટમેટાના ભાવોમાં ઘટાડો થયો છે, ૧૫ દિવસ પહેલા ટમેટા રૂા. ૬૦ થી ૭૦ ના કિલો લેખે બજારમાં મળતા હતા અને યાર્ડમાં રૂા. ૨૫ થી ૩૦ ના કિલો લેખે સોદા પડતા હતા, પરંતુ હવે વાસ્તવિકતા ઉલ્ટી થઈ ગઈ છે, ટમેટાના ૨૦ કિલોની ભારીના રૂા. ૧૦૦ બોલાતા ખેડૂતોને ભારે આર્થિક નુકશાની થઈ છે, કેટલાક


(તસવીર : મિતેષ દાઢીયા)

યાર્ડોમાં તો ડુંગળીના ૭૦ થી ૧૦૦ સુધીના ભાવ બોલાતા તેમાં પણ નુકશાની ગઈ છે, કારણ કે ડુંગળી તો લાંબો સમય રાખી શકાતી નથી, મને કમને તૈયાર થયેલો પાક માર્કેટીંગ યાર્ડમાં વેચવો પડે છે.

ગામડામાંથી માર્કેટીંગ યાર્ડ સુધી ટમેટા કે ડુંગળી લઈ જવા માટે ટ્રાન્સપોર્ટેશન ખર્ચ પણ ભોગવવો પડે છે અને આ ખર્ચ એટલો બધો વધી જાય છે કે, ત્યાં ટમેટા કે ડુંગળી વેચી હોય તેના રૂપિયા કરતા પણ વધી જાય છે, એટલે લોકો ગામમાં પશુવાડા, પાંજરાપોળ કે અન્ય જગ્યાએ તૈયાર થયેલ ડુંગળી, ટમેટા ઠાલવી દયે છે અને ખેડૂતોની સ્થિતિ ધીરે ધીરે દયનીય બની ગઈ છે.

હાપા માર્કેટીંગ યાર્ડમાં ગઈકાલે અજમાની ૪૩૧૮ મણ આવક થઈ હતી અને ૧૦૬૯ ખેડૂતોએ વિવિધ હરરાજીમાં ભાગ લીધો છે, યાર્ડના સેક્રેટરીના જણાવ્યા મુજબ અજમાના રૂા. ૨૦૦૦ થી ૪૫૦૦ સુધીના ભાવો બોલાયા હતા, ખેડૂતોને આ ઉપજના સારા ભાવ મળ્યા હતા, કપાસ ૭૪૦૦, લસણ ૨૩૩૧ મણની આવક જોવા મળી હતી.

માર્કેટીંગ યાર્ડમાં ઘઉં ૨૮૮ મણ, અડદ ૭૩, એરંડા ૯૬૦, ચણા ૧૭૩, લસણ ૨૩૩૧, જીરૂ ૧૨૩૩, અજમાની ભુસી ૨૫૩૩, ધાણા ૩૬૮, સુકી ડુંગળી ૨૭૭૪, મરચાં ૩૫૦, સોયાબીન ૧૯૦, મણની આવક થઈ હતી, તેમાં ઘઉંના રૂા. ૫૮૦ થી ૬૬૧ સુધીના ભાવ બોલાયા હતા, અડદના ભાવ રૂા. ૧૧૫૦ થી ૧૫૫૦ વચ્ચે રહ્યા હતા, જ્યારે ચણા ૧૨૦૦ થી ૧૨૨૦, ઝીણી મગફળી ૯૦૦ થી ૧૧૧૦,

અનુ. પાના નં. ૪ પર

# જામનગરમાં ૨૧ વર્ષના યુવાનનું હૃદય બંધ પડી જવાથી મૃત્યુ

## નિંદ્રાવસ્થામાં પ્રાણપંખેરૂ ઉડયું : પરિવારમાં શોકની લાગણી

આજકાલ પ્રતિનિધી
જામનગર

જામનગરના ભીમવાસ વિસ્તારમાં રહેતા માત્ર ૨૧ વર્ષના એક યુવાનનું બેશુધ્ધ અવસ્થામાં હૃદય બંધ પડી જવાથી મૃત્યુ નીપજતાં ભારે અરેરાટી પ્રસરી છે. યુવાન પોતાના ઘરે સુતો હતો અને ઉઠાડતા તે ઉઠેલ નહી આથી સારવાર માટે હોસ્પીટલ લઈ જતા જ્યાં ફરજ પરના તબીબે મૃત્યુ થયાનું જણાવ્યુ હતું.

જામનગરના નવાગામ ઘેડ નજીક ભીમવાસ શેરી નંબર ૩માં રહેતા વિવેક કાંતિભાઈ ખીમસુરીયા નામના ૨૧ વર્ષના યુવાનને તેની માતાએ નિદ્રાધીન અવસ્થામાં ઉઠાડતાં પોતે ઉઠયો ન હતો, અને બેભાન અવસ્થામાં હોય તેથી તેને તાત્કાલિક અસરથી સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલમાં લઈ જવાયો હતો, ત્યાં ફરજ પરના તબીબે તેનું મૃત્યુ નીપજ્યું હોવાનું જાહેર કર્યું હતું.

આ બનાવ અંગે મૃતકના પિતા કાંતિભાઈ મોહનભાઈ ખીમસુરીયાએ પોલીસને જાણ કરતાં સીટી બી. ડિવિઝનના પોલીસ હેડ કોન્સ્ટેબલ બી.બી. જાડેજા હોસ્પિટલમાં દોડી ગયા હતા, અને યૂવકના મૃતદેહનો કબજો સંભાળી પોસ્ટ મોર્ટમ કરાવ્યું છે. યુવાનના મૃત્યુથી પરિવારમાં શોકની લાગણી ફેલાઈ જવા પામી છે, તાજેતરમાં જુદા જુદા ૩ થી ૪ બનાવમાં હૃદય બંધ પડી જવાથી યુવાનોના મૃત્યુ નિપજ્યા હતા દરમ્યાન વધુ એક યુવાનનું હૃદય બંધ પડી જતા પ્રાણપંખેરૂ ઉડયું છે.

# જામનગર નજીક બે બાઈકની ટક્કરમાં એક યુવાનનું કરૂણ મોત

## દરેડ જીઆઈડીસીમાં કારખાને જતી વેળાએ અકસ્માત નડયો : પરિવારમાં ગમગીની

આજકાલ પ્રતિનિધી
જામનગર

જામનગર–ખંભાળીયા બાયપાસ પેશાવરીયા કારખાના પાસેના હાઈવે પર સર્જાયેલા ગંભીર અકસ્માતમાં એક મોટરસાયકલના ચાલક સામે ફરીયાદ કરવામાં આવી છે. બાઈક લઈને કારખાને જઈ રહેલા યુવાનને અન્ય બાઈક ચાલકે ઠોકર મારતા ગંભીર ઈજાથી યુવકનો ભોગ લેવાયો હતો.

જામનગરના નીલકમલ સોસાયટી પાછળ રહેતા કારૂભાઈ લક્ષમણભાઈ પરમાર (ઉ.વ.૬૩) નામના વૃધ્ધે ગઈકાલે પંચ–બીમાં મોટરસાયકલ નં.

અનુ. પાના નં. ૪ પર

# મીઠોઈ ગામમાં યુવાને ગળાફાંસો ખાઈ જીવાદોરી ટુંકાવી લીધી

## સગાઈ કે લગ્ન થતા ન હોવાથી પગલુ ભરી લેતા શોકની લાગણી

આજકાલ પ્રતિનિધી
જામનગર

મૂળ ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના ચીડિવાવ ગામના વતની અને હાલ લાલપુર તાલુકાના મીઠોઈ ગામમાં રહેતા અને મજૂરી કામ કરતા દેવરાજભાઈ પાલાભાઈ ખટાણા નામના ૨૯ વર્ષના યુવાને પોતાના ઘેર પંખાના હુકમાં પ્લાસ્ટિકની દોરી બાંધી ગળાફાંસા દ્વારા આત્મહત્યા કરી લીધી હતી.

જે બનાવ અંગે મૃતકના મોટાભાઈ અરજણભાઈ પાલાભાઈ ખટાણાએ પોલીસને જાણ કરતાં મેઘપર પોલીસ બનાવના સ્થળે જઈ પ્રાથમિક વિગતો મેળવી હતી અને મૃતદેહનો કબજો સંભાળી પોસ્ટ મોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી હતી.

પોલીસની પૂછપરછ દરમિયાન મૃતકના લાંબા સમયથી સગાઈ કે લગ્ન થતા ન હોવાના કારણે પોતે છેલ્લા પાંચ છ મહિનાથી ગુમસુમ રહેતો હતો, અને તેના કારણે આપઘાત કરી લીધો હોવાનું પોલીસ સમક્ષ જાહેર થયું છે.

# જામનગરમાં ૪૦ કીમીની ઝડપે બર્ફીલો પવન ફૂંકાયો

## ઠેર–ઠેર તાપણા શરૂઃ આજે સવારે પણ ટાઢોડાના વાતાવરણથી લોકો હેરાન–પરેશાનઃ હજુ ચાર દિવસ ઠંડીનો વાયરો રહેશે તેવી હવામાન ખાતાની આગાહી

આજકાલ પ્રતિનિધિ
જામનગર

જામનગર સહિત સમગ્ર હાલારમાં ગઈકાલ સાંજથી હવામાનમાં ભારે પલ્ટો આવ્યો છે, ૪૦ કિ.મી.ની ઝડપે બર્ફીલો પવન ફુંકાઈ રહ્યો છે, આજે સવારે પણ વાતાવરણ ઠંડુગાર બની ગયું છે, લઘુતમ તાપમાન ૧૩ ડીગ્રી છે, પરંતુ ભારે પવનને કારણે જનજીવનને માઠી અસર થઈ છે, આગામી ચાર દિવસ સુધી જામનગર સહિત હાલાર ઠંડુગાર બની રહેશે તેવી હવામાન ખાતાએ આગાહી કરી છે. લોકો ગરમ કપડામાં ઢબુરાયા છે, સવાર–સાંજ મુસાફરોની સંખ્યા ઘટી ગઈ છે.

કલેકટર કચેરીના કન્ટ્રોલ રૂમના જણાવ્યા મુજબ લઘુતમ તાપમાન ૧૩ ડીગ્રી, મહત્તમ તાપમાન ૨૫ ડીગ્રી, હવામાં ભેજ ૬૧ ટકા, પવનની ગતિ ૩૫ થી ૪૦ કિ.મી.પ્રતિકલાક રહી હતી. ગામડાઓમાં ખેતીકામ કરતા મજુરો તેમજ પશુ–પક્ષીઓને પણ ઠંડીની ભારે અસર પડી છે. જ્યાં જુઓ ત્યાં ઠાર હી ઠાર જેવું વાતાવરણ જોવા મળ્યું છે. આ વખતે સતત એક મહીનાથી ઠંડીનો માહોલ જામ્યો છે, એમાંય ખાસ કરીને અઠવાડીયાથી ઠંડીથી લોકો તોબા પોકારી ગયા છે અને હજુ પણ ચારેક દિવસ ઠંડી વધવાની આગાહી હોય લોકો ચિંતામાં મુકાઈ ગયા છે.

ભારે શીત લહરને કારણે શહેર અને જિલ્લામાં કડકડતી ઠંડીથી પશુ–પંખીને પણ અસર થઈ છે, ૪૦ કિ.મી.ની ઝડપે ઠંડો પવન ફુંકાઈ રહ્યો છે, ગામડાઓમાં પણ ઠેર–ઠેર તાપણા શરૂ થયા છે. ઠંડીને કારણે જામનગરમાં કાવો, ચા, કોફી, ગાંઠીયા, ભજીયા સહિતની ચીજવસ્તુના વેંચાણમાં ભારે વધારો થયો છે. ખાસ કરીને શિયાળુ પાક માટે ખેતરમાં કામ કરતા મજુરોને પણ ઠંડીની અસર થઈ છે.

હવામાન ખાતા દ્વારા આગામી દિવસોમાં જામનગર સહિત સૌરાષ્ટ્રમાં કોલ્ડવેવની આગાહી કરવામાં આવી છે. ગામડાઓમાં ઠંડીને કારણે બજારો વ્હેલી બંધ થઈ જાય છે અને જામનગર શહેરમાં પણ ઠંડીની ભારે અસર જોવા મળી છે. ગઈકાલ સાંજથી કાલાવડ, ખંભાળીયા, જામજોધપુર, ધ્રોલ, જોડીયા, લાલપુર, ભાણવડ જેવા તાલુકા મથકોએ પણ ઠંડીનું જોર વધી રહ્યું છે, જો કે આ વખતે ઠંડી એક મહીનો મોડી શરૂ થઈ છે પણ હકીકત છે. લોકોએ સ્વેટર, મફલર, ટોપી સહારો લીધો છે અને ખાસ કરીને ઠંડીની અસરને કારણે શરદી, ઉધરસ, તાવના પણ કેસો વધ્યા છે.

આગામી દિવસોમાં ઠંડીનો ચમકારો વૃધે તેવી પુરી શકયતા છે. ભારે ઠંડીને કારણે વ્હેલી સવારના સ્કુલે જતાં બાળકોને સારી એવી મુશ્કેલી પડે છે. જામનગર જિલ્લાના ગામડાઓમાં પણ રાત્રીના ૮ વાગ્યે બજારો સુમસામ થઈ જાય છે અને ગામડામાં પણ ઠેર–ઠેર તાપણા જોવા મળ્યા છે.

## હવે આયુર્વેદ અને હોમીયોપેથીના તબીબો એલોપેથીની પ્રેકટીસ કરી શકશે નહીં

# જામનગરમાં હોમીયોપેથીક, આયુર્વેદ, એલોપેથીકના તબીબો પોતાના અભ્યાસક્રમ મુજબ જ પ્રેકટીસ કરી શકશે

## જામનગર જિલ્લામાં બોગસ ડોકટરોના નિયંત્રણ માટે રચાયેલી મોનીટરીંગ કમીટીને આરોગ્ય વિભાગ તરફથી પત્ર અપાયો

આજકાલ પ્રતિનિધિ
જામનગર

છેલ્લા ઘણા સમયથી શહેર–જિલ્લામાં અને રાજયમાં બોગસ તબીબો પકડાવાના કિસ્સા બની રહ્યા છે ત્યારે આ દિશામાં આરોગ્ય વિભાગ તરફથી એક મહત્વનું પગલું લેવામાં આવ્યું છે, એક પરીપત્ર પાઠવવામાં આવ્યો છે જેમાં સ્પષ્ટ લખવામાં આવ્યું છે કે, હોમીયોપેથીક, આયુર્વેદ અને એલોપેથીના તબીબો પોતાના અભ્યાસક્રમ મુજબ જ પ્રેકટીસ કરી શકશે. મતલબ કે હવે આયુર્વેદ અને હોમીયોપેથીના તબીબો એલોપેથીના પાટીયા લગાડીને ઘોડા ડોકટરી કરી શકશે નહીં, આ સંબંધે જરૂર જણાય પોલીસને જાણ કરવાની પત્રમાં ભલામણ કરવામાં આવે છે.

હોમીયોપેથીક તબીબોની સેવા બાબતે તેઓ તબીબો કાઉન્સીલનું રજીસ્ટ્રેશન ધરાવતા હોય જેમની પાસે માન્ય શૈક્ષણીક લાયકાત છે જેથી તેઓ બોગસ તબીબી ગણતા નથી તેવા સંદર્ભના પત્ર પ્રમુખ કાઉન્સીલ ઓફ હોમીયોપેથીક સિસ્ટમ ઓફ મેડીસીન ગુજરાત રાજ્ય અમદાવાદના પત્ર નંબર જીએચસી-હો. વ્યવસાય/૩૪૧૨/૨૦૨૪ તા.૧૭-૧૨-૨૪ના પત્રમાં જણાવ્યા અનુસાર આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગના પરીપત્ર ક્રમાંક જીએમસી ૧૦૨૦૦૩/૧૫૪૮-છ તા.૨૨-૫-૨૩થી રાજયમાં તબીબી વિદ્યા શાખામાં અભ્યાસ પૂર્ણ કર્યા બાદ તબીબી વ્યવસાય કરવા માટે લગત બોર્ડ કાઉન્સીલના વ્યવસાય તરીકેની ગુજરાત મેડીકલ કાઉન્સીલ અધિનીયમ ૧૯૬૭, ગુજરાત મેડીકલ પ્રેકટીસનર અધિનીયમ ૧૯૬૭ અને ગુજરાત હોમીયોપેથીક અધિનિયમ ૧૯૬૩ મુજબ આ અધિનિયમની હેઠળ નોંધણી કરાવનાર સિવાય કોઈપણ રજીસ્ટ્રેશન વગર તબીબી વ્યવસાય વગરના તબીબી વ્યવસાય કરનાર બોગસ છે.

આવા તબીબોને મેડીકલ પ્રેકટીસનર અધિનિયમ ૧૯૬૭ની કલમ ૨૦, ૩૦ તથા ૨૫ ગુજરાત હોમીપોપેથીક અધિનિયમ ૧૯૬૩ની કલમ ૩૩ તથા ગુજરાત મેડીકલ કાઉન્સીલ અધિનિયમ ૧૯૬૭ની કલમ ૨૯ હેઠળ કાયદેસર કામ ચલાવવા માટે પાત્ર ઠરે છે, પરંતુ સરકારના આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગના પરીપત્ર ૧૦૨૦૦૩/૩૧૦૭/છ અને ૪૭૨૬ના જણાવ્યા મુજબ જીએમસી પરીપત્ર ૧૦૨૦૦૩/૧૫૪૮/છ તા.૨૨-૫-૨૦૦૩ના પરીપત્રનો પેટા ફકતો તાત્કાલીક અસરથી રદ કરવામાં આવે છે જે મુજબ હવેથી જે તે વિદ્યા કક્ષાના સ્નાતકો હોય એલોપેથીક, આયુર્વેદ, હોમીયોપેથીક તેમના અભ્યાસક્રમ મુજબ જ પ્રેકટીસ કરી શકશે જે લગત પોલીસ સ્ટેશનને જાણ કરી તે મુજબ કાર્યવાહી કરવી તેમ જણાવાયું છે.

REQUIRED
♦ Computer Data Entry Operator - 02 (M)
Qualification :- B.Com ♦ Experience :- Fresher / 1-2 Year's
Salary :- Depends On Interview ♦ Shift :- 12 Hrs (Day & Night Shift)
♦ Maintenance Technician - 04
Qualification :- ITI / Diploma / B.E (Electrical / Mechanical / Fitter)
Experience :- Fresher / 1-2 Year's
Salary :- Depends On Interview ♦ Shift :- 12 Hrs (Day & Night Shift)
Send your Resume on WhatsApp 9099990424
Email : hr@visionnonwovens.com
Vision Nonwovens Pvt. Ltd.
Vision Industrial Park, Plot No.2, R.S. 639, Road No.6, Vill. Changa, Jamnagar

# જામનગરમાં ફાઈનાન્સની ઓફિસમાં ક્રિકેટનો સટ્ટો રમતા ત્રણ પકડાયા

## ખોડીયાર કોલોનીમાં પોલીસનો દરોડો : રોકડ, મોબાઈલ મળી ૩.૭૦ લાખનો મુદામાલ કબ્જે : મુખ્ય બુકીનું નામ ખુલ્યું

આજકાલ પ્રતિનિધી
જામનગર

જામનગરમાં ખોડીયાર કોલોની વિસ્તારમાં આવેલી એક ફાઈનાન્સની ઓફિસમાં મોબાઈલ ફોનની ક્રિકેટની આઈડી પરથી હારજીતનો સટ્ટો રમી રહેલા ત્રણ શખ્સોને પકડી પાડ્યા છે અને તેઓ પાસેથી રૂપિયા સાડા ત્રણ લાખની કિંમતના મોબાઈલ ફોન સહિતનું ક્રિકેટના સટ્ટાનું સાહિત્ય કબજે કર્યું છે. જ્યારે સોદાની કપાત કરનાર મુખ્ય બુકીને ફરારી જાહેર કર્યો છે.

જામનગરના સીટી સી. ડિવિઝનના પીઆઈ જે.જે. ચાવડાની સુચનાથી સ્ટાફ પેટ્રોલીંગમાં હતો ત્યારે એવી બાતમી મળી હતી, કે ખોડીયાર કોલોની વિસ્તારમાં આવેલા આશાપુરા કોમ્પલેક્ષમાં ક્રિષ્ના ફાઈનાન્સ નામની ઓફિસમાં કેટલાક શખ્સો એકત્ર થઈને મોબાઈલ ફોન મારફતે ક્રિકેટનો સટ્ટો રમી રહ્યા છે. જે બાતમીના આધારે ગઈકાલે સાંજે દારોડો પાડવામાં આવ્યો હતો.

જે દરોડા દરમિયાન ત્રણ શખ્સો જુદા જુદા મોબાઈલ ફોનની ક્રિકેટની આઈ.ડી. પર બાંગ્લાદેશમાં રમાઈ રહેલી ક્રિકેટ ટુર્નામેન્ટ પર હારજીત કરતા મળી આવ્યા હતા. તેથી પોલીસે ફાઈનાન્સ ઓફિસના સંચાલક અને મેહુલનગર ૮૦ ફુટ રોડ વૃંદાવન સોસાયટી શેરી નં. ૨માં રહેતા ચિરાગ સુરેશભાઈ આહીર, દિ.પ્લોટ ૨૯, એમ્પાયર ટાવર સામે રહેતા રવિ નવીનભાઈ ગોરી અને ૮૦ ફુટ રીંગ રોડ, ગ્રીન રેસીડેન્સી ખાતે રહેતા સિકંદર ઈસ્માઈલભાઈ દલવાણીની અટકાયત કરી લીધી છે.

તેની પાસેથી જુદા જુદા ચાર નંગ કિંમતી મોબાઈલ ફોન અને ૨૦,૦૦૦ની રોકડ રકમ સહિત કુલ રૂપિયા ૩,૭૦,૦૦૦ની માલમતા કબજે કરી છે. પોલીસની પૂછપરછ દરમિયાન જામનગરના ખોડીયાર કોલોની વિસ્તારમાં રહેતા મહેન્દ્રસિંહ પરાક્રમસિંહ રાણા નામના મુખ્ય બુકી સાથે ક્રિકેટની આઈડી પર સોદાની કપાત કરતા હોવાથી પોલીસે તેને ફરારી જાહેર કર્યો છે. ચારેયની સામે સીટી–સી ડીવીઝન પોલીસ સ્ટેશનમાં જુગારધારા મુજબ ફરીયાદ દાખલ કરવામાં આવી છે.

